# Chap-2

## પ્રકરણ – ૨ :

## વાડીલાલ – પત્રકારના સ્વાંગમાં

"એક પેપર ચલાવવું તે એક રાજ્ય ચલાવવા બરાબર છે. એમાં અનેક બાબતની પ્રવીણતા અને બાતમી મેળવવી પડે છે; કારણકે તંત્રીએ ઘણું વાંચવાનું હોય છે, ઘણું જોવાનું હોય છે, ઘણું વિચારવાનું હોય છે, ઘણું જાહેર કરવાનું હોય છે અને ઘણું કરી બતાવવાનું હોય છે."[1] એવું કહેનારા વાડીલાલ શાહે પોતે એક નીડર તેમજ આગિયા પત્રકાર તરીકેનો પાઠ અનોખી રીતે જીવનભર ભજવી બતાવ્યો હતો. એમ હોઈ સહેજે પ્રશ્ન સ્ફુરે કે પત્રકારત્વના ઉચ્ચ સોપાનને સ્પર્શવા માટે તેમણે કેવા કેવા પ્રયત્નો આદર્યા હતા, જે પ્રયત્નોને પરિણામે તેઓ છેવટે વિજયને વરી શકયા. ઉપરાંત એ પત્રકારત્વને પંથે પળવાનો જીવનમંત્ર કોણે, કયા સંજોગોમાં અને કેવી રીતે એમને આપ્યો એ જાણ્યા સિવાય એમની પત્રકારત્વની ભાવનાને ભાગ્યેજ સ્પર્શી શકાય. તેને લગતી એક વાત શ્રી ત્રિભુવન હેમાણીએ આલેખી છે તે આ રહી:-

---

૧. "જૈનહિતેચ્છુ" : સને ૧૯૧૪ : નવેમ્બર-ડિસેમ્બર : પૃ. ૮૫૨, આ વિચારકણિકા સાથે અંગ્રેજ લેખક ટોમસ કાર્લાઇલની નીચેની ચિંતનિકા સરખાવી જોવા જેવી છે: Great is journalism. Is not every able editor a ruler of the world, being the persuader of it?' ('French Revolution': Bk.1:Ch-4)

મહાપુરુષો હંમેશાં એક સરખું વિચારતા હોય છે એ ખરું લાગે છે.

"વા. મો. શાહ મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરીને ગુજરાત કોલેજના પહેલા વર્ષમાં દાખલ થયા એ સમયે અંગ્રેજી શિક્ષણની સાથોસાથ ધાર્મિક સંસ્કારની છાપ તો તેમને છેક નાની ઉંમરથી મળતી રહેલી હોવાથી તેઓ સાધુસંતોની મુલાકાતનો પ્રસંગ મળે તેવી કોઈપણ તક જતી કરતા નહિ. એવી એક મુલાકાત નિમિત્તે તેમને એક સંતપુરુષનો સમાગમ થયો. તે સંતના જિગરમાં સમાજમાં ઘર કરી રહેલા અંધેર તેમજ સંકુચિત મનોવૃત્તિ માટે ઊંડો ખોફ ઝળહળી રહ્યો હતો. જ્યાં જ્યાં તેઓ વિચરતા ત્યાં ત્યાં તેના હૃદયમાં જલી રહેલી આગ બળબળતા શબ્દો દ્વારા યુવકો સમક્ષ તેઓ રજૂ કરતા અને સમાજનું દળદર ફિટાડવાના અનેક રસ્તાઓનું સૂચન પણ તેઓ કરતા. એજ રીતે મૂછનો દોરો પણ હજુ જેને ફૂટયો નહોતો એવા યુવક વાડીલાલને એ સંતપુરુષે તેમના દિલમાં ધખી રહેલી ધગશનું અંતરદર્શન કરાવ્યું. એ મહાપુરુષનું નામ મુનિશ્રી છગનલાલજી મહારાજ હતું. એ મુનિની વાણીના પ્રવાહને યુવક વાડીલાલ શાંતચિત્તે ઝીલી રહ્યો, પરંતુ એ સાધુવરની વિદાય લેતાં જ તેના હૃદયમાં અનેક પ્રકારના તરંગોનું દ્વન્દ્વ આરંભાયું. પરિણામ એ આવ્યું કે તે વખતથી વાડીલાલ શાહને તેના જીવનમંત્રની સાચી પ્રેરણા મળી જવા પામી એટલે જૈન સમાજમાં ઉદારચિત્ત વિચારોનો ફેલાવો કરવાના ઉચ્ચ આશયથી એક માસિકપત્રને પ્રગટાવવાની પરવાનગી તેમના વડીલ પાસે માગી; પરંતુ કોલેજજીવન દરમ્યાન વિદ્યાભ્યાસ કરતાં કરતાં સાથોસાથ પોતાનો પુત્ર જાહેર જિંદગીમાં પડે એ મોતીલાલ શાહને ઉચિત લાગ્યું નહિ એટલે પોતે જ

કમર કસીને "જૈનહિતેચ્છુ" માસિકના સંચાલનનો સઘળો ભાર સ્વીકારી લીધો".[૨]

પત્રકારત્વને લગતી પ્રેરણા મળવાનો બીજો પ્રસંગ પણ નોંધી લેવા જેવો છે. સદરહુ "જૈનહિતેચ્છુ"નું પ્રકાશન શરૂ કર્યા પછી એટલે કે પાંચ છ વર્ષના ગાળા દરમ્યાન વા.મો.શાહને એવી પ્રેરણા થઇ આવી કે સાધુમાર્ગી જૈનોની એક કોન્ફરન્સ સ્થપાય તો એ દ્વારા જનસાધારણને લખતાં - વાંચતા-વિચારતાં કરવી શકાય અને એરીતે ઉન્નતિના પથ પર તેઓ સરળતાથી વિચરી શકે એવું બનવા પામે. એ દૃષ્ટિબિંદુને લક્ષમાં રાખીને તેઓએ સ્થાનકવાસી જૈનોનું સંગઠન થઇ રહે એટલા ખાતર લોકકેળવણી નિમિત્તે વિવિધ લખાણો પોતાના માસિક પત્રમાં લખવા માંડયાં. એવાં લખાણ પ્રસિધ્ધ થતાં ગયાં તેમ તેમ તેની ચમત્કારિક અસર જનસમાજના માનસ પર થવા લાગી; કારણ કે એ વિચારણાને મૂર્ત સ્વરૂપ આપવા માટે સમગ્ર ભારતવર્ષનાં જુદા જુદા સ્થળે પથરાઇ રહેલા સ્થાનકવાસી જૈનોના આગેવાનો સાથે તેમજ સામાજિક અને ધાર્મિક મંડળો ઉપરાંત સંઘો સાથે પત્રવ્યવહાર કરવાની તેમને તક મળવા પામી. સારાયે જૈન સમાજમાં એ પ્રશ્ને ખૂબ હોહા જન્માવી. સંકુચિતવૃત્તિ ધરાવનારા તેમજ જૂનવાણી પધ્ધતિને

---

૨. શ્રી ત્રિભુવન વી.હેમાણી સંપાદિત "વા.મો.શાહનું રાજકારણ" :આવૃત્તિ પહેલી : સને ૧૯૬૧ : માં "ગરવી ગુજરાતનો વણપોંખ્યો ફિલસૂફ પત્રકાર : વા.મો.શાહ"; પૃ. ૬ અને "કોન્ફરન્સની ચડતી પડતીનો ઇતિહાસ" :આવૃત્તિ પહેલી: સને ૧૯૪૧ : ; પૃ. ૧૨-૧૩.

વરેલા સ્થા. જૈનોને એ વિચારણા તરફ નહિ જેવું જ આકર્ષણ થયું, પરંતુ અંગ્રેજી કેળવણીને પ્રતાપે નવા વિચારને વરેલાઓને તેમની એ વિચારયોજના ખૂબ જ પસંદ પડી ગઈ. પરિણામ એ આવ્યું કે પૂના શહેરની જૈન સમાજ તરફથી વા. મો. શાહને લોકકેળવણીનો પ્રચાર કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું. એ શહેરની મુલાકાત લેતી વખતે ત્યાંના જૈનસમાજે લોકમાન્ય બાળગંગાધર તિલકના પ્રમુખપણાનીચે એક જંગી જાહેર મેળવડો યોજીને વા. મો. શાહને માનપત્ર અને "પર્સ" એનાયત કર્યાં. અધ્યક્ષપદેથી ખુદ લોકમાન્યે એ પત્રકારની કલમ તેમજ પ્રવૃત્તિ માટે જાહેરમાં તારીફના શબ્દો ઉચ્ચાર્યાં હતા. એ સઘળું નિહાળીને યુવાન વાડીલાલનું હૃદય વિચારને ઝોલે ચઢી ગયું. એ સેવાકાંક્ષી પત્રકારને સ્પષ્ટરૂપે સૂઝી આવ્યું કે કોઈ ખાસ વિશિષ્ટ તેમજ કલ્યાણકારી કાર્ય કર્યા સિવાય એવા જબરા માનનો યશ ખાટી જવો એ તાત્ત્વિક દૃષ્ટિએ દેવું કરવા બરાબર ગણાય. તેથી સદરહુ માનપત્રનો સ્વીકાર કરતી વખતે પોતે સમાજસેવા નિમિત્તે કોઈ ખાસ પ્રવૃત્તિ જોરશોરપૂર્વક આદરી ન શકવા માટે એમના હૃદયમાં એક પ્રકારના ખેદનો અનુભવ થયો; પરંતુ બીજી જ પળે "એ ખેદ પર જયના કિરણો સ્થાપીને એ સમાજસેવકે સભા સમક્ષ પોતાની પ્રતિજ્ઞાની જાહેરાત કરવાની હામ ભીડી કે હવે પછી પોતે વહેલીતકે એક હિંદી–ગુજરાતી સાપ્તાહિક પત્ર શરૂ કરનાર છે. પોતાની એ પ્રતિજ્ઞાના પાલન નિમિત્તે તેમણે સ્થા. જૈનોના જીવનને ઉદ્દેશીને ઉચ્ચીકરણનો સંદેશો પાઠવવા સારુ "જૈનસમાચાર" નામનું સાપ્તાહિક પત્ર એ સમાજની કોન્ફરન્સના પ્રથમ અધિવેશનના દિવસે જ એટલે કે

તા. ૨૬-૨-૧૯૦૬ ના રોજ મોરબી મુકામેથી જ પ્રગટ કરવાનું સાહસ ખેડીને સદરહુ પત્રનો પહેલો અંક અમદાવાદમાં છપાવી તૈયાર કરાવીને પ્રસિધ્ધ કર્યો. પરિણામ એ આવ્યું કે સ્થા.જૈન સમાજને સાચી પ્રેરણાના "ડોઝ" પાનારું એક અઠવાડિક પત્ર મળી જવા પામ્યું.

પત્રકારના જીવનનો અંચળો પહેરીને વા.મો.શાહે સમય પસાર થતો ગયો તેમ તેમ જીવનના ઉર્ધ્વીકરણ તરફ પગલાં ભરવા માંડયાં અને અવનવી વિચારણાના ગંજના ગંજ સ્થા.જૈનો સમક્ષ રજૂ કરવાનું ચાલુ રાખ્યું. પત્રકારના જીવન દરમ્યાન વિચારવિકાસનાં અનેક સોપાનો તેમને ચઢવાં પડયાં એટલે તેમની સમગ્ર વિચારણામાં વાચક-વર્ગને વિરોધાભાસનો સંશય ન આવે એટલા માટે એમના જીવનમાં ત્રણ વિવિધ તબક્કાઓની નોંધ લેવી વધુ ઉચિત રહેશે.

પહેલો તબક્કો સને ૧૮૯૯ થી ૧૯૧૨ સુધીનો હતો. "જૈન-હિતેચ્છુ" માસિકપત્રની શરૂઆત એપ્રિલ ૧૮૯૯ થી વા.મો.શાહના પિતા મોતીલાલ મનસુખરામના તંત્રીપદે કરવામાં આવી હતી. ઉપર્યુક્ત સમયગાળા દરમ્યાન વાડીલાલ શાહે માત્ર સ્થા.જૈનોને જ લક્ષમાં રાખીને પ્રગતિના પાઠ શીખવવાનું ચાલુ રાખ્યું હતું. સ્થા. જૈન ધર્મના એક અભ્યાસી તરીકે તેમણે પત્રકાર-જીવન શરૂ કર્યું પરંતુ સને ૧૯૧૨ સુધીમાં તેમને જુદા જુદા અનેક વિચારકોનાં પુસ્તકો વાંચવા પડયાં તેથી પોતાનું ક્ષેત્ર તેમને સાંકડું લાગ્યું. ત્યાંથી એમના વિચારજીવનનો બીજો તબક્કો શરૂ થયો. સારાયે જૈન સમાજને

વિચારતો કરવા માટે એમણે અથાગ પ્રયત્નો કર્યા અને પ્રગતિભર્યા જીવનમાં વિવિધ મૂલ્યોનું અર્થઘટન કરવાનું સાહસ ખેડયું તેથી નવીન વિચારસરણી ધરાવતા લોકોએ તેને આવકાર્યું પણ જૂનવાણી વિચારસરણી ધરાવતા મોટા વર્ગને તેમનાં મૂલ્યાંકનો પસંદ પડયાં નહિ અને એ પત્રકારને વિરોધનો સારો સરખો અનુભવ થવા પામ્યો. ત્રીજો તબક્કો સને ૧૯૧૭ થી શરૂ થયો જ્યારે એમણે સારાયે જનસમાજને કેન્દ્રમાં રાખી પોતાના વિચારો પ્રદર્શિત કર્યા.

એ માસિકપત્રના સ્વરૂપને સમજવા માટે તેના પ્રત્યેક અંકના મુખપૃષ્ઠ ઉપર જે પરિચયાત્મક વાકયો અને શબ્દસમૂહોને રજૂ કરવામાં આવતા હતા તેનો ઉલ્લેખ અહીં કરી લેવાનું ઉચિત માન્યું છે. એમ કરવા જતાં પુનરઉલ્લેખ ન થવા પામે માટે વારંવાર આવતાં વાકયોને એકજ વખત આપવાનું રાખ્યું છે:-

૧. 'त्रिवर्गसंसाधनमंतरेण, पशोरिवायुर्विफलं नरस्य।
तत्रापि धर्मं प्रवरं वदंति, नतं विनायद्भवतोर्थकामौ ॥'

'Religion! What treasures untold
Reside in that <u>heavenly</u> word,
More precious than silver or gold
Or all that this earth can afford!

-- <u>Cowper</u>.

["જૈ. હિ. સને ૧૯૦૦ : ઓકટોબર : મુખપૃષ્ઠ]

૨. "જૈનહિતેચ્છુ" જગતમાં, જૈને જૈની દ્વાર;
શિખ, સુધારો ને ખબર, જણવે શાસ્ત્રવિચાર."
[જૈ. હિ. સને ૧૯૦૦ : નવેમ્બર : મુખપૃષ્ઠ]

૩. "પ્રગટે પૂર્ણ પ્રભાવથી, જ્ઞાન દિવાકર ઊર;
"જૈનહિતેચ્છુ" જનમિયું, જૈની કાજ જરૂર."

આ ઉપરાંત તે સમયે જૈ. હિ. નો આશય દર્શાવતાં બીજાં ચાર પરિચયાત્મક વાક્યો પ્રગટ થતાં તે નોંધપાત્ર છે:-

૧. ગમેતેવા આધિવ્યાધિથી પીડાતા સંસારીને, રીસાઇ ગયેલી શાન્તિ પાછી મેળવી આપનાર શાન્ત, મધુર અને મૂગું પક્ષી છે.

૨. નીતિ, ભક્તિ, મનુષ્ય-કર્તવ્ય, શુદ્ધ વ્યવહાર, ખરો વૈરાગ્ય, એ સર્વનો તમારી ફુરસદ વખતે, તમે કહો તે જગાએ, સરળ, માયાળુ પદ્ધતિમાં કટકે કટકે અને ટૂંકમાં પ્રસાદ ચખાડનાર ઉત્તમ મિત્ર છે.

૩. જૈનોને પાનસોપારીથી પણ ઓછા ખર્ચે, બોધ, દિલાસો, તથા જ્ઞાન આપનાર દેવદૂત છે.

૪. પોતાનું, પોતાના ધર્મનું અને કોમનું કલ્યાણ ઇચ્છનાર એવું જૈનોનું એક સાહિત્ય છે કે જે પાસે રાખવાની દરેક જૈનોની ફરજ છે.

[જૈ. હિ. સને ૧૯૦૧ : એપ્રિલ : મુખપૃષ્ઠ]

૪. यः प्राप्य दुःप्राप्यमिदं नरत्वं, धर्मं न यत्नेन करोति मूढः।
क्लेश प्रबंधेन स लब्धमब्धौ, चिंतामणि पातयति प्रमादात् ॥

"ધર્મસ્વરૂપ સમજાવવા, ઠસાવવા નીતિવાત;
પ્રગટે પૂર્ણ પ્રભાવથી, "જૈનહિતેચ્છુ" પ્રાત."
[જૈ. હિ. સને ૧૯૦૨ : એપ્રિલ : મુખપૃષ્ઠ]

૫. "નીતિ ધર્મ વધારવા, થાવા જ્ઞાન પ્રકાશ,
વર્તમાન વેગે ધરે, "જૈનહિતેચ્છુ" ખાસ."
[જૈ. હિ. સને ૧૯૦૩ : એપ્રિલ : મુખપૃષ્ઠ]

૬. 'अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः।
नित्यं संनिहितो मृत्युः कर्तव्यो धर्मसंग्रहः॥'
[જૈ. હિ. સને ૧૯૦૩ : ઑકટોબર-નવેમ્બર : મુખપૃષ્ઠ]

વાડીલાલ શાહના પત્રકારજીવનના બીજા તબક્કાનો સમય સને ૧૯૧૩ થી ૧૯૧૬ સુધીનો ગણાય, તે દરમ્યાન તેમણે માત્ર સ્થા. જૈનો નહિ પણ સમગ્ર જૈનસમાજના વિવિધ સંપ્રદાયો, સંઘાડાઓ, ગચ્છો, ફિરકાઓ ઇત્યાદિના એકીકરણની પ્રવૃત્તિ માટે જોમભર્યું મનન તેમજ ચિંતન આદરી દીધું હતું. ઉપરાંત સમગ્ર જૈન સમાજમાં ઐક્યની ભાવનાનો પ્રસાર કરવાનું કામ પણ ચાલુ રાખ્યું હતું. સમાજના ઐક્યનાં ગુણગાન ગાતા એક પ્રસંગે તેમણે કહ્યું હતું કે :-

"તમારામાં હોય તેટલી શક્તિ વાપરીને ઐક્યબળ મજબૂત કરો.
કારણકે
ઐક્ય છે ત્યાં જ શક્તિ છે; ઐક્ય છે ત્યાં જ સુખ છે;
ઐક્ય છે ત્યાં જ સ્વાતંત્ર્ય છે; ઐક્ય છે ત્યાં જ ગૌરવ છે.

અને

ઐક્ય એજ મહાવીરનો "સંઘ",

ઐક્ય એજ "મુક્તિ" નો "મંત્ર".

એ ઐક્ય સિવાય કોણ ચલાવી શક્યું છે ?

એ ઐક્યને તરછોડીને તમે શું સુખી થઇ શકશો ?

ના, ના, હજાર વાર ના !

ઐક્ય નહિ તો ધર્મ નહિ;

અને ધર્મ નહિ તો શ્વેતામ્બર – દિગમ્બર પણ નહિ."[3]

આ બીજા તબક્કા દરમ્યાન મુખપૃષ્ઠ પર મુકાયેલા પરિચયાત્મક શબ્દસમૂહો વિચારવા જેવા છે. આ રહયા તે:

૧. "ધર્મ, તત્ત્વજ્ઞાન, નીતિ અને સંસાર સુધારાને લગતા વિષયોની ચર્ચા કરવા સાથે જાણવાજોગ ખબરો પૂરી પાડનારું સ્વતંત્ર માસિકપત્ર."

[જૈ. હિ. સને ૧૯૧૩ : જાન્યુઆરી]

૨. "ધર્મ, તત્ત્વજ્ઞાન, નીતિ, સમાચારથી ભરપૂર હિંદી–ગુજરાતી માસિકપત્ર."

[જૈ. હિ. સને ૧૯૧૩ : એપ્રિલ]

3. "સમગ્ર જૈન સમાજને ઉચ્ચ ચારિત્ર, નિર્મળપ્રેમ, સેવાબુધ્ધિ, સમાજવ્યવસ્થા, તથા ધર્મતત્ત્વનું નિષ્પક્ષપાત શિક્ષણ આપનારું માસિકપત્ર.

[જૈ. હિ. સને ૧૯૧૩ : નવેમ્બર]

---

3. "જૈનહિતેચ્છુ" : સને ૧૯૧૬ : સપ્ટેમ્બર–ડિસેમ્બર : પૃ. ૯

૪. "જૈનના ત્રણે ફિરકામાં શુધ્ધ વિચારવાતાવરણ ફેલાવવાના તથા જૈનો અને જૈનેતરોને નિકટ સંબંધમાં લાવવાના આશયથી પ્રગટ થતું માસિકપત્ર.

[જૈ. હિ. સને ૧૯૧૪ : માર્ચ–એપ્રિલ : મુખપૃષ્ઠ]

૫. "ઉદાર વિચારવાતાવરણ અને નવજીવન પ્રેરવાના તથા જૈન–અજૈન સૃષ્ટિ વચ્ચે ઐકય કરવાના આશયથી પ્રગટ થતું સસ્તામાં સસ્તું પત્ર."

"ખુલ્લો એકરાર : દુનિયાના માર્ગને અનુસરવા હું બંધાયેલો નથી;" 'णो लोगस्सेणं चरे' — શ્રી આચારાંગસૂત્ર. અગાઉથી બાંધી રાખેલા વિચારોથી કે કોઇની ઉશ્કેરણીથી દોરાઇને નહિ, પણ બુધ્ધિપૂર્વક વાંચો અને શુધ્ધિપૂર્વક મનન કરો. લખનાર વચન આપે છે કે, કોઇ વ્યકિત કે કોઇ સમાજને સારૂ લગાડવાના કે દુભાવવાના "ઇરાદા" થી એક અક્ષર પણ તે કદાપિ લખશે નહિ; વાંચનારે ખાત્રી આપવી જોઇએ કે "અભિપ્રાય" પસંદ નહિ પડે તો પણ તે ખોટા "આશય" કલ્પવા તૈયાર થશે નહિ."

[જૈ. હિ. સને ૧૯૧૫ : જાન્યુઆરી–માર્ચ]

વાડીલાલના વિચારજીવનનો ત્રીજો અને છેલ્લો તબક્કો સને ૧૯૧૭ થી શરૂ થયો હતો અને તે તેમના દેહવિલય સુધી લંબાયો હતો. એ તબક્કા દરમ્યાન શરૂઆતનાં ચાર વર્ષ સુધી સને ૧૯૨૧ સુધી એટલે કે "જૈનહિતેચ્છુ" ને યોગનિદ્રામાં પોઢાડી દેવાની ફરજ પડી ત્યાં સુધી ધર્મ, સમાજ, ગૃહ, રાજ્ય જેવાં વિવિધ

ક્ષેત્રોને લગતી અવનવી વિચારણાઓ તેમજ ચિંતનમનનો જનસમાજ સમક્ષ રજૂ કરવાનું તેમણે ચાલુ રાખ્યું હતું અને ત્યાર પછીના સમયગાળા દરમ્યાન પણ તેમનો વિચારમિનાર ઉચ્ચ સોપાન ચઢતો ગયો તેમ તેમ તત્ત્વજ્ઞાનનાં વિવિધ તથા મૂલ્યવાન અર્થઘટનો પોતાનાં પુસ્તકો દ્વારા જનતા સમક્ષ રજૂ કરવાનું તેમણે ચાલુ રાખ્યું હતું. આ ત્રીજા તબક્કા દરમ્યાન લખાયેલા પરિચયાત્મક વાક્યો પણ તપાસી લઈએ :-

૧. "તમામ જૈનોનું પોતાના હાથે પોતાનો વિજય કરવા માટે સર્જાયેલું શાસ્ત્ર."

"કુદરત તેમને જ મદદ કરે છે કે જેઓ પોતાને મદદ કરે છે."

[જૈ. હિ. સને ૧૯૧૭ : માર્ચ - જૂન]

૨. "દુનિયાભરમાં જ્યાં જ્યાં "જૈનત્વ" છુપાયેલું હોય ત્યાં ત્યાંથી તેને બહાર લાવનારું વિકસાવનારું અને માત્ર "જૈનત્વ"ને જ પૂજનારું પત્ર."

"જીવવું એ "કીડા"નું લક્ષ્ય છે; "જીતવું" એ "જૈન"નું લક્ષ્ય છે."

"કોઈના પણ વિચારોથી દોરવાઈ ન જતાં, દરેકના વિચારો, ટીકાઓ અને સલાહો ઉપર પોતાની સ્વતંત્ર બુધ્ધિથી અભિપ્રાય બાંધી શકે અને પોતે શું માનવું અને શું કરવું તેનો પોતે નિર્ણય કરી શકે."

[જૈ. હિ. સને ૧૯૧૮ : મે મુખપૃષ્ઠ]

3. આ પત્રનો આશય સમાજમાં અને દુનિયામાં બનતા સારાનરસા
બનાવોની નોંધ દ્વારા તનદુરસ્ત તત્વજ્ઞાનનાં કિરણો સમાજના
અસાવધાન મગજમાં રેડવાનો છે. તે તે બનાવોમાં ભાગ લેતી
વ્યકિતઓની તારીફ કે લઘુતા એ કાંઈ આશય નથી. ધન્યવાદ
અને ટકોર એ બે તો માત્ર કવીનાઈન પરની ખાંડ કે રોટલા
સાથે તેને મદદ કરવા માટે ખવાતાં અથાણાં છે. એ બન્નેને
વળગી ન રહેતાં અંદરના શુધ્ધ આશયને અને શકિતવર્ધક તત્ત્વને
શોધવા-સ્વીકારવા પ્રત્યેક વાચકને આગ્રહ અને પ્રેમપૂર્વક વિનંતી
કરવામાં આવે છે. લખનાર સ્વીકારે છે કે મીઠાઈ કે અથાણા
રૂપ "બનાવટ" ની જેને જરૂર જ ન હોય એટલા ઉન્નત સમાજ -
"લાગણી" નહિ પણ "બુધ્ધિ" થી દોરાનાર સમાજ - માટે
તદ્દન શાન્ત, સંક્ષિપ્ત, શાસ્ત્ર જેવી શૈલી જ અર્થસાધક થાય.

[જૈ. હિ. સને ૧૯૧૯ : ઑકટોબર : મુખપૃષ્ઠ]

૪. "દરેક ધર્મના, અને ધર્મથી સ્વતંત્ર, એવા તમામ
બુધ્ધિશાળી મનુષ્યોના વિકાસને પૃષ્ટિ આપનારું
વાચન આ અંકમાં મળશે"

"દરેક શબ્દ ધીમેથી - મનનપૂર્વક - ફરી ફરીને વાંચો."

"~~મ્હારો~~ મારો એકરાર :- આ અંકમાંનું જ્ઞાન જો કોઈએ ~~મ્હને~~ મને
આજથી દશ વર્ષ ઉપર આપ્યું હોત તો હું એને મારું સર્વસ્વ
અર્પણ કરવા છતાં માનત કે હું પૂરી કિંમત ભરી શકયો નથી.
તમારે આપવું - લેવું કાંઈ નથી :

મात्र લક્ષપૂર્વક અને રસપૂર્વક વાંચો,
મનન કરો અને સશક્ત બનો."

['A Friend of the lover of Victory whoever he may be.]
An organ that aims nothing but searching for, finding, admiring and preaching the will-to-power from all quarters friendly as well as inimical.'

THE M. S. UNIVERSITY OF BARODA LIBRARY 101

"દુનિયાભરમાં જ્યાં જ્યાં જૈનત્વ છુપાયલું હોય ત્યાં ત્યાંથી તેને બહાર લાવનારું, વિકસાવનારું અને માત્ર "વિજિગીષા"ને જ પૂજનારું પત્ર."

[જૈ. હિ. સને ૧૯૨૧, જૂન : મુખપૃષ્ઠ]

## વાર્તાલેખક - વાડીલાલ

પત્રકારના તખ્તા ઉપર "નાચવા"નું શરૂ કર્યા પછી વાડીલાલને એકલે હાથે અનેક વિષયોની વિચારણા કરવી પડી હતી અને તેને લગતાં લખાણો લખવાં પડ્યાં હતાં. જુદા જુદા પ્રશ્નોને સ્પર્શતા એ વિષયો એટલા તો વિવિધ સ્વરૂપના હતા કે તેમાંથી કયા વિષયને અગ્રતા આપવી તે નક્કી કરવાનું કામ કઠિન છે. એમ હોઇ જનતાને સૌથી વિશેષ પ્રિય થઇ પડે છે તેવા વાર્તાના ક્ષેત્રની વિવેચના પહેલપ્રથમ કરી લેવાનું ઉચિત માન્યું છે. વળી તેઓ "કલા ખાતર કલા" ના સ્વરૂપને નહિ પણ " જીવન ખાતર કલા" ના સત્યને માનતા હતા, તેથી તેમનો પ્રયત્ન માત્ર વાર્તાલેખન પૂરતો મર્યાદિત રહ્યો નહોતો, પણ વાચકવર્ગને જીવનના ઉચ્ચીકરણને પંથે પળાવવા માટે વાર્તાલેખન દ્વારા નવા નવા અર્થઘટનો તેમણે કર્યાં હતા.

વાડીલાલે સુમારે સાત દસકા પહેલાં જૈનધર્મકથાઓને એ સમયને અનુકૂળ એવો કલ્પનામિશ્રિત નવો જ સ્વાંગ સજાવીને વાર્તાઓ દ્વારા ગુજરાતી જનતા સમક્ષ ધરી દેવાની પહેલ કરી હતી એ હકીકત છે. એ પ્રકારની પહેલવહેલી ધર્મકથાને નવું સ્વરૂપ સજાવીને "ઋષિદત્તા"ના શીર્ષકથી "જૈનહિતેચ્છુ"ના પૃષ્ઠો ઉપર ચાર માસ સુધી હપતે હપતે લખી હતી.[1] એ શાસ્ત્રકથાને ચાલુ જમાનાને અનુરૂપ નૂતન સ્વાંગ સજાવવાની પહેલ કરતી વખતે તેમણે ચોખવટ કરી હતી કે:

---

1. "જૈનહિતેચ્છુ" : સને ૧૯૦૩ : ઓગષ્ટ થી નવેમ્બર : પૃ. ૧૧૧ થી શરૂ.

" આ માસિકના બીજા અંકમાં "સ્થાનક સ્પેકટેટર" નામના લેખમાં "બહેનડીઓ માટે"[૨] એ નામના કાવ્યમાં અમોએ વચન આપ્યું હતું કે –

"જૂની વાતો નવી ઢબથી નવી કરી રે લોલ;
જૂના સુખ–સ્વર્ગ–રંગને ખડાં કરું રે લોલ.

એ વચન આ વાર્તા [ઋષિદત્તા] થી પૂરું કરીએ છીએ."[3] સદરહુ " ઋષિદત્તા"ની શાસ્ત્રકથાને અનુક્રમે સને ૧૯૦૪ માં અને ૧૯૦૫ માં અલગ પુસ્તિકા રૂપે બે આવૃત્તિ દ્વારા તેમણે પ્રસિધ્ધ કરી હતી.

બીજે વર્ષે "વીર જનેતા અને વીર બાળક" નામની ધર્મકથાની રચના કરતી વખતે લેખક તરીકેનું પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવતાં તેમણે જાહેર કર્યું હતું કે :– "જ્યારે લુખો ઉપદેશ હૃદયના દરવાજા ઉઘડાવવામાં નિષ્ફળ નીવડે છે ત્યારે એક મીઠી વાર્તા એ જ ઉપદેશના પાસવાળી મધુરી વાર્તા જ – હૃદયને ગલગલિયાં કરીને દરવાજા ખોલી નાખે છે અને તેના ખૂણાખાંચરામાં તેમજ અંધકારવાળા ભાગમાં પણ મહાલી શકે છે. એ અંધકારવાળા મલિન ભાગોમાંના મલિનરસને સ્વચ્છ કરવો એ ઉત્તમ વાર્તાનો હેતુ હોવો જોઇએ અને તે હૃદયની કાયરતાને વીરત્વમાં ફેરવી નાખવી એજ રસિક વાર્તાના રસની સાફલ્યતા છે."[૪] લગભગ તોંતેર વર્ષ પહેલાં વાર્તાલેખનના

---

૨. "જૈનહિતેચ્છુ" : સને ૧૯૦૩ : મે : પૃ. ૪૨
3. એજન : સને ૧૯૦૩ : ઓકટોબર–નવેમ્બર : પૃ. ૧૭૪
૪. એજન : સને ૧૯૦૪ : ફેબ્રુઆરી : પૃ. ૨૫૭

હેતુની સમજણ પ્રસ્તુત ફકરામાં અપાયેલી છે તે હજુ આજે પણ એટલીજ ઉપયોગી દેખાઇ રહી છે. "જીવન ખાતર કલા"ના દ્રષ્ટિબિંદુને અનુલક્ષીને વા.મો.શાહે ખ્યાતનામ પાશ્ચાત્ય ચિંતક બર્નાર્ડશૉની પેઠે પોતાનો સંદેશ જનતાના હૃદય સુધી પહોંચાડવા માટેનો એક પ્રયત્ન આવા વાર્તાલેખન દ્વારા કર્યો હતો. ધર્મકથાઓને નવા વાઘા પહેરાવતી વખતે તેઓએ જોરશોરપૂર્વક અનેક વખત કહ્યું હતું કે લોકહૃદયને સ્પર્શવા માટે એ પ્રકારની વાર્તાની કળાનો આશરો દરેક સાચા લેખકે લેવો જોઇએ.

"જૈનહિતેચ્છુ" ના શરૂઆતના અંકોમાં તો નાના નાના બાળકો માટેની સુંદર ઉપદેશી વાતો હપતે હપતે વાડીલાલે આપી છે. એ વાતો પંચતંત્રની વાતો જેવી બોધાત્મક છે. શ્રી ઉમેદચંદજી મહારાજે કહ્યું છે : "આ મથાળા નીચે લખાતો વિષય માત્ર જૈન બાળકો માટે જ નથી; પરંતુ મોટાઓને ઉપદેશ કરવાની તે એક નવી અને અસરકારક રીત છે. નિશાળે ભણતા બાળકોને વાંચનમાળાના પાઠની પેઠે જ આ વાતો પણ વંચાવવી; અને તે વાંચવાનું એકવાર કહયા પછી તેઓ હમેશ હોંશથી વાંચશેજ અને પ્રતિમાસે નવા અંકની રાહ જોઇ રહેશે. હિતોપદેશ તથા પંચતંત્રના વિદ્વાન લેખકે ભોંયરામાં લાંબી મુદત સુધી ગોંધાઇ રહી જે પુસ્તકો લખ્યા તે કાંઇ પશુ પક્ષીના ઉપદેશ અર્થે નહિ, પણ પશુપક્ષીની વાતો ગોઠવી માણસને ઉપદેશવા અર્થે જ. તેમજ આ વાર્તાઓ પણ ફક્ત જૈન બાળકો માટે જ લખાતી નથી પણ મોટી

ઉમરના ભવીજનોને તેમજ બાળકો બન્નેને ઉપયોગી અને ગમ્મત આપે તેવી તથા બોધક છે."[5]

એજ અરસામાં વાડીલાલે "નમીરાજ" શીર્ષક ~~વાર્તા~~ બીજી એક ધર્મકથા પર હાથ અજમાવ્યો હતો, અને "એક મુનિરાજથી પ્રેરાયેલો "યુવક" "એવું તખલ્લુસ ધારણ કરીને એક અત્યંત ઉપદેશી જૈનકથાનું રસીલી નવલકથામાં રૂપાંતર" કરીને જનતા સમક્ષ ધરી દેવામાં તેઓ સફળ થયા હતા. સને ૧૯૦૪ ના મે મહિનાથી શરૂ થયેલી એ તત્ત્વજ્ઞાનમયી નવલકથાનો પૂર્વાર્ધ સને ૧૯૦૫ ના માર્ચમાં સમાપ્ત થયો હતો અને ઉત્તરાર્ધ સને ૧૯૦૫ ના એપ્રિલથી માંડીને સને ૧૯૦૬ ના ફેબ્રુઆરી સુધીમાં હપતે હપતે લખાયો હતો. એ નવલકથાને પુસ્તકાકારે પ્રગટાવવાનું સદ્ભાગ્ય સને ૧૯૦૬ અને ૧૯૦૭ માં અનુક્રમે બે આવૃત્તિઓ દ્વારા તેના લેખકને સાંપડયું હતું. શ્રી વિજયરાય વૈદ્યે એ નવલની નોંધ પણ લીધી હતી.[૬] સને ૧૯૨૮-૨૯ ના જર્મની નિવાસ દરમ્યાન "નમીરાજ" ની નવલકથાને પુષ્કળ સુધારાવધારા સહિત મઠારીને તેની સંશોધિત આવૃત્તિ માટેની હસ્તપ્રત વા.મો.શાહે તૈયાર કરી હતી, જે વણપ્રગટેલા સ્વરૂપમાં હજુ સુધી શ્રી ત્રિભુવન હેમાણી પાસે સચવાઇ રહેલી છે.

---

૫. જૈ. હિ. ૧૯૦૧ : મે : પૃ. ૨૨

૬. વિજયરાય વૈદ્ય લિખિત "ગત શતકનું સાહિત્ય": સને ૧૯૫૯, આવૃત્તિ પહેલી : પૃ. ૨૫૨

"નમીરાજ"ની એ નવલકથાને દરમહિને હપતાવાર પ્રસિધ્ધ કરવાની શરૂઆત કરતી વખતે વા.મો.શાહે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે :-

" તત્ત્વજ્ઞાનની કઠણ બાબતો સામાન્ય શ્રોતાના હૃદયમાં ઊતરવી મુશ્કેલ થઇ પડે છે એવું જોઈને પ્રાચીન જૈન અને બ્રાહ્મણ વિદ્વાનો કથાઓનો એક મહાસાગર બનાવી આપણા માટે વારસામાં મૂકતા ગયા છે. તેમાં સદ્જ્ઞાન રૂપી રત્નોનો ખજાનો રહેલો છે અને રસની લહરિયો અહર્નિશ ઊછળ્યા જ કરે છે. એક મધુરી વાર્તા માણસના હૃદયને ગલગલિયાં કરી તેમાં પ્રવેશ કરે છે અને પોતાના સ્વભાવ પ્રમાણે સારી યા માઠી અસર, તે વાચનાર ધણી ન જાણે એવી રીતે, કરવા ચૂકતી નથી. આમ વાર્તા એક ચમત્કારી ઉપદેશસાધન હોવાથી જૈન સૂત્રકારે "શ્રી જ્ઞાતાસૂત્ર" જેવા ધર્મશાસ્ત્રોના વાર્તાના મોજા તળે તત્ત્વજ્ઞાનના રત્નો દાટયા છે, પણ કથાકાર કથાકારમાં ફેર હોય છે. એકની એક જ વાર્તા એક માણસ રસીલી બનાવી શકે અને તે જ વાર્તા બીજાના મ્હોંમાંથી નીકળતા કંટાળો આપનાર પણ થઇ પડે."[૭]

આજે એ "નમીરાજ" નું વાર્તાપુસ્તક દુષ્પ્રાપ્ય બની ચૂકયું છે, તેથી એ નવલકથાના કલેવરનો આછો ખ્યાલ આવી રહે એટલા ખાતર તેના પ્રકરણોના શીર્ષકોની સૂચિ અહીં રજૂ કરવામાં આવી છે :-

---

૭. "જૈનહિતેચ્છુ" : એપ્રિલ : પૃ.૧૮ ; એ નવલકથા પુસ્તકરૂપે પ્રગટ થઇ ત્યારે આ ટૂંકી નોંધને તેના "ઉપોદ્ઘાત"માં સમાવી લીધી હતી અને પુસ્તકાકાર આપતી વખતે "એક તત્ત્વજ્ઞાનમયી અદ્ભુત નવલકથા" જેવું તેનું ઉપશીર્ષક પણ તેમણે યોજ્યું હતું.

:૧: દૃષ્ટિ વિષ. :૨: ઠગારી કલ્પનાએ પ્રસવેલી નિરાશા.
:૩: વસન્તનો બહાર. :૪: આનું નામ તે ભાર્યા !
:૫: રે ! દુઃખિયા પ્રાણ, તને ક્યાં લઇ જાઉં ?
:૬: કહો કે સત્સંગતિ શું શું નથી કરતી ?
:૭: કૃતકર્મના ફળ કદી કોઇને છોડતાં જ નથી.
:૮: બે બંધુરાજન વચ્ચે યુદ્ધનો પ્રસંગ : રજમાંથી ગજ.
:૯: બંને શત્રુઓ મીઠી મૂંઝવણમાં !
:૧૦: સુદર્શનપુરપતિને રાજલક્ષ્મી સહિત ભરયુવાન બંધુ જન્મ્યો.
:૧૧: રાજ્યારોહણ. :૧૨: બગડે બે.
:૧૩: આ તે કેવી જાતના ચશ્મા !

એ જ રીતે સદરહુ કથાના ઉત્તરાર્ધની અનુક્રમણિકા તપાસતાં સમજાય છે કે તેમાં માનવતાની ભૂમિકા અચ્છી રીતે મ્હેકી રહી છે અને કોઇ પ્રકારની સાંપ્રદાયિકતાનો ઓછાયો પણ તેના કલેવરને અભડાવી શક્યો નથી. વાડીલાલે કહ્યું છે કે :

"વાર્તાઓ, નવલકથાઓ અને નાટકોમાં <u>વિવિધ</u> પાત્રોની અને <u>વિવિધ</u> પ્રસંગોની યોજના હોવાથી વાચનારના ચિત્તના ઓછા ગંભીર ભાગને ગલગલિયાં થાય છે અને તે નાચી રહે છે. જો કે એ ઝળકાટ વીજળીનો છે – ક્ષણિક છે, તો પણ તેના ભક્તો ઘણા છે; જ્યારે માત્ર બે ત્રણ પાત્રો વચ્ચે વાતચીતના પ્રવાહરૂપે વહેતી તત્ત્વજ્ઞાનમયી અથવા ભાવાનુકારી[Sentimental] વાર્તા કે

જેનો દિવ્ય પ્રકાશ માત્ર ભીતરને જ શોધે છે અને ત્યાંજ માત્ર શાંત તાલાવેલી લગાવે છે તેના ખપી ઘણા થોડા હોય છે. પહેલો પ્રકાશ, ભાંગ પીનારને થતી જે અસર કરે છે તે અસર, અથવા મદ્યના પ્યાલા પછી રમણી દર્શન જે અસર કરે છે તેવી અસર કરે છે; જ્યારે બીજો પ્રકાશ એક વણિકને એક લાખ રૂપિયાનો લાભ જે અસર કરે છે તેવી અસર કરે છે. વાણિયો તે લાભથી અતિપ્રસન્ન થાય છે. તેના અંતરે કોઠામાં આનંદદીપક ઝળહળી રહે છે; પણ તે હર્ષઘેલો થઇ નાચતો કૂદતો નથી. તે તો ઊલટો વધારે શાણો અને ગંભીર બને છે. બંનેની અસરો જુદા જુદા પ્રકારની હોય છે. પહેલી કરતાં બીજી અસર ઘણા થોડાઓને પસંદ પડે છે.[૮]"

એ ઉત્તરાર્ધના શીર્ષકો આ રહ્યાં :

:૧: મિથિલાનગરીનો દાહ. :૨: ખરો ક્ષત્રિય !

:3: મેં સ્વર્ગમાં મહેલ બાંધવા શરૂ કર્યાં છે !

:૪: તેનું જ નામ શિક્ષા, જેથી અપરાધ પુનઃ ન થવા પામે !

:૫: આત્મક્ષેત્રમાં આત્માનું આત્મા સાથે આત્મફલદાયક યુદ્ધ.

:૬: કલ્યાણ ! કલ્યાણ ! એક એક પૈસે કલ્યાણ !

:૭: બેમાંથી ઉત્તમ કોણ ? ગૃહસ્થ કે ત્યાગી !

:૮: છેવટનો પ્રયોગ : ભુક્તભોગી થયા પછી સંયમી થજો !

:૯: ઉપસંહાર.

---

૮. "નમીરાજ" : સને ૧૯૦૭, આવૃત્તિ બીજી ઉત્તરાર્ધ પૃષ્ઠ, ૨-૩

એવી જ રીતે ધર્મકથાના વસ્તુના મદાર ઉપર આધુનિક નજરે રચાયેલી બીજી એક નવલકથા વા.મો.શાહે રચી હતી. તેનું નામ છે "ચક્રવર્તી બ્રહ્મદત્ત" અથવા 'મિત્રપરીક્ષા.' એ કથાને એ પત્રકારે તેમના હિંદી – ગુજરાતી સાપ્તાહિક "જૈન સમાચાર"માં સને ૧૯૧૨ માં હપતે હપતે જનતા સમક્ષ ધરી હતી. અને ત્યારબાદ "જૈનસમાચાર ગદ્યાવલિ"ના નવમા ખંડમાં[પૃ.૭૨૫ થી ૮૦૩ ઉપર]ફરીથી સંગ્રહી લઇને સને ૧૯૧૩ માં ગ્રંથાકારે પ્રસિધ્ધ કરી હતી. આજે એ પુસ્તક અપ્રાપ્ય છે. "નમીરાજ" કરતાં ઉપર્યુક્ત "મિત્રપરીક્ષા"ની કથામાં કથાલેખકે નવલકથાલેખનની કળામાં વધુ વિકાસ સાધેલો હોય એવું સ્પષ્ટપણે દેખાઇ આવે છે. વળી "નમીરાજ"ના ઉત્તરાર્ધમાં પ્રકરણને મથાળે "ભગવદ્ગીતા"માંથી, ભર્તૃહરીનાં "શતકો"માંથી, જૈનશાસ્ત્રગ્રંથો- માંથી અને "ઇતિહાસસમુચ્ચય" નામના ગ્રંથમાંથી અવતરણો રજૂ કરવાની પધ્ધતિને એ લેખકે અપનાવી હતી. તેજ પ્રમાણે "મિત્રપરીક્ષા"માં ખોડાજીસ્વામીની, ડાહ્યાભાઇ ધોળશાજીની અને ચંદ્રશંકર પંડ્યાની કાવ્યપંક્તિઓ, બાઇબલનું અવતરણ, "જ્ઞાનાર્ણવ"નો શ્લોક ભાષાંતર સહિત અને સાથોસાથ શેક્સપિયર તેમજ કોલરિજની કાવ્યપંક્તિઓ અને આંગ્લનિબંધકાર બેકનનું અવતરણ, એ સઘળાંને જુદાજુદા પ્રકરણને મથાળે સુશોભન તરીકે મૂકવાની કાળજી લીધી હતી; એ પધ્ધતિને જોતાં આપણા "યુગમૂર્તિ વાર્તાકાર" રમણલાલ વસંતલાલ દેસાઇ યાદ આવી રહે છે, જેમણે એ જ પધ્ધતિને અનુસરીને કલાપી, ન્હાનાલાલ,ખબરદાર અને એવા બીજા ગુજરાતી કવિઓની કાવ્ય- પંક્તિઓ પોતાની કથાનાં પ્રકરણોને મથાળે ભાવનાત્મક સુશોભન

તરીકે રજૂ કરી દઇને તેમની જુદીજુદી નવલકથાઓને વધુ આકર્ષક બનાવવાનો સુયોગ્ય પ્રયોગ કર્યો હતો એ જાણીતી હકીકત છે.

સમજી લેવા જેવી વાત એ છે કે જૈનધર્મકથા-સાહિત્યમાંથી વસ્તુ લઇને સર્વભોગ્ય નવલકથાલેખનની શરૂઆત સ્વ. જયભિખ્ખુએ કરી તે પહેલા બે ત્રણ દાયકા ઉપર વા. મો. શાહે ધર્મકથાને કલ્પનામિશ્રિત નવો સ્વાંગ સજાવીને રસીલી નવલકથામાં રૂપાંતર કરવાની આદરણીય શરૂઆત કરી દીધી હતી, એ ઇતિહાસની નજરે નોંધપાત્ર ગણાય તેવું છે. ગુજરાતી સાહિત્યક્ષેત્રે એ જ પધ્ધતિએ પ્રાચીન સાહિત્યના પાત્રોને લક્ષમાં લઇને નવલિકાઓનું સર્જન સદ્ગત "સુશીલે" [ભીમજી હરજીવન પારેખે] પણ કર્યું હતું. ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓએ આ વાતની નોંધ સુયોગ્ય સ્વરૂપે તેમના સાહિત્યના ઇતિહાસમાં લીધી નથી[૯] તે વસ્તુ તરફ અંગુલિનિર્દેશ કરવાનો રહે છે.

ધર્મશાસ્ત્રની કથાઓને એ રીતે નવું કલેવર સજાવીને જનતા સમક્ષ રજૂ કરી દેવાની પત્રકાર વા. મો. શાહે શરૂઆત કરી હતી. એટલું જ નહિ તેમણે બીજી કેટલીક શાસ્ત્રકથાઓને પણ રૂપાંતર સ્વરૂપે રજૂ કરી હતી. તેની વિગત નીચે મુજબ છે :-

૧. <u>એલાયચીકુમારની કથા</u> - આ વાર્તા "જૈનહિતેચ્છુ"ના સને ૧૯૦૨ ના મે માસના અંકમાં [પૃ. ૩૬-૪૦ ઉપર] સૌથી પ્રથમ લખાઇ હતી; પરંતુ ત્યારબાદ બારેક વર્ષના વાયરા વાઇ ચૂક્યા પછી એ જ કથાને આધુનિક નવલિકાની ઢબે કસબપૂર્વક ફરીથી લખીને

---

૯. શ્રી ધીરુભાઇઠાકરરચિત "ગુજરાતી સાહિત્યની વિકાસરેખા."- ખંડ બીજો સને ૧૯૬૦ : બીજી આવૃત્તિ : પૃ. ૨૯૮.

"નટના દોરડા પરથી સર્વજ્ઞના સિંહાસન પર" એવા સૂચક શીર્ષક નીચે એમણે પ્રસિદ્ધ કરી હતી ત્યારે તે એટલી તો આકર્ષક નીવડવા પામી હતી કે વાડીલાલના અનન્ય મિત્ર સમા પત્રકારબંધુ સદ્ગત નાથુરામ પ્રેમીએ તેમના "જૈનહિતૈષી"માં તેનું હિંદી ભાષાંતર પ્રગટ કર્યું હતું. અન્ય હિન્દી માસિકપત્રોએ પણ તે વાર્તાને પુનર્મુદ્રિત કરી હતી, પરંતુ છેલ્લાં કેટલાક વર્ષથી તે કથા દુઃપ્રાપ્ય થઇ જવા પામી હતી એટલે શ્રી ત્રિભુવન હેમાણીએ સંશોધિત સ્વરૂપે સંગ્રહી લઇને જનતા માટે સુલભ બનાવી દીધી હતી.[૧૦]

: ૨: "કામજિતેન્દ્ર વિજયશેઠ અને વિજયાશેઠાણી"

[જૈ. હિ. : સને ૧૯૦૨ : સપ્ટેમ્બર-ઓક્ટોબર : પૃ. ૧૧૩-૧૧૮ અને ૧૩૪-૧૪૦]

: ૩: "કયવન્નાશેઠની કથા" : આ કથા સને ૧૯૦૩ ના જાન્યુઆરી-ફેબ્રુઆરીના અંકમાં [પૃ. ૨૦૧-૨૦૬ અને પૃ. ૨૨૪-૨૨૮ ઉપર] પ્રસિદ્ધ કરવામાં આવી હતી. સંઘદાસગણિવાચકવિરચિત "વસુદેવ-હિંડી"માં "ધમ્મિલ્લ-હિંડી"ની એક પેટાકથા છે, જેમાં ધમ્મિલ્લની વાત છે. કયવન્નાશેઠની કથામાં અને ધમ્મિલ્લની વાર્તામાં સંપૂર્ણ સામ્ય છે ફક્ત કથામાં આવતાં પાત્રોનાં નામમાં જ તફાવત છે.

: ૪: "દૃઢતા અને વિષયવાસના" જિનરક્ષિત અને જિનપાલિત : જ્ઞાતાસૂત્રની આ કથાને ગુજરાતી રૂપ આપીને સને ૧૯૦૩ ના માર્ચમાં [પૃ. ૨૪૫-૨૫૧ ઉપર] પ્રસિદ્ધ કરી હતી. વીસ વર્ષના લાંબાગાળાબાદ

---

૧૦. શ્રી ત્રિભુવન વી. હેમાણીસંપાદિત "વા. મો. શાહની તત્વકથાઓ" : ખંડ પહેલો, સને ૧૯૬૦, આવૃત્તિ પહેલી, પૃ. ૯૩-૧૦૫

વાડીલાલે એજ વાર્તાનું કલેવર નવેસરથી નવીજ રીતે સર્જીને અને તેમાં સમાવાયેલી વસ્તુનું અનોખું મૂલ્યાંકન રજ કરીને "અસહકાર" શીર્ષક લઘુગ્રંથમાં રમૂજી કથાવિભાગમાં પ્રગટ કર્યાવી છે.[૧૧] એ સમયે આ પત્રકારે કથાને અંતે નોંધ મૂકી છે કે :-

"આ કથા હજારો વર્ષ પર લખાયેલા જૈનશાસ્ત્રોમાં છે. જેને ભયનું ખરેખરું ભાન થયું છે અને ભયમાંથી છૂટવાની જેને સંપૂર્ણ ગરજ છે તેવો દરેક મનુષ્ય આ કથાનું રહસ્ય આપોઆપ સમજી શકશે. ગરજ વગરનાને સમજાવવામાં પણ હિત નથી. જેનું મૃત્યુ નિર્માયલું જ છે તે તો હજાર વખત સમજાવવા છતાં સમજી પણ શકશે જ નહિ"[૧૨] પણ એ વસ્તુ કંઇ એટલેથી જ અટકી નહોતી. એ વિચારકે એ કથાનું અંગ્રેજી ભાષાંતર પણ પ્રગટ કર્યું હતું એ ખરેખર નોંધપાત્ર છે.[૧૩]

:૫: <u>સ્કંદક ઋષિની કથા</u>": [જૈ. હિ. : સને ૧૯૦૬ : ઓગસ્ટ - સપ્ટેમ્બર : પૃ. ૧૭૦-૧૭૬]

:૬: "<u>મેસ્મેરિઝમ મારફત મજાહ</u>" એક કપોલકલ્પિત જૈનકથા ["જૈનસમાચાર" તા. ૨૬-૨-૧૯૦૬ થી ચાર હપતામાં પ્રગટ]

:૭: "<u>મોક્ષ ફળદાતા આંબો</u>" અથવા "<u>પ્રત્યેકબુધ્ધ રાજા સિંહરથ:</u> [જૈ. હિ. : ૧૯૦૬નો ઓકટોબરથી ૧૯૦૭ ના માર્ચ સુધી]

---

૧૧. "અસહકાર" : સને ૧૯૨૧, પહેલી આવૃત્તિ પૃ. ૪૮-૫૩

૧૨. શ્રી ત્રિભુવન હેમાણી સંપાદિત "વા. મો. શાહનું રાજકારણ" સને ૧૯૬૧, પ્રથમ આવૃત્તિ પૃ. ૧૪૮

૧૩. વા. મો. શાહરચિત "ધ પોલિટિકલ ગીતા ઓર ધ ફિલોસોફી ઓફલાઇફ (The Political Gita or the Philosophy of life)" સને ૧૯૨૧ : પહેલી આવૃત્તિ, પૃ. ૮૯-૯૭

આ કથાને એક ઉપદેશી કથારૂપે પ્રગટ કરતી વખતે વાડીલાલે નોંધ્યુ હતું કે : "આ કથા ચમત્કારી છે, જો કે જિંદગીના બનાવોનુ વર્ણન તેમા થોડું જ છે. મૂળ આ વાર્તા જૂની છે. તેમા મારી કલ્પના-શક્તિની સલાહાનુસાર ફેરફાર કરવાની મેં છૂટ લીધી છે."[૧૪]

:૮: "શાલિભદ્ર અને ધના અણગાર" [જૈ. હિ. ૧૯૦૭ જૂન, પૃ. ૭૬-૮૧]

:૯: "કપિલમુનિ" : [જૈ. હિ. ૧૯૦૭ : જુલાઇ-ઑગષ્ટ: પૃ. ૧૦૫-૧૧૨]

:૧૦: "પ્રસન્નચંદ્ર રાજર્ષિ" : [જૈ. હિ. ૧૯૦૭ : નવેમ્બર-ડિસેમ્બર પૃ. ૨૪૯-૨૫૨]

:૧૧: "સુદર્શન શેઠ": [જૈ. હિ. ૧૯૦૮ : જૂન : પૃ. ૧૧૭-૧૨૬]

:૧૨: "સનત્કુમાર : [જૈ. હિ. ૧૯૦૮ : ડિસેમ્બર-૧૯૦૯ જાન્યુઆરી પૃ. ૨૯૬-૨૯૮]

:૧૩: "સ્થુલીભદ્ર" [જૈ. હિ. : ૧૯૦૯ : માર્ચ : પૃ. ૩૭૩-૩૭૯]

:૧૪: "મનુષ્યનો ઉધ્ધાર કરનાર સાઢ - પ્રત્યેકબુધ્ધ કરકંડુ" [જૈ. હિ. : ૧૯૧૧ : ફેબ્રુઆરી : પૃ. ૨૮-૩૨]

:૧૫: સગાળશા શેઠ અને કેલૈયોકુમાર : આ કથાને પહેલપ્રથમ "જાગૃતિ" નામના સામયિકપત્રમાં સંવત ૧૯૮૨ [સને ૧૯૨૬] ના માગશર-અંકમા [પૃ. ૩૩-૪૨ ઉપર] પ્રગટ કરવામાં આવી હતી. તેમા વિવિધ પ્રકારની ભાવનાઓનુ અનોખુ મૂલ્યાંકન કરાયેલુ હોઇ તે પૂરેપૂરા આકર્ષણને પાત્ર ઠરી ચૂકી હતી. ત્યારબાદ વાડીલાલ શાહે તેને સુધારાવધારા કરીને મઠારી આપી હતી અને શ્રી ત્રિભુવન હેમાણીએ તે વાર્તાને "જૈનપ્રકાશ" ના તા. ૧૧-૧૨-૧૯૨૭ ના અંકમા

---

૧૪. "જૈનહિતેચ્છુ" : ૧૯૦૬ : ઑક્ટોબર-નવેમ્બર : પૃ. ૧૮૯

[પૃ. ૨૯-૩૧ ઉપર] પ્રસિધ્ધ કરી હતી. તેનું હિન્દી ભાષાંતર પણ એજ સાપ્તાહિકપત્રની હિન્દી આવૃત્તિમાં તા. ૨૮-૧૨-૧૯૨૭ ના અંકમાં પ્રગટ થયું હતું. વા. મો. શાહના સ્વર્ગવાસ પછી એ કથાને એક અલગ પુસ્તિકા રૂપે તેમના ભાઇ શકરાભાઇએ પ્રગટ કરી હતી - [સને ૧૯૩૪] ત્યારબાદ તે "વા. મો. શાહની તત્ત્વકથાઓ" પ્રથમખંડમાં ફરીથી સંગ્રહાઇને સુલભ બની હતી. [સને ૧૯૬૦ : પ્રથમ આવૃત્તિ] જૂની લોકકથાના મદાર પર રચાયેલી પ્રસ્તુત કથામાં વાડીલાલ શાહે પ્રચલિત માન્યતાઓના અનોખા મૂલ્યાંકનો રજૂ કર્યાં હતાં. એ નજરે આ કથાની ઉપયોગિતામાં સારોસરખો ઉમેરો થવા પામ્યો છે.

:૧૬: "<u>સતી દમયંતી</u>" - મહાભારતની કથામાં આવતી સતી દમયંતીની વાર્તાને તો કેવી રીતે ભૂલી શકાય ? "સતી દમયંતી"ના સર્જનમાં લેખકે શ્રમણ તેમજ બ્રાહ્મણ સંસ્કૃતિની નજરે આ કથાનું આલેખન કરેલું છે.[૧૫] આ કથાની નોંધ શ્રી વિજયરાય વૈદ્યે તેમના "ગત શતકનું-સાહિત્ય" માં લીધી છે.[૧૬]

અહીં ધર્મશાસ્ત્રના વસ્તુના મદાર પર રચાયેલી કથાઓની વાત પૂરી થાય છે. એ પ્રકારની ધર્મકથાઓ ઉપરાંત વાડીલાલ શાહે ગુજરાતી સાહિત્યમાં ઠીક ઠીક રીતે પોતાનું સ્થાન જમાવી શકે એવી નવલિકાઓ અને નવલકથાઓ પણ લખી છે. તે સઘળાંની નોંધ ગુણવત્તાની દ્રષ્ટિએ નહિ પણ કાલાનુક્રમ પ્રમાણે લઇએ તો વધુ યોગ્ય રહેશે.

---

૧૫. એ પુસ્તિકાની ત્રણ આવૃત્તિ પ્રગટ થઇ હતી. પહેલી ૧૯૦૨માં, બીજી સને ૧૯૦૪ માં અને ત્રીજી સને ૧૯૪૦ માં.

૧૬. "ગત શતકનું સાહિત્ય" : સને ૧૯૫૯, પહેલી આવૃત્તિ પૃ. ૨૫૨.

૧. એવી પહેલી કથાનું શીર્ષક છે "આત્મજ્ઞાન વિના સર્વ ફાંફાં" અથવા "પોણી જિંદગી નકામી કે આખી ?"[૧૭] સદરહુ કથાનકને "જૈનસમાચાર"માં પ્રસિદ્ધ કર્યા પછી સાત સાત દાયકા પસાર થઇ ચૂકયા છે. એ સમય દરમ્યાન આ કથાને ઓછોવત્તા ફેરફાર સાથે જુદા જુદા લેખકોએ પોતપોતાની રીતે પ્રગટ કરવાના પણ સાહસ ખેડયાં હતાં. શ્રી ત્રિભુવન હેમાણીએ તે બાબત નોંધ લીધી છે કે : "કેટલાક બાળપત્રકારો તફડંચીની એ કળાનું અનુકરણ કરે એ કંઇક અંશે સમજી શકાય એવું છે. પણ માતબર ગણાય તેવાં માસિકપત્રો પણ એ તફડંચીને અપનાવી લે અને એ કથાનકને પ્રગટ કરતી વખતે એ લેખકનો કે "જૈનસમાચાર"ના નામનો ઉલ્લેખ પણ ન કરે એ અફસોસજનક છે. એવી તફડંચીઓ ગુજરાતી સાહિત્યરૂપી સોનાની થાળીમાં લોઢાની મેખની ગરજ સારી રહી છે."[૧૮]

૨. "હૃદયપલટો": બોધકથાનું અસલ શીર્ષક વાડીલાલ શાહે આ પ્રમાણે રાખ્યું હતું : "એક લોભી કેમ સુધર્યો ?" "સંવત્સરીને દિવસે એક જૈન શ્રીમંતે આપેલું લાતોનું દાન."[૧૯] તેને સુધારી મઠારીને શ્રી ત્રિભુવન હેમાણીએ "હૃદયપલટો" એવું સૂચક શીર્ષક યોજ્યું હતું તે અહીં રજૂ કર્યું છે. લોકકેળવણીના કાર્યમાં આવી કથાઓ ખરેખર મદદરૂપ થાય તેવી હોય છે. આ જ વાર્તાનું વસ્તુ લઇને વિચારક

---

૧૭. "જૈનસમાચાર" : તા. ૨૪-૧૨-૧૯૦૬; પુનર્મુદ્રિત નવચેતન : સને ૧૯૩૪, : સપ્ટેમ્બર : પૃ. ૪૪૯-૪૫૦; અને "સ્થાનકવાસી જૈન" : તા. ૨૦-૩-૧૯૫૫.

૧૮. "વા. મો. શાહની તત્ત્વકથાઓ": સને ૧૯૬૦ : પહેલી આવૃત્તિ પૃ. ૮૯.

૧૯. જૈ. હિ. : સને ૧૯૦૯ : ઓગષ્ટ : પૃ. ૧૪૨-૧૪૮ ; અને આ વાર્તા પુનર્મુદ્રિત થઇ [જૈ. હિ.] ૧૯૧૪ : ઓગષ્ટ : પૃ. ૫૯૩-૫૯૯ અને "વા. મો. શાહની તત્ત્વકથાઓ" આવૃત્તિ પહેલી ૧૯૬૦: પૃ. ૧૫૪-૧૬૧.

વાડીલાલે એક બીજી બોધકથા એ જ અરસામાં લખી હતી જેનું શિરોનામ હતું : "બ્રહ્મદેશમાં મનુમહારાજે આપેલો ન્યાય"[20] આ ચમત્કારી કથા બ્રહ્મદેશમાં લોકકથા રૂપે પ્રચલિત છે. આ વાર્તાના વસ્તુમાં એક સ્ત્રીના પતિ તરીકેનો દાવો કરનારા બે માનવસ્વરૂપો પૈકી ખરું કોણ એ શોધી કાઢવા માટે મનુમહારાજે જેવી બુદ્ધિ વાપરી હતી તેવી જ બુદ્ધિ બુદ્ધિસાગર નામના પ્રધાને "હૃદયપલટો" વાર્તામાં વાપરી હતી તેનું પ્રસ્તુત કથામાં સમુચિત આલેખન કરવામાં આવ્યું છે.

:3: "<u>ઉદારતાની અવધિ</u>" : તેનું ઉપશીર્ષક છે "<u>માઘ કવિએ દાનમાં પોતાનું સર્વસ્વ અને ઉપરથી પ્રાણ આપ્યા.</u> [જૈ. હિ. ૧૯૦૯ : નવેમ્બર, પૃ. ૯૮૧-૯૮૪]

:૪: "<u>સુદર્શન</u>" : શાસ્ત્રકથાઓના મદાર પર લખાયેલી વાર્તાઓ ઉપરાંત વાડીલાલ શાહે બીજી કેટલીક કથાઓ લખી છે, જેમાં "સુદર્શન – ભાગ ૧" મહત્ત્વની છે, પરંતુ તેની એક પણ નકલ હાલ ઉપલબ્ધ નથી; તેથી તે સબંધી સ્વતંત્ર રીતે કાંઇપણ લખવાને સમર્થ નથી. એમ હોઇ "સાહિત્ય" નામના માસિકપત્રમાં તેના તંત્રી સદ્ગત મટુભાઇ કાંટાવાળાએ એ નવલકથાનું અવલોકન લખ્યું છે તેને તંતોતંત રજૂ કરીને સંતોષ માનવાનો રહે છે. સ્વ. મટુભાઇ કાંટાવાળાએ કહ્યું છે કે : "આને કર્તાએ કલ્પિત જૈન નવલકથા કહી છે. એમાં કોઇ ચાલાક વાણિયણ, ધણીની બાળકબૂધ્ધે લીધે પાપમાં પડતી બચી-પોતાની ચાલાકીથી; બેટો આપનાર બાવાજી નાઠા, પણ "ઠાર્યાં હોય તેવાં ઠરે" એ ન્યાયે એ દંપતી દાન કરતાં કરતાં પુત્રને પામ્યાં.

---

૨૦. જૈ. હિ. : સને ૧૯૦૯ : જુલાઈ : પૃ. ૧૧૪-૧૧૭.

એ પુત્રને લાયક શિક્ષક મળી ગયો. એણે પુત્રનું જીવન કેવું ઘડયું ને એનું લગ્ન કેવી રીતે ગોઠવ્યું, એમાં આ ભાગ સમાપ્ત થાય છે. પરંતુ આટલા નાના વસ્તુમાં હજારો વાતો આવી ચઢી. વિવાહની રીતો, લગ્નના રિવાજ, દાન ધર્મની પ્રથા, જાહેર સંસ્થાઓના હિસાબ, જમણની ગેરવ્યવસ્થા વગેરે અનેક બાબતો પર સ્વ.વાડીલાલે પોતાના વિચાર દર્શાવ્યા છે. સ્વ. હરગોવિંદદાસની સંસારી નવલકથાઓમાં જેમ વસ્તુના વિકાસ સાથે સુધારાનો સાર નીકળે જતો હતો. તેમ સ્વ.વાડીલાલની આ નવલકથામાં પણ વસ્તુ કરતાં બોધ પર વધારે ભાર મૂકેલો છે. કૃત્રિમ કે નાટકીઆ સ્નેહના આ જમાનામાં આ વાત ન પણ રુચે. વળી ગુજરાતી સાહિત્યમાં ભોજો ને અખો એ બેએ સમાજને ખૂબ ચાબખા મારેલા ; સ્વ.વાડીલાલ પણ એ ચાબખારીત-ના ઉપાસક હતા.

સ્વ.વાડીલાલનાં બધા મંતવ્યો સાથે અમે સંમત ન જ હોઇએ; દાખલા તરીકે લગ્નની પસંદ કરેલી એમની રીત અમને ગ્રાહ્ય નથી. પણ તેટલા કારણે અમે એમનાં મંતવ્યો પાછળ રહેલી ચોખડીઆટ ભાવનાને - ખરા વિરાગને અમે ન જ વખોડી શકીએ, અને શેઠાણી પાસે તે આવા શબ્દો કહેવડાવે છે - " એક પુરુષ પોતે બીજા પુરુષને કહે કે :" મારી સ્ત્રીને પુત્ર આપ" તો એથી પોતા ઉપરની ભારે ગાળ બીજી કઇ હોઇ શકે" એ મહેણાના શબ્દો પાછળ રહેલી ભાવના દરેક બાળકભૂખ્યા સ્ત્રી અને પુરુષે સમજવી જોઇએ. આ ચાબખો જબરો પણ વાસ્તવિક છે એ અભિપ્રાયને વિજયરાયે વેંત સમર્થન આપ્યું હતું.[21]

---

૨૧. "સાહિત્ય" સને ૧૯૩૨ : ડિસેમ્બર : પૃ. ૭૪૫ અને "ગત શતકનું સાહિત્ય" પ્રથમ આવૃત્તિ : ૧૯૫૯ પૃ. ૨૫૨.

:૫: <u>આદર્શઆર્યા</u> :[૨૨] ગુજરાતી સાહિત્યમાં "વીસમી સદી" નામના માસિકપત્રમાં સને ૧૯૧૬ ના અરસામાં "મલયાનિલ" નામના લેખકની "ગોવાલણી" શીર્ષક ટૂંકીવાર્તા પ્રગટ થઇ હતી. તે પહેલા વાડીલાલની પ્રસ્તુત નવલિકા પ્રગટી ચૂકી હતી. આજે પણ સદરહુ "આદર્શઆર્યા"માં નવલિકાતત્ત્વને લગતી કોઇ ઊણપ ભાગ્યેજ માલમ પડી આવે એવી હથોટીએ તે લખાઇ છે. સાહિત્યના સાચા અભ્યાસીઓએ એ દૃષ્ટિબિંદુ વિચારવા જેવું છે. આખી નવલિકાને નિરૂપણાત્મક પધ્ધતિએ હાથ ધરવામાં આવી છે.

:૬: <u>આપણી આસપાસ ચાલતું સાચું નાટક</u> :[૨૩] જૈનોની હાલની સ્થિતિનું ચિત્ર આ વાર્તા પ્રગટ થઇ ત્યારે સાથોસાથ સદ્ગત નાથુરામ પ્રેમજીના "જૈનહિતૈષી"માં તેનું હિન્દી ભાષાંતર પ્રગટ કરવામાં આવ્યું હતું. પરિણામે સારાયે જૈનસમાજમાં ગંભીર પ્રકારના ઊહાપોહનો વંટોળ ચઢવા પામ્યો હતો. તેને અનુલક્ષીને વા. મો. શાહે સદરહુ વાર્તાના બીજા હપતામાં એક પાદટીપ નોંધી હતી જેમાં લેખકે પોતાનું હાર્દ સ્પષ્ટ સ્વરૂપે રજૂ કર્યું હતું આ રહી તે નોંધ :-

"હું સ્વપ્નમાં પણ એવી આશા નથી રાખતો કે મારા વિચારો અને લેખો સર્વત્ર પ્રશંસા જ પામે. એવી આશા કુદરતના નિયમોથી તદ્દન અજ્ઞાન માણસ જ રાખી શકે. પરંતુ મારા લેખો કે વિચારો સમાજમાં રજૂ થવા સાથે જ સમાજનો મોટોભાગ – મિત્ર યા શત્રુ રૂપે પણ – તેના

---

૨૨. જૈ. હિ. : ૧૯૧૪ : મે : પૃ. ૩૩૦ ; પુનર્મુદ્રિત "કૌમુદી" સને ૧૯૩૪ : એપ્રિલ : પૃ. ૩૨૧–૨૫ ; અને "ઉર્મિ-નવરચના" સને ૧૯૫૫ : એપ્રિલ.

૨૩. જૈ. હિ. સને ૧૯૧૫ : ઓક્ટોબર-ડિસેમ્બર : પૃ. ૩૭૧–૩૭૭ અને જૈ. હિ. : ૧૯૧૬ : જાન્યુઆરી-માર્ચ : પૃ. ૧–૧૮.

તરફ આકર્ષાય છે એ જ મને ગુપ્ત આનંદ આપવા માટે પૂરતું છે. મારો અવાજ સમાજના કાનને જ નહિ પણ હૃદયને પણ પહોંચી શકે છે એ જાણવું મને ઓછું આનંદજનક નથી. મુંબઇના હિંદી "જૈનહિતૈષી" પત્રમાં મારો આ લેખ છપાઇને બહાર પડ્યો અને બનારસ પહોંચ્યો તેજ દિવસે ત્યાં આગેવાન દિગમ્બર જૈનોએ તે લેખ વાંચ્યો અને તેમને તે કેટલી હદ સુધીની અસર કરનાર થઇ પડ્યો તે એટલા ઉપરથી સમજી શકાશે કે તેઓએ તેજ રાત્રે એક જાહેર સભા ભરીને "હિતૈષી" સામે "પ્રોટેસ્ટ" ઉઠાવ્યો. આ ખબરને હું ઊંચી "વધામણી" માનું છું. જૈન આગેવાનો અને તેમાં પણ કરોડપતિઓ વાંચવા-વિચારવાની દરકાર કરતા થયા એ ખબર એક વધામણી નહિ તો બીજું શું કહેવાય? અને "પ્રોટેસ્ટ" પણ એટલો જલદી ઉઠાવવો પડે એ એ લેખમાંના "લોજિક"ની અને ભાષાની "શકિત" અસહ્ય લાગવાનો પુરાવો નહિ તો બીજું શું છે ?

મારા માનવંત મિત્ર અને "જૈનમિત્ર"ના ઓનરરી એડિટર બ્રહ્મચારી શીતલપ્રસાદજી આ લેખનું "રિવ્યુ" લેતાં એમાંની દલીલો અને ભાષા બળથી અંજાઇ ગયેલા જોવાય છે. પણ એ વિચારોનું યુકિતપૂર્વક ખંડન કરવા આમંત્રણ આપે છે કે જે ખંડન તેઓ પોતાના પત્રમાં પ્રગટ કરવાનું વચન પણ આપે છે. શાસ્ત્રોમાં પારંગત અને અખંડ બ્રહ્મચર્યના પાળનાર અર્ધસાધુ પોતે [એક સાપ્તાહિક પત્રના સમ્પાદક હોવા છતાં] ખંડનમાં કાંઇ દલીલ રજૂ કરવાની હિંમત ન ધરાવી શકે અને બીજા વિદ્વાનોને આમંત્રણ આપે એજ મારા

વિચારોના વિજયનો શ્રેષ્ઠ પુરાવો કે વાવટો છે એમ હું માની લઉં તો મારી એ વ્યાજબી મગરૂરી જેને હું આવશ્યક સદ્ગુણ માનું છું તેને માટે કોઈએ ખોટું લગાડવું જોઈતું નથી. એ ગમે તે હો, હું તરફેણના અવાજ કરતાં વિરોધના અવાજથી વધુ ટેવાયેલો છું અને મને તે વધારે ઉપયોગી લાગે છે; માટે હું ઇચ્છું છું કે વિદ્વાનો સાચા દિલથી અને પ્રૌઢ વિચાર સાથે બહાર પડે અને આ વિષય કે જે કોઈ એક મનુષ્યની મિલકત નથી, તેને પૂરતા વિવેકથી અને ઊંડાણથી ચર્ચે. જૈનોમાં જો એવું જોર, એવી વિચારશકિત, એટલી જાહેર જિંદગી, એટલું ઊંડાણ, બીજાના વિચારને સહેલાઈથી તાબે ન થતાં પોતાના પગ ઉપર – પોતાના આત્મપ્રકાશ પર ઊભા રહેવાની હિંમત આવેલી હું જોઉં તો જન સમાજને "સડતું પાણી" માનતાં હું તત્કાલ અટકું અને "મારો સમાજ જીવતોજાગતો–નાચતોકૂદતો–જીવનમય છે, હજી પણ જીવનમય છે" એ સ્મરણથી હું બેહદ ખુશી થાઉં : અને એટલાજ માટે હું ફરીથી કહું છું કે બનારસમાં પ્રોટેસ્ટ ઉઠાવવા મળેલી સભાને હું અંત:કરણથી ધન્યવાદ આપું છું અને તેઓ એટલેથી જ અટકી ન જતાં વધારે મક્કમ પણે – પણ સાચા દિલથી – આગળ વધે એમ ઇચ્છું છું.

પ્રસ્તુત નાટકમાં ધાર્મિક ઝઘડા તથા સ્ત્રીઓની અને સમાજ–વ્યવસ્થાની ખેદજનક દશા એમ ચિત્રો વડે આધુનિક જનસમાજના બે અંગોનું દર્શન કરાવવામાં આવ્યું છે. – અને પછી જૈનશાસ્ત્રોની દશા તથા જૈન અભ્યાસીઓનું છીછરાપણું તેમજ જૈન આગેવાનોમાં "દોરવા" ની "શકિત"નો અભાવ અને માનવજાતનું ગાડરિયાપણું આલેખવામાં આવ્યું છે. તે ઉપરાંત એ દયાજનક સ્થિતિઓને જાહોજલાલીના

રૂપમાં બદલી નાખવાની "કળા" બતાવનાર દેવીને રજૂ કરવામાં આવી છે. એ દેવીનું નામ "શક્તિ" છે અને એનો વાસ સર્વત્ર છે તે આ નાટકમાં બન્ને પાત્રોના મગજમાંથી જ ઉત્પન્ન થતી એ દેવીને બતાવીને સાબિત કર્યું છે. તેનો સંદેશો જનસમાજે બહુ લક્ષપૂર્વક સુણવા જેવો છે."[૨૪] સદરહુ વાર્તાનાયકની ભાષાશૈલી ઉદ્બોધન સ્વરૂપની છે, તેની યોગ્ય નોંધ વા.મો.શાહના ગદ્ય અને શૈલીમાં આપવામાં આવશે.

:૭: "બે દોસ્તો : આ વિસ્તારભરી વાર્તા માટે વા.મો.શાહે કરેલું સૂચન નોંધપાત્ર હોઇ અહીં રજૂ કર્યું છે.: "આ માત્ર ટૂંકી વાર્તા નથી, પણ એતો મારા સ્થૂલ તેમજ સૂક્ષ્મ અનુભવને અમુક પ્રકારના વાઘા પહેરાવીને જનતા સમક્ષ મૂકવાની મેં એક માત્ર "રમત" કરી છે. મારા જીવનના સાચા અભ્યાસીઓ તો એ "બે દોસ્તો"માં સૂચવાયેલા યુવકને સ્પષ્ટપણે ઓળખી લેશે એવી મને ખાત્રી છે. મુખ્યનાયક વાઇલીનું-આત્મકથન વાંચ્યા પછી દુનિયાનું સ્વરૂપ તથા મૈત્રીનું સ્વરૂપ વાચકે સ્વબુધ્ધિથી સમજી લેવાનું રહે છે."[૨૫] જેઓ વાડીલાલનું જીવનવૃત્તાંત ન જાણતા હોય તેમને આ ડિટેક્ટિવ વાર્તા જેવી લાગે છે.

:૮: સુદર્શન" નવલકથા લખાયા પછી છ એક વર્ષના ગાળા બાદ એક નવી નવલકથા રચવાની પ્રેરણા વાડીલાલ શાહને મળી હતી,; જેનું શિરોનામ છે "મૃત્યુના મ્હોંમાં" અથવા "અમૃતલાલનું અડવાડિયું"

---

૨૪. જૈ. હિ. : સને ૧૯૧૬ : માર્ચ : પૃ. ૧૩
૨૫. જૈ. હિ. : સને ૧૯૧૯ : ઓક્ટોબર : પૃ. ૫૮-૭૫ અને "સંદેશ દીપોત્સવી અંકમાં પુનર્મુદ્રિત સંવત - ૨૦૦૨; "વા. મો. શાહની તત્ત્વકથાઓ" સને ૧૯૬૦, આવૃત્તિ પહેલી પૃ. ૫૩-૭૪.

એ કથામાં સાંસારિક, સામાજિક, આર્થિક, વ્યાપારિક અને રાજકીય ક્ષેત્રોની છણાવટ વિવિધ પાત્રોના વર્તન અને તેના આલેખન મારફત રજૂ કરવાનો આશય લેખકે રાખ્યો હતો. શ્રી ત્રિભુવન હેમાણીએ તો ગુજરાતની પ્રથમ રાષ્ટ્રીય નવલકથાનું બિરુદ "મૃત્યુના મ્હોંમાં નવલકથાને આપણે આપવું જોઇએ, એમ કહ્યું છે અલબત્ત કનૈયાલાલ મુનશીએ એક ઉચ્ચકક્ષાની ગુજરાતી રાષ્ટ્રીય નવલકથા ૧૯૨૭માં પ્રસિદ્ધ કરી હતી, જેનું નામ "સ્વપ્નદ્રષ્ટા." પરંતુ વા. મો. શાહની પ્રસ્તુત નવલકથા શ્રી મુનશીની નવલકથા રચવામાં આવી તે પહેલાં ૧૯૨૧માં પુસ્તકાકારે પ્રગટ થઇ ચૂકી હતી એ નોંધપાત્ર છે. એને રાષ્ટ્રીય નવલકથા તરીકે ઓળખાવવામાં આવે છે એનું કારણ તો વાડીલાલે પોતેજ જણાવ્યું છે કે : "યુરોપીય મહાયુદ્ધના પ્રારંભકાળમાં જે વખતે હિંદમાં કોઇપણ પ્રકારના ઉત્થાનની હિલચાલ દૃષ્ટિએ પડતી નહોતી અને મજૂર વર્ગ હડતાલ કે એકસંપીના નામથી અજાણ હતો ત્યારે આ કથાનો મુખ્યભાગ લખાયો હતો."[૨૬] એ વખતે એ નવલકથાની શરૂઆત કરતી વખતે વાડીલાલ શાહે જાહેર જનતાને સંબોધીને લખ્યું હતું કે: "કોઇ અમુક વ્યક્તિને લક્ષમાં રાખીને આ નવલકથા લખાઇ નથી. નામો સર્વે કલ્પિત છે; વર્ણન સામાન્ય છે; હિંદમાં અને જૈન સમાજમાં આ કથાના અમૃતલાલ, સુશીલા, લીલા, ચંદ્રશંકર, શાન્તિસાગરમુનિ અને મોતીલાલ શેઠ જેવાં પાત્રો આજે ખરેખર જ હયાતી ધરાવતાં હોત અને તેમનું જીવનવૃત્તાંત મને લખવાનું પ્રાપ્ત થયું હોત તો હું મને કૃતાર્થ માનત. હિંદમાં જ્યારે એવાં પાત્રો જનમશે ત્યારે યુરોપ હિંદને

---

૨૬. "મૃત્યુના મ્હોંમાં" અથવા "અમૃતલાલનું અઠવાડિયું" : આમુખ : પૃ. ૧.

ગુરુ બનાવશે. જૈનસમાજમાં જ્યારે એવા પાત્રો પાકશે ત્યારે વિશ્વમાં તે ધર્મ એકના એક ધર્મ તરીકે સ્વીકારાશે. દરમ્યાન આપણે પવિત્રલીલાના પ્રેમપાત્ર ચંદ્રશંકરના જેવા આશાવાદી બની પ્રસન્ન રહીશું.[૨૭] આ ઉપરાંત સને ૧૯૨૧ માં એ કથાને પુસ્તકાકાર આપતી વખતે વાડીલાલે જે કાંઇ કહ્યું છે તે પણ પ્રેરણારૂપ છે: "હિંદનો પ્રસવકાળ, દુનિયાનું ભવિષ્ય, આવતીકાલના માનવછોડ માટે તનદુરસ્ત હવાપાણીરૂપ નૂતન ધર્મની ભાવના, સમાજ અને રાજની નૂતન યોજના, રીતિ અને શિક્ષણને લગતા પ્રશ્નનો ઉકેલ, નવું નગર અને નૂતન આરોગ્યગૃહ, શક્તિશાસ્ત્રનાં અમોઘ સૂત્રો, યોગ અને ભોગના બાનદાન જોડાણની રચના; ઇત્યાદિ પ્રકાશનારી નૂતન કથા."[૨૮]

નવલકથા રચનારના શબ્દોમાં જ સદરહુ નવલનો પરિચય અપાઇ ગયા પછી હવે એ કથામાં કયા પ્રકારનું વસ્તુ સમાવાયેલું છે તે સંક્ષેપમાં તપાસી લેવું પૂરેપૂરું આવશ્યક ગણાશે. મુખ્યપાત્ર શેઠ અમૃતલાલ અમદાવાદના એક કરોડપતિ જૈન મિલમાલિક છે; નીતિવાન, દુર્વ્યસન અને દગાફટકાથી દૂર રહી પોતાના ધંધામાં જ મશગૂલ રહેનારા, સુશિક્ષિત અને આધેડ ગૃહસ્થ તરીકે તેમને કલ્પ્યા છે. એમની ખામીમાં ખામી જે આ ધાંધલમય જડવાદી દુનિયામાં "ખામી" ગણાતી જ નથી – એ બતાવી છે કે દ્રવ્યપ્રાપ્તિના ઉદ્યમમાં તે એટલા બધા ગૂંથાયેલા રહે છે કે દેશ અને સમાજ તરફ ધ્યાન આપવાનું તો

---

૨૭. જૈ. હિ. : સને ૧૯૧૫ : જૂન : પૃ. ૧૪૪.
૨૮. "મૃત્યુના મ્હોંમાં" અથવા "અમૃતલાલનું અઠવાડિયું": સને ૧૯૨૧ : મુખપૃષ્ઠ.

દૂર રહયું પણ પોતાની પ્રેમાળ પત્ની અને કુમળી વયના બાળકોને પોતાની સોબત આપવા જેટલું પણ તેમનાથી બનતું નથી. પરિણામે પત્ની સુશીલાનું જીવન લુખ્ખુ – નીરસ બને છે અને મોટોપુત્ર રમણલાલ ઘરની બહાર સોબત શોધવાની સ્થિતિમાં મુકાઇ જુગારી દારૂડિયા લોકોના પંજામા પડે છે. પૂર્વકાળની આર્યસતીના નમૂના જેવી પુત્રી લીલાવતી પોતાની પ્રકૃતિને અનુકૂળ એવા ક્ષત્રિયયુવાન ચંદ્રશંકર તરફ નિર્મળ પ્રેમથી આકર્ષાય છે કે જે યુવાન ક્ષત્રિયકોમનો હોવાથી અને તેણે સારી આમદાનીવાળો બેરીસ્ટરનો ધંધો છોડી સામાન્ય લેખક અને પ્રોફેસર તરીકેનું જીવન અંગીકાર કરેલું હોવાથી અમૃતલાલ તે બંને વચ્ચે મુલાકાતો થવા દેવા ખુશી નથી. રમણલાલ અને લીલાવતી ઉપરાંત અમૃતલાલને ત્રીજું પણ એક સંતાન છે જેને બાબુ કહીને બોલાવ-વામાં આવે છે.

એક દિવસ અમૃતલાલની મિલમાં રવિવારની રજા ન પાડતાં કામકાજ ચાલુ રાખવામાં આવ્યું હતું અને એકાએક અકસ્માત થવાથી સંખ્યાબંધ મિલમજૂરો ઘવાયા હતા, જેમાંનો એક સખારામ હતો. એ મજૂરે અગાઉ પોતાના પ્રાણને જોખમમાં નાખીને અમૃતલાલની જિંદગી બચાવી હતી અને બદલો પણ સ્વીકાર્યો નહોતો. તેણે પોતાના મરણ પ્રસંગે પોતાના માલિકને મળવા અને નિરાધાર કુટુંબની ભલામણ કરવા ઇચ્છ્યું. શેઠને પ્રથમ તો તેની કંઇ અસર થઇ નહિ પરંતુ દયાળુ શેઠાણી સુશીલા પતિને વિનયપૂર્વક પરંતુ મક્કમ શબ્દોમાં ઠપકો દે છે. તેથી આઘાતપામેલા શેઠને તંદ્રા આવે છે, અને તે સ્થિતિમાં

તે ઘણાં અસરકારક દૃશ્યો જોવા પામે છે. પ્રથમ તેની દૃષ્ટિ સમક્ષ શ્રીમંતોના મોજશોખ અને ગરીબોની વિપત્તિઓના દેખાવ ખડા થાય છે. પછી શાન્તિસાગર નામના એક ઉચ્ચકોટિના સંતપુરુષની સામે હાથ જોડીને કીંમતી શાલ અર્પણ કરતો એક મિલમાલિક તેની દૃષ્ટિએ પડે છે. શાન્તિસાગર તે ભેટ ન સ્વીકારતાં ઠંડીથી મરી રહેલા નવસ્ત્રા ગરીબોને ઢાંકવાની સલાહ આપે છે અને મિલમજૂરોને સુખી "શહેરી" બનાવવાની કાળજી રાખવાનો ઉપદેશ કરે છે. એ પ્રસંગની વાતચીત અત્યંત અસરકારક અને ઉપદેશી છે. ત્યાર પછી અમૃતલાલની નજર સમક્ષ એક જુગારખાનામાં તેના પુત્ર રમણલાલ પર પ્રહાર કરતા બદમાશોની ટોળી ખડી થાય છે. કટોકટીને વખતે રમણની બૂમ સાંભળી ચંદ્રશંકર આવી ચઢે છે અને તેને બચાવે છે. રમણ પકડાઈ જવાથી શરમાય છે, પશ્ચાત્તાપ કરે છે અને ચંદ્રશંકરની સોબત તથા ઉપદેશ મેળવવા વિનંતી કરે છે વળી પાછું દૃશ્ય બદલાય છે. ચંદ્રશંકરના દિવાનખાનામાં તે તેના સોલિસિટર મિત્ર દફતરી તથા લીલા ઘણીજ ચિતાકર્ષક વાતચીતમાં રોકાયેલા નજરે પડે છે. પ્રેમ, સુધારો, જ્ઞાતિ વગેરે બાબતમાં થોડા પરંતુ મુદ્દાના શબ્દોમાં થતી આ પ્રસંગની ચર્ચા અવશ્ય વાંચવા જેવી છે. છેલ્લો દેખાવ જે અમૃતલાલની નજરે પડે છે તે જિંદગી સુધી ન ભૂલાય તેવો હતો. તમામ આકાશને રોકી રહેલું માથું તેના જોવામાં આવે છે. તેમાંથી અવાજ નીકળે છે:

"ઓ દુનિયાના કીડા ! ડર નહિ, દોડ નહિ, સ્થિર થઈ સાંભળ ! જે જગાએથી તારે અત્યારે પહેલાં નાસી છૂટવું જોઈતું હતું તેને તો તું જળોની માફક વળગી રહે છે – ૪૦ વર્ષ સુધી તેને વળગી

રહ્યો અને હજી – જો કે માત્ર એક જ અઠવાડિયું તારે જોવાનું બાકી છે તો પણ – તું તે જગા તરફ દોડે છે. હા, તારે માટે તે દુનિયાની હવા ખાવાનું એક જ અઠવાડિયું બાકી રહ્યું છે. ૪૦ વર્ષનો ઉપયોગ તેં કેવી રીતે કર્યો છે તે વિચારવાનું કામ તારું પોતાનું છે. જનસેવા અને પ્રેમ કે જેના ઉપર દુનિયાની હયાતીનો આધાર છે તે તત્ત્વોને ખીલવવા તેં કદાપિ દરકાર કરી નથી. જડ પદાર્થોની પ્રાપ્તિ અને વૃદ્ધિ એને જ તેં તારા મનુષ્યજીવનની સફળતા માની છે. તારા હાથ તળે મુકાયલા આત્માઓ – તારી પત્ની અને પુત્રપુત્રીઓ – એમને પણ મદદ કરવાનું તારાથી બન્યું નથી. વૈભવ અને દુનિયાઇ કીર્તિથી તું ધરાયો નથી. અનંતપૂર્વ જન્મોના પ્રમાદનું સાટું વાળવા માટે તને અપાયેલો મનુષ્ય જન્મ તનદુરસ્તી, ઉચ્ચ કૂળ, આગેવાની, લક્ષ્મી, વિદ્યા વગેરે સર્વ સાધનોનો તેં માત્ર પૈસા એકઠા કરવામાં અને વાહવાહ ખાટવામાં જ ઉપયોગ કર્યો છે. સેતાન પર જય મેળવવા માટે તને સેતાનના રાજ્યમાં મોકલવામાં આવ્યો હતો; તું તે સેતાનનો જ સહાયક બની ગયો. જડવાદને હાંકી કહાડવા માટે તને બુદ્ધિનું શસ્ત્ર આપવામાં આવ્યું હતું; તું તેને જ જડવાદના રક્ષણ અને પુષ્ટિમાં વાપરવા લાગ્યો. ઉચ્ચતમ પ્રેમને પીછાનવા માટે જ પત્નિ અને પુત્ર-પુત્રી તને આપવામાં આવ્યાં હતાં; તું તેમનો અનાદર કરી માત્ર "હું" પદનો જ પૂજારી બન્યો. લોકોને સીધે માર્ગે વાળવા માટે તને સત્તા અને ધન આપવામાં આવ્યું હતું; તેં તેનો સેતાને શિખવેલી ખોટી મોટાઇમાં જ ઉપયોગ કર્યો. ઓ તળાવ કિનારે તરસ્યા મરનાર માનવ ! ........................ડર નહિ, શાન્ત થા,

હિંમત ધર અને હજી સાત દિવસ તારી જિંદગીના લખતમાં બાકી રહયા છે તેટલામાં તારાથી બને તેવી રીતે બગડેલી બાજી સુધારવા કોશિશ કર."[२८]

દેખાવ અદૃશ્ય થાય છે અને તંદ્રા પણ દૂર થાય છે છતાં અમૃતલાલ "હું સાત દિવસમાં મરવાનો છું એ વાત ભૂલી શકતા નથી. સુશીલા હિંમત આપે છે. સાત દિવસનો સારામાં સારો ઉપયોગ કરવાની શકિત મળે એવી પ્રાર્થના એકાંતમાં કરવામાં આવે છે. સદરહુ પ્રાર્થનાની શૈલી હરકોઇ દેવને માનનારને તેમજ કોઇપણ દેવને નહિ માનનારને એક સરખી રીતે પવિત્રતા અને બળ ધીરે એવી છે; ખરેખર વાંચવા યોગ્ય છે.

બીજે દિવસે એટલે સોમવારે સવારે પ્રાર્થનાબાદ કુટુંબ સાથે ચા પીધા પછી અમૃતલાલ મિલમાં જવા નીકળે છે અને મિલના કમ્પાઉન્ડમાં જ મજૂરોનું હુલ્લડ જુએ છે. બદલાયેલા અમૃતલાલ ઉશ્કેરાયેલા મજૂરોના સરદાર બની તેમનામાં સ્વમાન ઉત્પન્ન થાય તેવો ઉપદેશ કરે છે. તેઓ કહે છે :
"હિંદના તે કારીગર વર્ગનો નમૂનો દુનિયાના કોઇપણ ભાગમાં આજે શોધ્યો પણ હાથ લાગે તેમ નથી. પાશ્ચાત્ય સભ્યતાનું એક કાળું મોજું આ દેશ ઉપર ફરી વળ્યું અને તેણે બુધ્ધિ મહેનત અને મૂડીને જુદી પાડી પરસ્પર ખેંચતાણ ઉત્પન્ન કરી. તેણે કારીગરોને મજૂર

અને માત્ર મશીન બનાવી દીધા. જૂના કારીગરો મરી ખૂટયા અને ઢાકાની જગપ્રસિધ્ધ મલમલ જેવી અસાધારણ કારીગરી કરનારના તો અંગૂઠા પણ કાપી નાખવામાં આવ્યા. આ પ્રમાણે "કારીગર"ને નાબૂદ કરી તેની જગાએ "મજૂર"ને ગોઠવનારો પાશ્ચાત્ય પવન આજે પૂર-જોશથી ફૂંકાઇ રહયો છે. તે પવનને વશ થઇ આપણા મૂડીવાળાઓએ પૂરતો સ્વાર્થ સાધ્યો છે અને આપણા બુધ્ધિવાળાઓએ મેનેજરો, એન્જિનિયરો, સ્પિનિંગ-વીવિંગ માસ્તરો, દલાલો, વેપારીઓ પણ સ્વાર્થ સાધવામાં બાકી રાખી નથી, કે જે સઘળાઓએ માત્ર કારીગરો-ના ભોગે જ સ્વાર્થ સાધ્યો છે. ખેતરોમાં અને ફળિયામાં સ્વતંત્ર હળ અને હેન્ડલુમથી સુખે પેટ ભરતા કારીગરવર્ગને લલચાવી આપણે મિલના અંધાર કેદખાનામાં ખેંચ્યા છે અને ત્યાં તેમનાં લોહી ચૂસી તથા તેમની બુધ્ધિને સાચા જેવી જડ બનાવી એમનાં જીવન રદ કર્યાં છે. આનું સંપૂર્ણ પ્રાયશ્ચિત ત્યારેજ લીધું કહેવાય કે જ્યારે આપણે દેશમાં પુનઃ "કારીગર" વર્ગ ઉત્પન્ન કરી આપીએ."[30]

અમૃતલાલના મુખેથી વાડીલાલ છડેચોક અંગ્રેજોનો વિરોધ કરે છે. એમને કોઇનો ય ડર નથી. આવું લખાણ લખ્યા પછી એના પરિણા-મની ચિંતા વાડીલાલને નથી. અમૃતલાલ, હિંમતસિંહ અને મગન મિસ્ત્રી નામના બે મજૂરોને મસલત કરવા બોલાવીને તાકીદે મજૂર વર્ગની સઘળી અગવડો દૂર કરવાનું વચન આપી સખારામ નામના પોતાનો પ્રાણ બચાવનાર ઘવાયેલા મજૂરની ખબર કાઢવા જાય છે. જેમ

30 જૈ. હિ. : સને ૧૯૨૧ : જૂન : મૃત્યુના મ્હોંમાં : પૃ. ૮૦-૮૧.

હુલ્લડખોર મજૂરો સમક્ષ અમૃતલાલ શેઠે આપેલું ભાષણ સુંદર છે તેમ મરણપથારી પરથી સખારામે આપેલું ભાષણ હૃદયદ્રાવક છે. સ્વાર્થી, શ્રીમંતો પર અર્થસૂચક શબ્દોમાં તિરસ્કાર કરતાં કરતાં ગરીબ સખારામ બૈરી છોકરાંને નિરાધાર છોડી બીજી દુનિયામાં ચાલ્યો જાય છે. અમૃતલાલ તે નિરાધાર જીવોને પોતાના કુટુંબી તરીકે પોતાને ઘેર મોકલી આપે છે તથા અકસ્માતના ભોગ થઇ પડેલા અન્ય મજૂરોને દાક્તરી મદદ આપવા જાતે દોડે છે. સાંજે ઘેર આવતાં લીલા એક રમૂજી દેખાવ રજૂ કરી પિતાને ખુશ કરવા મથે છે, એટલામાં આણંદથી એક તાર આવે છે. તે અમૃતલાલની બીમારબેન ધનલક્ષ્મીની તબિયત બાબતનો હોઇ રાત્રિની ટ્રેનમાં અમૃતલાલ, લીલા અને બાબુ આણંદ જવા ઊપડે છે. આણંદ નજીક આવી પહોંચતા બીજી ટ્રેન સાથે અકસ્માત થાય છે, જેને પરિણામે સંખ્યાબંધ ઉતારુઓ ઘવાય છે. અમૃતલાલ, લીલા અને બાબુ એ ત્રણેને થોડી-વત્તી ઇજા થાય છે. પણ ઘવાયેલાઓની સારવાર પોતાની ઇચ્છાથી કરવામાં રોકાયેલા ચંદ્રશંકરની મદદથી પિતાપુત્ર બચી જવા પામે છે અને મોં છૂંદાવાથી બેભાન થયેલી લીલા માટે ચંદ્રશંકર અંધારી રાત્રે આણંદ જંઇ પોતાના એક ડોકટરમિત્રને બોલાવી લાવે છે. ડૉકટર પૂરતી સારવાર કરે છે, પરંતુ ભય બતાવે છે કે તે કદાપિ બચવા પામશે તો પણ તેની જોવાની બોલવાની અને સાંભળવાની ઇન્દ્રિયો નકામી થઇ પડશે. ઉપકારના બોજાતળે આવેલા અમૃતલાલ હવે ચંદ્રશંકરનો આભાર માનીને કહે છે કે જો લીલા આબાદરીતે બચી જવા પામે તો તેને

ચંદ્રશંકર સાથે પરણાવી કરજમુક્ત થવા પોતે ઇન્તેજાર છે. જવાબમાં ચંદ્રશંકર જણાવે છે " જો લીલા ચક્ષુ આદિ ગુમાવી ન બેસે તો આપની ખુશીમાં આવે તેવી તેની વ્યવસ્થા કરજો, પણ કમનસીબે ડૉકટરનો ભય ખરો પડે તો તો એની દુઃખીઆરી જિંદગીના ભાગીદાર બનવાનું સદ્ભાગ્ય મને આપજો."[31] ડૉકટર ધર્મચન્દ્રના ઉપચારગૃહમાં સારવાર લઇ રહેલી લીલા સાજી થાય છે. વાડીલાલ શાહ દવા વગર દર્દો મટાડવાની નેચરોપથીની વિદ્યાના આશક હતા તેથી એમણે ડૉ. ધર્મચન્દ્રને પોતાની કલ્પના મુજબના ઉપચારગૃહની સ્થાપના કરતા બતાવ્યા છે. ડૉકટર પોતે પહેલાં કેવો ખરાબ હતો, પાછળથી કેવી રીતે સુધર્યો, કેવી રીતે જર્મની ગયો, ત્યાં કેવી રીતે વૈદકવિદ્યાનો અભ્યાસ કર્યો, કેવી રીતે હિંદમાં આવી પોતાને જ પૈસે ઉપચારગૃહની સ્થાપના કરી અને કેવી રીતે અમદાવાદના બેરિસ્ટર અને પાછળથી પ્રોફેસર થયેલા ચંદ્રશંકરે તે દવાખાનામાં પોતાની અડધી આવક આપવા માંડી વગેરે વાત કહી સંભળાવી એટલે એમની સાથે અમૃતલાલે પણ સામેલ થવાની કબૂલાત આપી.

ત્યારબાદ મિલમજૂરોની એક સભા બોલાવીને તેમના ઉધ્ધાર અને જીવનના ઉચ્ચીકરણ માટે પોતાનો સાત મુદ્દાનો કાર્યક્રમ રજૂ કરે છે, જેને માટે મજૂરો તેમનો જયજયકાર કરે છે. પછી સામાજિક સુધારણાને માટે પોતાની જ્ઞાતિની એક મીટિંગ બોલાવે છે ત્યારે તે વાડીમાં હાજરી આપવા માટે જતા રસ્તામાં બે દારૂડિયા અને

---

31. જૈ. હિ. : સને ૧૯૨૧ : મૃત્યુના મ્હોંમાં" : પૃ. ૪૬

છાકટાઓનો અંધારીરાત્રે ભેટો થાય છે. તેમને ઓળખવા અમૃતલાલે દીવાસળી સળગાવી તો પોતાના જ દીકરા રમણને તેના દોસ્ત સાથે જોયો. તેમને બંનેને પકડાવી એક ઓરડામાં પૂરાવી દઇ પોતે મીટિંગમાં ગયા અને ભરસભા વચ્ચે પોતાના અંતરની ગડમથલ રજૂ કરી. તથા પોતાના જીવન માટે પોતે દાખવેલી બેદરકારી બળબળતા શબ્દો દ્વારા રજૂ કરીને રમણને અને તેના પિતાને એટલેકે પોતાને જ નાતબહાર જાહેર કરી પ્રમુખપદેથી રાજીનામું આપ્યું. જર્મનીથી અભ્યાસ કરીને આવેલા જ્ઞાતિબંધુ હીરાલાલ નામના વૈજ્ઞાનિક [Scientist] ને એના પરદેશગમનના ગુના બદલ જ્ઞાતિબહાર કરવાની પેરવી સભાએ કરી રાખી હતી, તેનો તોડ કાઢવાનું કામ અમૃતલાલ સભાને સોંપી દે છે. પરંતુ સભાને સદ્બુધ્ધિ આવતાં અમૃતલાલ શેઠ પાસે રાજીનામું પાછું ખેંચાવી લે છે અને તેઓ જે રસ્તો બતાવે તે રસ્તે જવા આખી સભા કોલ આપે છે. અમૃતલાલ શાન્તિસાગર મહારાજના આદેશ મુજબ વર્તન કરવાનું સૌને સૂચન કરે છે. વિજ્ઞાનવીર હીરાલાલ શાન્તિસાગર પાસેથી લાવેલા ઢંઢેરાને અમૃતલાલના સૂચનથી વાંચી સંભળાવે છે. તાજગીભરેલી ભાષામાં નૂતન માર્ગદર્શન એ ઢંઢેરાદ્વારા તે સંતપુરુષે કરાવ્યું છે, જેમાંનું એક ઘણું જ સંક્ષિપ્ત છતાં સૂચક અવતરણ અહીં રજૂ કરી સંતોષ માનવાનું ઉચિત ~~સમજું છું~~ લાગે છે. :

"આપણે હિંદીઓ !

સેંકડો વર્ષથી ખુવાર થવા છતાં

સમાજ, આરોગ્ય, વ્યાપાર, કે રાષ્ટ્ર કશાને અંગે ધોરણસરની

યોજના કે હિલચાલ કરવા નવરા થયા નથી !

તેવે વખતે પણ ગંભીરતાપૂર્વક વિચાર

અને એકઠા મળીને કામ કરવાનું

હજી આપણને સૂઝતું નથી !

શરમ છે આપણને !

પૂળો મૂકાઓ, આપણી કહેવાતી ધાર્મિક પવિત્રતામાં !

એક સુંદર આબાદ શહેરમાં દાખલ થવા ઇચ્છતો એક આંધળો શહેરના કિલ્લાની આસપાસ ફરતો ફરતો એકના એક દરવાજા પાસે આવતો તે જ વખતે તેને ખૂજલી આવતી અને દરવાજો વટાવી ગયા પછી ખૂજલી દૂર થતી ! તે ઘાણીના બેલની માફક શહેરની આસપાસ ફેરા કર્યા જ કરે અને પોતાની "સહનશીલતા" અને "ક્ષમતા" માટે પોતાના વખાણ કર્યા જ કરે !

આપણે કિલ્લા પાછળ ફરતા અંધા છીએ !

કટોકટીના વખતે પણ

ખૂજલીને તાબે થવાની ના આપણે કહી શકતા નથી."[૩૨]

---

૩૨: જૈ. હિ. : સને ૧૯૨૧ : જૂન "મૃત્યુના મ્હોમાં" : પૃ. ૧૦૧.

સદરહુ ઢંઢેરામાંથી વિવિધ પ્રકારનાં પ્રેરણાદાયક વાકયોનાં અવતરણો મૂકવા જેવાં છે, પરંતુ અવતરણોની અતિશયતાના ભયથી આપવાં બંધ રાખ્યાં છે. "<u>તહમે કયાં ઊભા છો</u> ?" એ શીર્ષકવાળો આ ઢંઢેરો એ બીજું કાંઇ નહિ પણ વાડીલાલ શાહે સને ૧૯૧૭માં "જૈનહિતેચ્છુ"માં પ્રગટ કરેલો એક વિચારપ્રેરક લેખ માત્ર છે.[33]

સાતમા પ્રકરણમાં અમૃતલાલ પોતાની સમસ્ત મિલકતનું વિલ દેશના હિતમાં કરે છે એ વસિયતનામાની કલમો સમાજના અને દેશના ઉધ્ધાર માટેનાં વિચારણીય તત્ત્વો સ્પષ્ટસ્વરૂપે પૂરાં પાડે છે.

ત્યાર પછી દેશોધ્ધાર નિમિત્તે "વસ્ત્રનગર" અને "મહાવીરપુર" નામનાં બે ગામની સ્થાપના માટે યોજના ઘડી તેનો અમલ કરવા મહાત્મા સૂચના આપે છે. બંને ગામના ખાતમુહૂર્ત વખતે હિંદમાં સ્થાપિત થઇ ચૂકેલી અંગ્રેજ નોકરશાહીના અફસરો આવીને અમૃતલાલની ધરપકડ કરે છે અને કારાગૃહના સળિયા પાછળ ધકેલી દે છે. રાતો-રાત ખાસ કોર્ટની વ્યવસ્થા કરીને અમૃતલાલ ઉપર પ્રજાને ઉશ્કેરવાનો આરોપ મૂકીને કેસ ચલાવીને વળતે દિવસે સાંજે પાંચ વાગે જેલના કમ્પાઉન્ડમાં જ ફાંસી આપવાનો હુકમ કરવામાં આવે છે. બીજી બાજુએ મહાત્મા તો સારાયે સમાજના દરેક યુવાન અને યુવતીને હાકલ કરીને એ નવાનગરના પ્લોટ પર કામે લાગી જઇ સાંજ પહેલાં હજાર જેટલા ઘરની દિવાલો ઊભી કરવાનો આદેશ આપે છે. એજ ક્ષણે

---

33. એજન : સને ૧૯૧૭ : સપ્ટેમ્બર : પૃ. ૮૦૯-૮૨૦.

વિલાયતથી સમ્રાટના કાકા ડયૂક ઑફ કૉનૉટની ત્યાં પધરામણી થાય છે અને જેલના કમ્પાઉન્ડમાં અમૃતલાલને ફાંસી દેવાના સમયે આગન્તુક અંગ્રેજ મહેમાનની સાથે મહાત્મા, હીરાલાલ અને અન્યજનો હાજરી આપે છે તે વખતે મહાત્મા પોતાની યોગની શક્તિનો પરિચય ડયૂકને કરાવે છે અને એક પ્રેરણાત્મક ભાષણ કરીને હિંદુસ્તાનની અધોગતિનું દર્શન કરાવે છે છેવટે કહે છે કે :
"ભલા રાજવંશી ! આપણે આજથી દિલોજાન દોસ્ત બન્યા છીએ. પરંતુ તે પહેલાં જે વખત જાય છે તેમાં તારા દેશની ખેરિયત માટે બનતું કરી લે અને બ્રિટનની ઘડિયાળમાં બાર પછી એક વાગતો અટકાવવા બની શકે તેટલો પુણ્યપ્રયત્ન કરી તું તારી મુક્તિ મેળવી લે."[૩૪]

અમૃતલાલને તેના નિયત સમય કરતાં છ કલાક વહેલા ફાંસીએ ચઢાવવામાં આવે છે એટલે વાડીલાલ કહે છે: " એકવાર ફરીથી – જોકે માત્ર છ કલાકને માટે જ એ અમૃતલાલ હિંદમાં પધારશે, એમના આ પુનરાગમનનો ઇતિહાસ તથા અમરલોકમાં રહીને તેમણે ઉપજાવેલા વિશ્વવ્યાપક પરિણામોનો ઇતિહાસ એક સ્વતંત્ર પુસ્તકરૂપે લખવાની જે સમયે આ લખનાર પ્રેરણા પામશે તે સમય તેને માટે એક મોટો વિવાહસમારંભ થઇ પડશે !......................બુધ્ધિવાદની પેલીપાર કાંઇક ચીજ છે – સંગીન, કાર્યસાધક, જયવન્ત ચીજ છે – એટલું જ જો આ પુસ્તકના વાચનથી શ્રધ્ધાગમ્ય થશે તો પણ ઘણી

---

૩૪. જૈ. હિ. : સને ૧૯૨૧ : જૂન "મૃત્યુના મ્હોંમાં" : પૃ. ૧૯૯.

સફળતા મળી ગણાશે.[35] છેવટે પ્રસ્તુત નવલકથાના રચનાર એક સારગર્ભિત પ્રશ્ન રજૂ કરે છે કે : " પરંતુ કોને ખબર છે કે અમૃતલાલને પાછા આવવાનો સમય ક્યારે પાકશે ? કોને ખબર છે કે "પ્રભાકરના પ્રકાશમાં" અથવા "અમૃતલાલનો અધૂરો અમલ" ક્યારે પ્રકાશ પામશે?"[36] સદરહુ "પ્રભાકરના પ્રકાશમાં" અથવા અમૃતલાલનો અધૂરો અમલ" શીર્ષકવાળો આજ નવલકથાનો બીજો ભાગ લખવાની વાડીલાલની મહેચ્છા અધૂરી જ રહી ગઇ.

"મૃત્યુના મ્હોમાં"નું સારદોહન અહીં સમાપ્ત થાય છે. ગુજરાતી સાહિત્યક્ષેત્રે એ અદ્દભુત પ્રકારની ચિંતનપ્રેરક કાલ્પનિક રાષ્ટ્રીય નવલકથા છે. "કલાખાતર કલા"ને માનનારા વાચકોને આ કથા જુદા જ પ્રકારની લાગે કારણકે લેખક "જીવન ખાતર કલા"ના સિદ્ધાંતને વરેલા છે. પ્રસ્તુત નવલકથા તો ધ્યેયલક્ષી છે એટલે ધ્વનિ-પ્રધાન નવલકથામાં "કલાખાતર કલા"ના સિદ્ધાંતને સાચા સ્વરૂપમાં રજૂ કરવામાં ન આવ્યો હોય તો તે તદ્દન સ્વાભાવિક છે. લેખકે લખવા ખાતર કદી પણ લખ્યું નથી પરંતુ જનસમાજને કંઇ સંદેશો આપવો હોય અથવા તો કંઇ વિચારણા રજૂ કરવી હોય ત્યારે જ તેમણે કલમ ઉઠાવી છે. "મૃત્યુના મ્હોમાં" નવલકથાને પ્રગટ કરતી વખતે વાડીલાલે સ્પષ્ટસ્વરૂપે વાચકવર્ગ સમક્ષ રજૂ કર્યું હતું કે : " જિંદગીને "નવો અર્થ" આપવો એ આ કથા લખનારનો સહજ "શોખ" છે. કથા લખવી એ તેનો આશય નથી : કથાકાર હોવાનો એણે કદાપિ દાવો કર્યો નથી અને

---

૩૫. જૈ. હિ. : ૧૯૨૧ : જુન "મૃત્યુના મ્હોમાં: ઉપસંહાર : પૃ. ૧૯૯
૩૬. જૈ. હિ. : ૧૯૨૧ : એજન, જૂન : "મૃત્યુના મ્હોમાં" આમુખ : પૃ. ૧.

કથાકાર થવું પડે એ એને "મહત્તાભર્યું" કે "રુચતું" પણ નથી."[37]

ગુજરાતી સાહિત્યક્ષેત્રે વાડીલાલ શાહે વાર્તારચનાના સર્જક તરીકે આપેલો ફાળો વિપુલ છે એટલો જ અણમોલ છે; છતાં પણ એ સઘળું સાહિત્ય જૈન સામયિકપત્રોમાં પ્રસિદ્ધ થયેલું હોઇ તે તરફ જવું જોઇએ તેટલું ધ્યાન જૈનતરોનું ન જાય એ સ્વાભાવિક છે. વાડીલાલના લેખનનું સાચું મૂલ્યાંકન થવામાં એ અવરોધે પૂરેપૂરો ભાગ ભજવ્યો છે. એ ફિલસૂફ-પત્રકારને સાહિત્યમાં તેનું સ્થાન ઉપર જણાવેલી વાર્તાઓ-કથાઓ અપાવે જ છે અને તેમાં કંઇ અધૂરપ લાગતી હોય તેની પુરવણી હવે પછી અપાતા કટાક્ષલેખોનું વિવેચન પૂરી પાડી રહેશે.

---

૩૭. જૈ. હિ. : ૧૯૨૧ : જૂન : "મૃત્યુના મ્હોંમાં" : આમુખ : પૃ.-૧.

## : વાડીલાલના કટાક્ષલેખો :

કથા લેખકનો પાઠ ભજવવા માટે વાડીલાલ શાહે કેટલીક કટાક્ષિકાઓ અથવા કટાક્ષલેખો રચ્યા હતા.

૧. "આત્મજ્ઞાન વિના સર્વ ફાંફાં !" : એની નોંધ અગાઉ આવી ગઇ છે. જુઓ પૃષ્ઠ ૪૦

૨. "ભમરાજીનું ભાષણ"! ; નકલી ભમરાઓ માટે ! :

જૈ. હિ : સને ૧૯૧૪ : સપ્ટેમ્બર, ઓકટોબર : પૃ. ૭૯૯-૮૦૬

આ હાસ્યમિશ્રિત અતિઉપયોગી હળવો નિબંધ વાડીલાલે "વિહારીદાસ સ્વયંભૂપણ્ડિત"ના તખલ્લુસથી લખ્યો છે. આ પ્રકારનું લખાણ લખવાની પ્રેરણા વા.મો.શાહને કેવી રીતે મળી તે સમજવા જેવું છે. સુપ્રસિધ્ધ બંગ-સાહિત્ય-સમ્રાટ બંકિમચંદ્ર ચેટરજીએ આ પ્રકારનું અવનવું સાહિત્ય રચીને બંગાળી સાહિત્યને સમૃધ્ધ બનાવ્યું હતું. બંકિમબાબુના એ લખાણોનો સંગ્રહ "બંકિમ નિબંધમાળા" શીર્ષકથી શ્રી સસ્તું સાહિત્ય-વર્ધક કાર્યાલયે શ્રી કલ્યાણજીભાઇ પાસે ભાષાંતર કરાવીને સને ૧૯૧૭માં પ્રસિધ્ધ કર્યો હતો. તે પહેલાં ત્રણેક વર્ષ ઉપર એ બંગાળી પુસ્તકનું હિન્દી ભાષાંતર [चौबेका चिट्ठा] "ચૌબેકા ચિઠ્ઠા" શીર્ષકથી પ્રગટ થયું હતું, જેનું અવલોકન કરતાં વાડીલાલે લખ્યું હતું :

"આ પુસ્તકમાં હાસ્યમિશ્રિત અતિ ઉપદેશી ૧૬ નિબંધો છે, જેની બરાબરી કરી શકે એવું કોઇ વાચન હજી સુધી ગુજરાતી કે હિંદી ભાષામાં મારા જોવામાં આવ્યું નથી. આમા નીતિ, ફિલસૂફી, રાજકીય

બાબતોના માર્મિક ઇશારા વગેરેનો એવી યુક્તિપૂર્વક અને રમૂજીરીતે સમાવેશ કરવામાં આવ્યો છે કે હિંદી જાણનાર દરેક આર્યને આ પુસ્તક વાંચવા ખાસ ભલામણ કરવી એ મારી પવિત્ર ફરજ માનું છું."[1] "ચૌબેકા ચિઠ્ઠા" વાંચીને એની સમાલોચના લખ્યા બાદ "જૈનહિતેચ્છુ" ના એ જ અંકમાં વાડીલાલે આ "ભમરાજીનું ભાષણ" લખ્યું હતું એટલે બંકિમબાબુના એ નિબંધોના વાચનબાદ આ નિબંધ લખવા પ્રેરાયા હોય એમ અનુમાન સહેજે કરી શકીએ. "ભમરાજીનું ભાષણ"માં વાડીલાલની જે આગવી શૈલીનું દર્શન થાય છે તે લખવાની પહેલ ગુજરાતી સાહિત્યમાં વાડીલાલે કરી હતી. આવા નિબંધો લખનાર સાહિત્યકારો આંગળીને વેઢે ગણાય તેટલા છે, પરિણામે બંકિમબાબુના નિબંધોને આંબી જાય એવા હળવા નિબંધો ગુજરાતી સાહિત્યમાં ઘણા ઓછા છે એમ કહી શકાય. આ નિબંધમાંથી એક સુંદર કટાક્ષમય અવતરણ નીચે આપ્યું છે :

" મધુકરજી બોલ્યા : અરે વિહારીદાસ ! મારા જ ઉપર આટલો ક્રોધ કેમ ભાઇ ? શું હું એકલો જ ભનભન કરું છું ? તમારી આ ભારતભૂમિમાં જન્મ લઇને ભનભન ન કરું તો બીજું શું કરું ? હિન્દુસ્તાનમાં કોણ ભનભન નથી કરતું ? ભનભન સિવાય ભારતવાસીઓને બીજો રોજગાર જ શો છે ? તમારામાં જેઓ રાજામહારાજા કે ઓનરેબલ વગેરે છે તેઓ કાઉન્સીલોમાં બેસીને અગાઉથી શીખી રાખેલા શબ્દોનો ભનભનાટ કરે છે; જે લોકો જે.પી, રાવબહાદુર વગેરે

---

૧. જૈ. હિ. : સને ૧૯૧૪ : સપ્ટેમ્બર-ઓક્ટોબર : પૃ. ૭૬૮.

બનવાના ઉમેદવાર છે તેઓ અમલદારોની પાસે જઇ ભનભનાટ કરે છે; જેઓ નોકરીના ઉમેદવાર છે તેઓ તો ભાગ્યુંતૂટયું અંગ્રેજી શીખી સર્ટિફિકેટો અને ભલામણપત્રોનો થોકડો હાથમાં લઇ દરવાજે દરવાજે અને ગલીએગલીએ ભનભનાટ કરે છે. જે લોક સ્વાધીન વકીલ-બેરિસ્ટર બન્યા છે તેઓ વળી સાચ-જૂઠના સાગર-સંગમમાં પ્રાત:સ્નાન કરી અમારા જેવાજ કાળા સર્વાંગમાંસજ્જ થઇ જજ, ડેપ્યુટી, મુનસફ વગેરેની સામે ભનભનાટનો ફુવારો છોડી મૂકે છે. દેશનો ઉધ્ધાર કરવાના વિચારથી વળી કેટલાકો બાળકો અને બુઢ્ઢાઓને એકઠા કરી ભનભન કરવા લાગી પડે છે. કેટલાક કહે છે " અમને મોટી નોકરીઓ મળતી નથી માટે આવો ભાઇ, ગામ ગામના ભમરાને એકઠા કરી ભનભન કરવા લાગી પડીએ !" અમુક રાવબહાદુરની મા મરી ગઇ, કે અમુક સરનાઇટ વીસ માઇલની મુસાફરીથી કુશળક્ષેમ ઘેર પધાર્યા, કે અમુક શેઠ સાહેબની ચોથી પત્ની બીમાર પડી કે એક દિવસમાં પચાસ મુકદ્દમા તપાસવાની બહાદુરી માટે એક મેજીસ્ટ્રેટને પ્રમોશન મળ્યું - બસ જોઇ લ્યો ચારે તરફ દિલગીરી કે અભિવંદનનો ભનભનાટ! એક જૈન સાધુનો ભનભનાટ તો વળી એથીએ વધારે હોય છે; ભાષાજ્ઞાન હો વા ન હો, તર્કશાસ્ત્રની બારાખડી આવડતી હો વા ન હો, સૂર્ય ઊગ્યો કે એના "વ્યાખ્યાન"નો ભનભનાટ ચાલ્યો જ છે ! બપોરે વળી "રાસ"નો ભનભનાટ, રાત્રે એકાંત મંડળમાં ભનભનાટ !....... ........દર મહિને, દર અઠવાડિયે કે દરરોજ ભનભનાટ કરવાના સોગન લઇને જન્મ પામતા પેપરો પણ અમારા ભનભનાટથી ક્યાં ઓછા ઊતરે તેમ છે ? અને તમે - તમે શ્રીયુત વિહારીદાસ ભૈયા ! તમો

નામદાર પોતેજ હમણાં "જૈનહિતેચ્છુ"ના સમ્પાદક ઉપર મોકલવા ધારેલા લેખમાં ભનભનાટ સિવાય બીજું શું કરવા તૈયાર થયા હતા ? તો પછી મારાજ ભનભનાટથી આટલું લોહી કેમ તપાવી દો છો, ભાઇ ?"[२]

આ અવતરણ ઉપરથી વાડીલાલ શાહની આ નિબંધમાં વપરાયેલી શૈલીનો પરિચય સહેજે આવી જાય છે. આવો જ બીજો વિસ્તૃત
3: કટાક્ષલેખ છે " સંઘ બહારનું શાસ્ત્ર" અથવા "શાસનબાહયોની કોન્ફરન્સ" જેમાં સાધુ વિરુધ્ધ શ્રાવક અંગે સમાજમાં કેટલી કડવાશ પ્રવર્તી રહી છે તેનો કટાક્ષપૂર્ણ પણ સચોટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે; કારણકે પ્રસ્તુત લેખ સને ૧૯૦૭–૦૮ ના અરસામાં પંડિત લાલન અને સ્વ. શીવજીનો અમુક દેરાવાસી સાધુએ પોતાની સાધુ તરીકેની લાગવગ વાપરીને સંઘ–બહિષ્કાર કરાવ્યો હતો, તેને અનુલક્ષીને લખાયો છે. એમાં એવું કલ્પવામાં આવ્યું છે કે કેટલાક સાધુઓએ એલિસબ્રિજ નજીક સાબરમતીના તટ ઉપર મધ્યરાત્રિએ એક મોટી સભા ભરી હતી, જેમાં તેને અનુમોદન આપનારા સાધુઓને અને "હાજી હા" કરનારા શ્રાવકોને હાજરી આપવાની છૂટ આપવામાં આવી હતી. સાધુઓના આચરણ ઉપર અગર તો એમનાં વ્યાખ્યાનો ઉપર ટીકા કરનારા શ્રાવકોની ખબર લઇ લેવાની પેરવી ત્યાં કરવામાં આવી હતી અને છેવટે એ સાધુઓને માનનારા સમગ્ર વર્ગને માટે આચારસંહિતારૂપે સોળ ઠરાવ રજૂ કરવામાં આવ્યા હતા. એ સોળમા ઠરાવની ચર્ચા ઉપર આવતાં સાધુઓ અંદર અંદર ઝગડી પડયા એટલે છેવટે મારામારી પર આવી

---

૨. જૈ. હિ. : સને ૧૯૧૪ : સપ્ટેમ્બર–ઓકટોબર : પૃ. ૮૦૨–૮૦૪; પુનર્મુદ્રિત થઇ હતી "નવચેતન : સને ૧૯૩૬ : જુલાઇ : ~~. તથા "વા. મો. શાહની તત્ત્વકથાઓ : સને ૧૯૬૦: પ્રથમ આવૃત્તિ પૃ. ૧૨૩–૧૨૪.

જઇને "ચપાચપ ભકતો કૂદીકૂદીને ખૂબારા કરવા લાગ્યા અને મુક્કાબાજી અને સોટીઓની મસ્તી શરૂ થઇ ગઇ." વાડીલાલ શાહ છેવટે લખે છે કે :

" એલિસબ્રિજ પૂલ ઉપર એટલી બધી ગરબડ થઇ પડી હતી કે મને મારા જાનમાલની સલામતી માટે ચિંતા થવા લાગી એટલે હું તો જીવ લઇને નાઠો અને પૂલના બીજા છેડે પહોંચી ગયો ! ત્યાં બેસી હું જરા દમ ખાતો હતો એટલામાં કડૂ ડૂ ડૂ ધુમ્મ કરીને મોટો અવાજ થયો, જેથી ચમકીને હું નજર કરું છું તો પેલો મજબૂત કુસ્તી-બાજોની ધમાચકડીથી આખો પૂલ ભાગીને નીચે પડયો હતો અને અફસોસ ! એ પવિત્ર નાટકનાં સઘળાં પાત્રો ઘણા દિવસનો મેલ સાફ કરવાને નીચેની સાબરમતીના ઉછાળા મારતા જળમાં સિધાર્યાં હતાં, તેનો તે અવાજ થયો હતો.

મને આ અકસ્માતથી બચાવનાર દૈવનો આભાર માની હું ઘેર જવા અને આવો કાચો પુલ બાંધનારી સરકાર પર ફરિયાદ કરીને ગુરુભકિત બતાવવા તૈયાર થતો હતો એવામાં મારી આંખ એકાએક ખુલી ગઇ અને સાબરમતીથી દાણાપીઠ સુધી મારા પગને તસ્દી આપવા સિવાય જ હું મારી ઓફિસની પથારીમાં પાછો પધારી ગયો !"

"સંઘ બહારના શાસ્ત્ર"ના ઘણાએક ઠરાવો અને અધ્યયનો, પુલ તૂટવાથી, સાબરમતીના પૂરમાં તણાઇ ગયાં તે હજી મને પ્રાપ્ત થયાં નથી. હું ધારું છું કે તેવા ઠરાવોની સંખ્યા સાડા બાર જોજન જેટલી

લાવી હતી. એ ઠરાવો અને અધ્યયનોના કાગળોની શોધખોળ કરનારા પુરુષોને, આજના આચાર્યોના ૧૦૦ વર્ષના સંયમ જેટલું ફળ મળશે એમ મને પૂરમાં તણાતા સાધુરત્નોએ મોટી ચીસો દ્વારા સૂચના કરેલી હોવાથી હું સઘળા વિદ્વાન મુનિરત્નોને અને શ્રાધ્ધવર્યોને નમ્ર વિનંતિ ગુજારું છું કે, તેઓ પૈકીના જેઓ મારા ખૂટતા અંકોડા પુરા કરવા કૃપા કરશે તેમનાં મુબારક નામો જૈન ઇતિહાસમાં ઉપકારી પુરુષ તરીકે અમર રાખવા માટે બનતું કરવા હું ચૂકીશ નહિ."[3]

આવા કટાક્ષલેખોની મોટીસંખ્યા "જૈનસમાચાર" અને "જૈનહિતેચ્છુ" નાં પૃષ્ઠો પર પથરાયેલી પડી છે. તેમાં જનતાને સુધારવા માટે કેવા કટાક્ષો ને કેવા ચાબખાઓ તેમણે માર્યા છે તે એનાં વાચન ઉપરથી સમજી શકાય છે. તે વિશે વધુ વિવેચન ન કરતાં તેવા લેખોનો માત્ર નામનિર્દેશ કરીને જ સંતોષ માનવાનો રહે છે.

:૪: "<u>કડવી-મીઠી</u>" : "જૈનહિતેચ્છુ" : સને ૧૯૦૪ : ઓક્ટોબર : પૃ. ૧૮૯-૧૯૨ : લેખક : "ભમતો ભૂત".

:૫: "<u>પૈસો વાવવાની વિદ્યા</u> જૈ. હિ. ૧૯૦૫ : મે-જૂન, પૃ. ૪૨-૪૯ લેખક : "પૈસો વાવનાર ખેડૂતોનો દલાલ"-સ્થાનક સ્પેક્ટેટર.

:૬: "<u>સૂતા ભલા કે જાગતા</u> ! "જૈનસમાચાર" : તા. ૨૫-૨-૧૯૦૭

---

3. "જૈનસમાચાર" : તા. ૨૪-૯-૧૯૧૧ અને તા. ૧-૧૦-૧૯૧૧; તથા "જૈનસમાચાર"નાં કેટલાક લખાણોનો સંગ્રહ તરીકે પ્રગટેલ "જૈનસમાજનું દિગ્દર્શન અને હવે શું કરવું જોઇએ ?": પ્રકાશક- જીવરાજ માણસિંહ : સને ૧૯૧૨ : પ્રથમ આવૃત્તિ પૃ. ૩૩-૫૯.

:૭: "વગર પૈસાનાં ચિત્રો" એજન : તા. ૫-૮-૧૯૦૮

:૮: "દરિયામાં આગ કોણ બુઝાવશે ? એજન : તા. ૨૪-૮-૧૯૦૮

:૯: "બે સુંદરીઓ, રહેણી દેવી અને કહણી દેવી" : લેખક : કહણીપતિ : જૈનસમાચાર : તા. ૨-૮-૧૯૦૯

:૧૦: "બાપાજીનું ઝગમગતું સાધન" એજન : તા. ૧૩-૧૧-૧૯૦૯

:૧૧: "પક્ષીસમાજ" અથવા "પક્ષીઓની કોન્ફરન્સ" : એજન તા. ૬-૨-૧૧

:૧૨: "ધર્મનો ગાંસડો-પોટલો " એજન : તા. ૨૪-૪-૧૯૧૧

:૧૩: "આંખો બંધ કરીને ના દોડો ભાઇ !" એજન : તા. ૨૧-૮-૧૯૧૧

આ લેખમાં જનસમાજને અનુલક્ષીને તેમણે સંદેશો પાઠવ્યો છે કે; "ધર્મઘેલા" ન થતાં "ધર્મપ્રેમી" થજો; "ક્રિયાઘેલા" ન થતાં "ક્રિયાપ્રેમી" થજો; "ગુરુઘેલા" ન થતાં "ગુરુપ્રેમી" થજો. "ઘેલછા" અને "અશ્રદ્ધા" એ બે છેડાની ભૂલોથી બચીને વચલા રસ્તે ચાલવામાં જ "સમકીત" છે એ બરાબર સમજજો.

:૧૪: "શ્રીમદ્ પૈસાપુરાણ" એજન : તા. ૪-૯-૧૯૧૧ આ લેખને માટે વાડીલાલે લખ્યું છે કે : "આ લેખ માત્ર નિર્મળ પ્રેમથી મારા શ્રીમંત આત્મબંધુઓને ધન વડે થયેલા મોહમાંથી જાગૃત કરવાના ઉચ્ચતમ આશયથી ગર્જારવ કરતા રણવાદ્ય જેવો હૃદયભેદક લખાયો છે તે કાંઇ "કુકા"ના ઢગલાના માલેકોની ઇર્ષાથી કે નિંદકબુદ્ધિથી લખાયો નથી એ વાતની આત્મસાક્ષીએ ખાત્રી આપું છું અને શબ્દેશબ્દ પર એકાંતમાં મનન કરવા સર્વને વિનંતી કરું છું."

:૧૫: "ચૂડાચૂડીની કોન્ફરન્સ" : એજન : તા. ૨૪-૯-૧૯૧૧

:૧૬: "<u>આજે રાત્રે ! આજે રાત્રે !</u> "<u>સિનેમા કોસ-મોસ</u>"માં
बर्निंग क्वेश्चन्स ओफ ध डे ! <u>અથવા "નવી આંખે જૂના તમાસા"</u>
<u>સ્ક્રીન થશે</u>" જૈ. હિ. : ૧૯૧૯ : ઑક્ટોબર : પૃ. ૪૨-૪૬
આ કટાક્ષિકા ખૂબજ સૂચક છે. કારણકે સને ૧૯૧૯માં લખાયેલા આ લેખમાં વાડીલાલ શાહે ભારતને સ્વાતંત્ર્ય પ્રાપ્ત થતાં મળેલી પાર્લામેન્ટનું દૃશ્ય કલ્પ્યું છે અને ત્યાં સભ્યો તરીકે એકઠા થયેલા સ્ત્રીપુરુષો સમાજ, ધર્મ, રાષ્ટ્ર અને રાજકારણને લગતી પોતપોતાની સંકુચિત વિચારણાઓ રજૂ કરીને પોતાની નિર્માલ્યતાનું પ્રદર્શન કરે છે. આ કટાક્ષિકા ખરેખર અભ્યાસ કરવા જેવી છે.

:૧૭: "<u>સૌને પરણી બેસવું છે</u>": જૈ. હિ. ૧૯૨૧ : જૂન. પૃ. ૧૦૦
આ કટાક્ષિકામાંથી એક નાનું અવતરણ લઈએ : "આજે માણસો એવા "તુચ્છ" થયા છે કે એમને દરેક ચીજને "પરણી બેસવા"નું મન થાય છે ? લક્ષ્મીને પરણવું, સ્ત્રીને પરણવું, રાજ્યને પરણવું, યશને પરણવું, ઇશ્વરને પરણવું - ~~તમામ~~ <u>તમામં</u> ચીજને પરણવા લોકો તલપી રહે છે ! પરણવું એટલે "માલેક થવું" હમેશનો કબજો મેળવવો !

પરણવાને તરસી રહેલા લોકો પરણવાનો <u>અર્થ</u> પણ સમજતા નથી, એ જ તો એમની <u>ખૂબી</u> છે ! અને તેથી જ તેઓનું એકકે "પરણેતર" સુખી નીવડયું નથી ! પરણ્યા પછી માણસ પસ્તાવાના બખાળા કાઢયા જ કરે છે ! ..............................
ઇશ્વરને પણ પરણીને ઘરમાં બેસાડી પોતાનું કામ કરવામાં જ બાંધી

રાખવો છે આજના માણસોને ! હાય રે મનુષ્યનું વ્યંઢળપણું ! કોઇ નીકળે એવો બહાદુર કે દુનિયામાંથી "પરણવાને" જ કત્લ કરી નાખે ! ........................................
"કબજો" "જાથુની મોલેકી" જ્યાં છે ત્યાં "ઇશ્ક" નથી – ત્યાં "મુક્તિ" નથી – "ગુલામી" છે.

The possesser is POSSESSED. The slave-maker is a slave !"

વાર્તા, નવલકથા અને કટાક્ષિકાની વાત અહીં પૂરી થાય છે ધર્મસંબંધી સઘળી વાત ધર્મસુધારણાના પ્રકરણમાં રજૂ કરવા ધાર્યું છે. ગુજરાતી સાહિત્યના કટાક્ષલેખોના ભંડોળમાં વાડીલાલ શાહે સુયોગ્ય ફાળો અર્પિત કરેલો છે એ બાબતની નોંધ ગુજરાતી સાહિત્યના ઇતિહાસને આલેખનારાઓ વહેલી તકે લેશે એવી અપેક્ષા અસ્થાને/નહિ ગણાય.

: વા. મો. શાહની કદરદાનીના પ્રસંગો :

વા.મો.શાહને તેમના પત્રકારજીવન દરમ્યાન સમાજ સાથે ઘર્ષણ થવાના સંખ્યાબંધ પ્રસંગો બન્યા હતા તેવી રીતે એમની કદરશનાસી થવાની પણ કેટલીક નોંધનીય ઘટનાઓ બની હતી. એવી બે ત્રણ ઘટનાઓ અહીં નોંધી છે.

સને ૧૯૧૦ ના અરસામાં પંજાબમાં આવેલા જલંધર મુકામે ભરાયેલી એક જાહેરસભામાં આખા પંજાબપ્રાંતની પ્રાંતિક કોન્ફરન્સ તરફથી વા.મો.શાહનો આભાર મિ.પરમાનંદ પ્લીડરે માનીને જાહેર કર્યું હતું કે "ધર્મસંબંધી તેમણે કરેલી જાગૃતિથી આખો યે સમાજ બહુ ખુશ છે. "જૈનસમાચાર" ના લેખથી અમને બહુ મોટો ફાયદો થયો છે અને તેના પ્રયાસથી જ પ્રાંતિક કોન્ફરન્સ ભરવા અમે તૈયાર થયા છીએ.[1] ઉપરાંત એ પત્રકારની જાહેરસેવાની કદરરૂપે એક સુવર્ણચંદ્રક પણ તેને અર્પણ કરવામાં આવ્યો હતો. પ્રમુખના માનને ખાતર એ ચંદ્રકનો સ્વીકાર કરી લઇને તરત જ એ પદકની ભેટ જૈનસમાજને સુપ્રત કરતાં તેમણે કહ્યું હતું કે : મારી બુઝાયેલી કદર માટે પ્રમુખ સાહેબનો તથા પંજાબસંઘનો ખરા અંત:કરણપૂર્વક આભાર માનું છું; પરંતુ છેલ્લું કેટલુંક થયાં માનપત્રો અને ચાંદોની રમતથી દૂર રહેવાનો મેં નિશ્ચય કરેલો છે; માણસને તેનું મન જે માન આપે છે તે બીજાં સઘળાં માનથી વધારે કીંમતી છે. બહારથી મળતું માન ઘણી વખતે માન લેનારને મુશ્કેલીમાં મૂકનારું થઇ પડે છે.[2]

---

૧. જૈ. હિ. : સને ૧૯૧૦ : એપ્રિલ-મે : પૃ. ૩૭ અને "વા.મો. શાહનું રાજકારણ" : સને ૧૯૬૧, પહેલી આવૃત્તિ પૃ. ૪૨.

૨. એજન,

બીજો પ્રસંગ સને ૧૯૧૩ માં બન્યો હતો. વા. મો. શાહે તન-મન-ધનથી ઘસાઇ જઇને સમાજસેવા કરી પણ બદલો સંતોષકારક ન મળ્યો તેથી નિરુપાયે સ્થા. જૈનસમાજને છેલ્લી સલામ" શીર્ષક લેખ લખીને ટૂંક સમયને માટે સાહિત્યક્ષેત્રને તિલાંજલિ આપીને વૈશ્યજીવન અંગીકાર કરવા સારુ અમદાવાદ છોડીને મુંબઇના વસવાટને પસંદગી આપી હતી તે સમયે રમણભાઇ નીલકંઠના પ્રમુખપદે પ્રેમાભાઇ હૉલમાં પત્રકાર વાડીલાલને તા. ૩૦-૧-૧૯૧૩ ના રોજ માનપત્ર અપાયું હતું. એ સભામાં એ પત્રકારના કાર્યની તારીફ કરતાં રમણભાઇએ કહ્યું હતું " સુધારકોનું કામ હંમેશ જોખમભર્યું અને આત્મભોગ માગનારું જ હોય છે. મિ. વાડીલાલે જૈન કોમને માટે અને જાહેર માટે જે કાંઇ કર્યું છે તે તેમની ઉંમર અને સાધનોના પ્રમાણમાં ઘણું જ છે એમ હરકોઇ માણસ કહી શકશે. તેમના ઉપર માત્ર જૈનોનો જ નહિ પણ આખા હિંદી પબ્લિકનો દાવો છે, અને હું આશા રાખું છું કે જેવી રીતે તેમણે પોતાનું જીવન આજ સુધી સેવામાર્ગે વહેવડાવ્યું છે તેવી જ રીતે હવે પછી પણ વહેવડાવશે. હું તેમના સમાગમમાં આજથી સાત વર્ષ ઉપર આવ્યો હતો; તે વખતે હું તેમને માટે એક સારા લેખક અને શુદ્ધ હૃદયવાળા સમાજસેવક તરીકે ઊંચો મત બાંધવા આકર્ષાયો હતો. તેમના ઉપર જે આફત તે વખતે આવી હતી તે માત્ર પોતાના ધર્મ અને પોતાના સિદ્ધાંતનું પાલન કરવા જતાં જ આવી પડી હતી. પણ <u>પ્રભુકૃપા</u>એ તેમાં તે અણીશુદ્ધ બચીજવા પામ્યા હતા. વિદ્યાવૃદ્ધિ, ઉત્તમ પુસ્તકો દ્વારા લોકોમાં વિચારક્રાન્તિ ઉત્પન્ન કરવાના પ્રયાસ, સ્વતંત્ર પેપરો અને ભાષણો તથા સાધુસુધારણા વગેરે તેમના

પ્રયાસો માટે તેમના પ્રત્યે એક હિન્દી તરીકે મને માનની લાગણી થાય એમાં કંઇ આશ્ચર્ય નથી. આ જોઇ વળી મને આનંદ થયો છે કે, જેઓ મિ.વાડીલાલે હમણાં જ કહયું તેમ શુધ્ધ નિષ્ઠાથી પોતાના અભિપ્રાયોનું પાલન કરે છે તેઓને જોકે પ્રથમ શત્રુઓ ઘણા થાય છે, તથાપિ તેમને છેવટે તો સઘળા ચાહે છે; અને મિ.વાડીલાલને માન આપવા આજે એકઠા મળેલા ગૃહસ્થોની સંખ્યા એ સિધ્ધાંતની સાબિતી છે. હિંદને આવા આત્મભોગી અને દઢાગ્રહી વિદ્વાનોની ઘણી જરૂર છે."[3] એવી ઊંચી તારીફ કરનાર સમાજસુધારક રમણભાઇ નીલકંઠ પોતે વા.મો.શાહને સારી રીતે ઓળખી શકયા હતા. વા.મો.શાહ પર મંડાયેલા બદનક્ષીના એક ખટલા વખતે વગરફીએ વકીલાત કરવાનું બંધુકૃત્ય રમણભાઇએ બજાવ્યું હતું.[4] એવું બીજું દૃષ્ટાંત ગુજરાતી સાહિત્યક્ષેત્રે મળે ત્યાં સુધી આ અદ્વિતીય ગણાય તો તેમ કહેવામાં કંઇ વધુ પડતું ન લેખાવું જોઇએ.

સને ૧૯૨૭ માં ત્રીજો પ્રસંગ બન્યો હતો. વાડીલાલ શાહને તેમના "જૈનહિતેચ્છુ" પત્રમાં લખાયેલી "નગ્નસત્ય" અને "સમયના પ્રવાહમાં" શીર્ષક લેખમાળાઓ ગુજરાત સમક્ષ ધરી દેવા માટે રૂા.૧૦૦૦ની રકમ ગલીઆરા પારિતોષિક રૂપે અર્પણ કરવામાં આવી હતી. સદરહુ પારિતોષિક ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળ મારફત અપાયું હતું. એ સમયે મંડળના પ્રમુખ તરીકે એ પારિતોષિકને લગતો રમણભાઇ નીલકંઠ

---

૩. જૈનહિતેચ્છુ : સને ૧૯૧૩ : ફેબ્રુઆરી : પૃ.૯-૧૦.

૪. વા.મો.શાહે તા.૨૬-૨-૧૯૨૭ ના રોજ રમણભાઇ નીલકંઠ પર લખેલો અંગત પત્ર : "પરબ" : ત્રિમાસિક : ૧૯૭૩ : અંક ૩ : પૃ.૧૪૫-૧૪૬.

અને વા. મો. શાહ વ એનો પત્રવ્યવહાર ખૂબ જ મનનનીય છે. આ પ્રસંગ વાડીલાલની તેજસ્વિતાનો પુરાવો આપે છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિનો રણકાર નથી; કારણકે તે જ વર્ષે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી નવ જેટલા સાહિત્યકારોને આ "ગલીઆરા પારિતોષિક" આપવામાં આવ્યું હતું તેમાં બધાને આપવામાં આવેલી રકમ કરતાં વાડીલાલની રકમ બમણી હતી.[5]

વાડીલાલ શાહ અને રમણભાઇ સાથેનો પત્રવ્યવહાર નોંધનીય છે. તા. ૨૬-૨-૧૯૨૭ ના દિવસે વાડીલાલે મુલુંદથી રમણભાઇને પત્ર લખ્યો હતો તેમાં લખ્યું હતું.: ... ... ... ... ... ...

"They say that in the Temple of the Shaktas, nakedness was not associated with shame - the product of what Nietzche terms 'Herd Morality'. Did you not witness my nakedness - my

---

૫. ગુજરાતી સાહિત્ય પરિષદનું ત્રિમાસિક "પરબ": સને ૧૯૭૩ : અંક ત્રીજો : પૃ. ૧૪૧-૧૪૨ ઉપર આ પારિતોષિક એનાયત થયેલા સાહિત્યકારોનો નીચે મુજબ ઉલ્લેખ છે.

| | | |
|---|---|---|
| વાડીલાલ મોતીલાલ શાહ : | રૂ. ૧૦૦૦ | : "નગ્ન સત્ય" અને "સમયના પ્રવાહમાં" નામના લેખોમાટે. |
| ન્હાનાલાલ દલપતરામ કવિ: | રૂ. ૫૦૦ | : "ઉષા" નામની નવલિકા અથવા વાર્તા માટે. |
| કનૈયાલાલ માણેકલાલ મુનશી: | રૂ. ૫૦૦ | : "સ્વપ્નદૃષ્ટા" ના ચોથા પ્રકરણ માટે ખાસ. |
| લીલાવતી મુનશી : | રૂ. ૫૦૦ | : "રેખાચિત્રો" માટે. |
| મહાદેવભાઇ હરિભાઇ દેસાઇ: | રૂ. ૫૦૦ | : "નવજીવન" ના કેટલાક લેખો માટે. |
| નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ: | રૂ. ૫૦૦ | : "મહાભિનિષ્ક્રમણ" નાં કાવ્યો માટે. |
| આનંદશંકર બાપુભાઇ ધ્રુવ : | રૂ. ૫૦૦ | : નીતિશિક્ષણ માટે. |
| ધર્માનન્દ કોસંબી : | રૂ. ૫૦૦ | : બુધ્ધધર્મ વિશેના અભ્યાસ અને લેખ માટે. |
| સ્વ. દામોદર ખુશાલદાસ બોટાદકરનાં વિધવાને : | રૂ. ૫૦૦ | |

my utter helplessness about a quarter of a century ago, without making me ashamed or wounding my vanity? I refer to that occasion when you gallantly volunteered to and did defend me in a defamation case even though there existed no earthly connection between us and I was a man of no means, no status, no future. I refer to another occasion also, which happened some 16 years ago, when, reduced to utter penury I had to leave Ahmedabad for earning my bread and means of serving Saraswati. A farewell party in those days, especially in the Gujarat Varnacular Society's Hall was deemed an unique honour. You, sir, presided over that meeting and spoke such words of appreciation, that made my father's death, that took place soon thereafter, a happiest and enviable death. And your blessings of that day which I have even silently borne in my heart have helped me to find my happiness. Though providence never intended me to be one possessed of wealth, ease and fame, I have found my joy in the intervals of being entrusted with wealth and honour and occasions of danger,

crisis, suffocation that soon follow to save me from excultation. Is it not the materialisation of the wishes of him who gave me birth and him who blessed me on the moment of my beginning a new life? And can you attribute it to mere accident that a literary laurel passes through your hands just when you happen to be the head of the literary class? Yours therefore is the honour and satisfaction involved in the event and mine, the satisfaction of seeing your face beeming with satisfaction. My latest writings (since "મસ્તવિલાસ" ) are a series of aphorisms entitled as 'Footprints on the Path of Progress' ("પ્રગતિનાં પાદચિહ્નો અથવા અનુભવના ઓડકાર" ) appearing in the weekly 'Pragati' and my thoughts on the commerce - driven civilization headed as "All this is Indebted to Commerce' ("આ બધો પ્રતાપ વ્યાપારનો) which I hope to be able to send you in printed form in 3 or 4 days."[૬]

---

૬. ગુજરાતી સાહિત્ય પરિષદ: "પરબ" ત્રિમાસિક: ૧૯૭૩, અંક: ૩; પૃ. ૧૪૫-૧૪૬.

વાડીલાલ શાહને આપવામાં આવેલા ગલીઆરા પારિતોષિકનો એમણે કેવી રીતે સ્વીકાર કર્યો અને એનો શું ઉપયોગ કરવા ધાર્યું હતું તે ગુજરાતી સાહિત્ય પરિષદના ખજાનચી સ્વ. મોતીચંદ ગીરધર કાપડિયા ઉપરના એમના પત્રના અવતરણ ઉપરથી જ જોઇએ :

"નગ્નસત્ય" અને "સમયના પ્રવાહમાં" – ઉભયની પસંદગી કરવામાં આનંદનાર શ્રી ગલીઆરા તથા એ પસંદગી વ્યક્ત થયેલી જોઇ આનંદનાર મ્હારા વડીલબંધુ શ્રી રમણભાઇ : બન્નેના આનંદમાં મારી સહાનુભૂતિ દર્શાવતાં મને આનંદ થાય છે, – એટલા માટે કે "નગ્નસત્ય" [Being] શ્રી "મહાવીર" [Superman] નું છે અને " સમયના પ્રવાહમાં "[Becoming] એ [Superman] નો વિજયાંકિત વાવટો ફરકાવનાર સુભટ અને ભાટ ફ્રેડરિક નિત્શેનું છે. એમાં મારું કંઇ પણ હોય તો તે માત્ર એમની પ્રેરણાને સ્વેચ્છા-પૂર્વક તાબે થવા રુપ "મૌન" જ છે, કે જે મૌન અદ્યાપિપર્યંત અપક્વ હોઇ એ શક્તિઓને બરનાં શરીરે મળી શક્યાં નથી. શ્રી ગલીઆરાનું હમણાનું પગલું મને એ અપક્વતાનો ઇલાજ શોધવા શ્રી વાલ્મીકિ અને વ્યાસનો આશ્રય લેવાની મૂંગી સલાહરૂપ દેખાય છે.

હજારની રકમ તો એ પરમશક્તિઓ પર થતી પુષ્પવૃષ્ટિ હોઇ, અને એ શક્તિઓ પોતે પુષ્પોની પણ પરવા વગરની હોઇ જેમને હજી સુગંધનો "શોખ" છે અને સુગંધ પિછાનનારું "નાક" છે તેવા "સહધર્મી"ઓ માટે "નગ્નસત્ય"ના પુનર્જન્મમાં એ રકમની યોજના

કરવાની મારે શિર ફરજ નખાયલી માનું છું; અને તેથી એ રકમનો કબજો એવી શરતથી સ્વીકારું છું કે છેલ્લા એક દાયકામાં છૂટકછૂટક લખાયલાં નગ્નસત્યો એક ગ્રંથરૂપે છપાવવામાં એ રકમનો ઉપયોગ કરી તથા તેમ કરવામાં ખૂટતી રકમ પદરથી ઉમેરી અઢી રૂપિયા મૂલ્યવાળી બે હજાર પ્રતોના વેચાણની આખી આવક મને સંબંધ ન હોય એવા પ્રકારની હરકોઈ સાહિત્યસેવામાં અર્પણ કરવી."[૭]

---

૭. ગુજરાતી સાહિત્યપરિષદ : "પરબ" : ત્રિમાસિક : સને ૧૯૧૩. પૃ. ૧૪૭.

: "સમયના પ્રવાહમાં" ના તંત્રી લેખો :

ગલીઆરા પારિતોષિક પ્રાપ્ત થયા બાદ ફક્ત ચાર જ વર્ષમાં વા. મો. શાહનો દેહવિલય થઇ જતાં "નગ્નસત્ય" ને ગ્રંથસ્વરૂપે પ્રસિદ્ધ કરવાની એમની આશા અધૂરી જ રહી ગઇ. એ "નગ્નસત્ય" અને "સમયના પ્રવાહો"ની લેખમાળામાં વાડીલાલે કેવા લેખો લખ્યા છે તે જાણવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. એ અંગે શ્રી ત્રિભુવન હેમાણીએ કહ્યું છે કે : " આ લખાણો એટલે વિચારક વાડીલાલે "માથું ટીપી ટીપીને "જૈનહિતેચ્છુ"ના પૃષ્ઠો પર કાઢેલું સત્ત્વ છે"[1] "સમયના પ્રવાહો"માં સમાવાયેલા લેખોનો સંક્ષિપ્ત પરિચય અહીં આપવાનું ધાર્યું છે, જ્યારે "નગ્નસત્ય"ની આલોચના યથાસ્થાને આપવામાં આવશે.

"સમયના પ્રવાહમાં" લેખમાળા એટલે દરમહિને બની રહેતી પ્રાસંગિક ઘટનાઓની ચર્ચા-(current topics). જૈ. હિ. ની શરૂઆતના પ્રથમ દસકા દરમ્યાન તેને માટે જુદાં જુદાં શીર્ષક આપવામાં આવ્યાં હતાં જેવાં કે : "અધિપતિની નોંધ," "પ્રાસંગિક નોંધ," "ચાલુચર્ચા," "જૈનજગત," "વિવિધ સમાચારો" ઇત્યાદિ. આ સઘળાં શીર્ષકો નીચે લખાતાં લખાણોનું એકજ ધ્યેય છે કે "જૈનના જુદા જુદા ફિરકામાં બનતા જાણવાજોગ બનાવો અને જૈનેતરોમાં બનતી જૈનોએ જાણવા જેવી ઘટનાઓનું ટૂંક વર્ણન આપી તે ઉપર થોડા વિચાર જણાવવા

---

૧. ત્રિભુવન હેમાણી સંપાદિત "વા. મો. શાહનું રાજકારણ"
"ગરવી ગુજરાતનો વણપોંખ્યો ફિલસૂફ-પત્રકાર-વા. મો. શાહ: સને ૧૯૬૧, પહેલી આવૃત્તિ : પૃ. ૪૪.

એ સઘળા લખાણોનો આશય છે. એમાંના સમાચાર જુદે જુદે વખતે એકઠા કરેલા હોવાથી અને કકડે કકડે પ્રેસમાં મોકલાતા હોવાથી છાપવાની સગવડ ખાતર તેનાં મથાળાં : હેડીંગ : જુદાં જુદાં કરવાં પડયાં છે.[૨] સમય જતાં સને ૧૯૧૩ માં "સમયના પ્રવાહમાં" જેવું સૂચક શીર્ષક રચવાની તેમને પ્રેરણા મળી ત્યારથી જૈ. હિ. ના દેહવિલય સુધી તે શીર્ષક જ ચાલુ રાખવામાં આવ્યું હતું. પરંતુ સમયના વહેવા સાથે જેમ વધારે ઊંચી કક્ષાનાં લેખકોનાં લખાણો વાંચવા મળ્યાં તેમ તેમ વાડીલાલનું માનસદર્શન વિસ્તૃત થતું ગયું અને એમનાં લખાણોમાં પણ ભાષાનું ઓજસ વિચારોનું ઊંડાણ, હૃદયની વ્યાપકતા અને બુધ્ધિની તીવ્રતાનો સમાવેશ થતો ગયો. ધ્યાનમાં રાખવાનું તો એ છે કે જૈનસમાજમાં બનતા સારાખોટા બનાવો જાણવાની ઈંતેજારીવાળો પણ એકવર્ગ સમાજમાં હોય છે, તેમને લાયક ખોરાક આપવા માટે આ લેખો લખવામાં આવતા; પરંતુ તેમાં યે – નીતિ, ધર્મ, કે માનસશાસ્ત્રને લગતું કોઇ તત્ત્વજ્ઞાન સમજાવવાની તક વાડીલાલ શાહે જવા દીધી નથી. આવાં લખાણોનું પોત તપાસવું જરૂરી હોઇ એની વિવેચના કરવી ઉચિત સમજાશે. એ લેખમાળામાં રહેલા ધર્મસુધારણા તેમજ "સંસાર સુધારણાને લગતા લેખો સુધારક વાડીલાલના પ્રકરણમાં લીધા છે.

અહીં તો સૌથી પહેલી વાત નજરે ચઢે છે સ્વર્ગસ્થ અર્જુનલાલ શેઠીના કારાવાસની ઘટના. સદરહુ અર્જુનલાલજી જયપુરમાં સાર્વજનિક શ્રી જૈન હાઇસ્કૂલના સ્થાપક અને નિયંતા હતા. રાષ્ટ્રભાવનાના વિચારોને તેમણે પચાવ્યા હતા તેથી સને ૧૯૧૪ના ઓગષ્ટમાં પહેલું

---

૨. ૨. જૈ. હિ. : સને ૧૯૧૪ : નવેમ્બર–ડિસેમ્બર : પૃ. ૮૯૦

વિશ્વયુધ્ધ ફાટી નીકળ્યું ત્યારે હિંદમાં સ્થાપિત બ્રિટિશ બ્યુરોક્રેસીએ અર્જુનલાલ શેઠીને જયપુરનરેશ પાસે કેદ પકડાવી કારાવાસના સળિયા પાછળ ધકેલી દીધા હતા. ન તો તેમના પર કોઇ કેસ કરવામાં આવ્યો હતો કે ન તો કોઇ તહોમત સાબિત થયું હતું એટલે ન્યાયમંદિરમાં કેસ રજૂ કર્યા વગર અર્જુનલાલ શેઠીને વર્ષો સુધી જેલમાં ગોંધાઇ રહેવું પડયું હતું. હિંદના જૈનેતર પત્રકારોએ તે વખતે તેમનાં પત્રોમાં તમતમતી ભાષામાં અગ્રલેખો લખ્યા હતા અને અર્જુનલાલ શેઠીને છોડી મૂકવા અગર તો રાજ્યદ્રોહનો ગુનો સાબિત કરવા માટે અપીલ કરી હતી. તે વખતે વા.મો.શાહે પણ જોરદાર અગ્રલેખો લખ્યા હતા; તેમાંથી એકાદ અવતરણને રજૂ કરવાની લાલચને રોકી શકાય તેમ નથી:

"અમારું આ કેવું કમનસીબ છે કે દેશી રાજાઓના ત્રાસ સામે-વિદેશી રાજાનું શરણ લેવું પડે છે. બનવાજોગ છે કે રાજકીય બંધારણનો કોઇ મુદ્દો ત્યાં પણ રક્ષણ આપવાના કામમાં વચ્ચે આવવા ના કહેવડાવે. સુલેહશાન્તિ, સાચી વફાદારી અને ધર્મતત્ત્વને ઇજા ન પહોંચે એવી કોઇ યુક્તિથી ઇન્સાફ મેળવવા જૈન આગેવાનો એકઠા મળે એટલી પણ આશા રાખી શકાતી નથી. મિ.ગાંધીએ જે 'Passive Resistance' "શાન્ત વિરોધ"નું હથિયાર સાઉથ આફ્રિકામાં વાપર્યું હતું એને મળતું કોઇ જાતનું હથિયાર પણ મિ.રોથચાઇલ્ડના આ ક્ષત્રિયો વાપરી શકે એવો સંભવ જણાતો નથી. ત્યારે કરવું શું ? શું વિનંતિ અને અરજ ન કરવી ? ના, ચોખ્ખી ના. ઘણાએ ભિક્ષુકો કોળિયો અનાજ માટે અરજ કરતાં થાકી મરણ પામે છે; ક્યાં કે ઇન્સાફ કે હક્કની પવિત્રતા અમલના મદ સાથે - સત્તા સાથે રહી

શકે એ બનવું મુશ્કેલ છે. ભીખ શા માટે માગવી ? કોની પાસે માગવી? શું <u>હિંદના</u> <u>હિંદુ</u> રાજા <u>વિરુદ્ધ</u> <u>વિદેશી</u> રાજાપાસે ભિક્ષા માગવી ? તે મળશે ? હા, કદાચ મળશે તથાપિ એવી ભિક્ષા માગવા કરતાં એક સ્વદેશી શહેરીની જે ચિતા એક <u>સ્વદેશી</u> રાજાએ ખડકી છે અને જેને ભડભડ બળતી જોઇ તે તમાસાને આનંદ સ્વધર્મીઓ ઠંડે કલેજે ભોગવે છે તે ચિતામાં ચૂપકીથી અને હિંમતથી હોમાવું એ જ ક્ષત્રિય જૈન સ્વયં-સેવકને વધારે શોભાસ્પદ છે. એની રાખોડી ઉપર ભવિષ્યની પ્રજા સ્મરણસ્થંભ ચણશે અને તેમાં કાળા અક્ષરો કોતરશેકે:

<u>'ક્ષત્રિયવંશી જૈન સ્વયંસેવક'</u>

<u>'जयपुरनिवासी अर्जुन'</u>

પોતાના ઉચ્ચ તમ ધર્મ અને પ્રિયતમ દેશનું ગૌરવ જાળવવા માટે
દયાની ભિક્ષા નહિ <u>માગતાં</u>, આત્મભોગ <u>આપી</u>
કૃતઘ્ન અને કર્તવ્યહીન જૈનોને રડાવીને જાગૃતકરવા

તથા

સ્વદેશાભિમાન, સ્વપ્રજાપાલન અને રાજકર્તવ્યનું
પોતાના રાજાને ભાન કરાવવા

<u>આ સ્થળે</u>

<u>હિમ્મતથી હોમાયો છે</u>

એવી અંતિમ પ્રાર્થના સાથે કે –

<u>એ યોગીની ખાખમાંથી</u>

<u>દેશ અને ધર્મનું ગૌરવ વધારનારા</u>

<u>અનેક સાચા ક્ષત્રિય જૈનપુત્રો ઉત્પન્ન થવા પામે !"</u>[3]

---

3. જૈ. હિ. : સને ૧૯૧૪ : નવેમ્બર–ડિસેમ્બર : પૃ:૭૩–૭૪.

એ અર્જુનલાલજી શેઠી પાંચ વર્ષના કારાવાસ પછી છૂટયા ત્યારે વા.મો.શાહે એવી નોંધ લખી હતી કે : " એ નિર્દોષ સમાજસેવક વગર તપાસે વર્ષો સુધી બંધન ભોગવ્યાબાદ અસાધારણ વિશ્વવ્યાપી ઘટનાઓના પરિણામે છૂટવા પામ્યા છે. ન્યાયે નહિ પણ ખટપટે એમને બંધનમાં નાંખ્યા હતા અને એમની મુક્તિ પણ ન્યાયે નહિ પણ અપમાનસૂચક "દયા" એ આપી છે. મતલબ કે બંધન તેમજ મુક્તિ બંને બાબતમાં બડબડવાનું તેમને કારણ મળ્યું છે. માત્ર સરકાર સામે જ નહિ પરંતુ જૈન પ્રજા સામે પણ ફરિયાદ કરવાનો તેમને હક્ક છે. જૈન પ્રજાએ તેમના છૂટકારા માટે પૂરતો પ્રયાસ કર્યો નહોતો અને અનાયાસે છૂટકારો થતાં જૈન પ્રજાએ તેમનું ઘટતું સ્વાગત કરવા જેટલી પણ "લાગણી" બતાવી નથી. આ જૈન પંડિતના છૂટકારા પહેલાં થોડા જ દિવસ ઉપર અલીભાઇઓના છૂટકારાનો પ્રસંગ આપણે જોઇ ગયા છીએ : કેવા હાર્દિક પ્રેમ, સત્કાર અને ઉત્સાહથી તેમને મુસલમાનકોમે વધાવી લીધા હતા ! અને એમને સહાય કરવા કેવું લાખોનું ફંડ ઝપાટાબંધ થવા લાગ્યું છે ! જૈન કોમ અને મુસલમાન કોમ વચ્ચેનો આ મુકાબલો ખરે જ હૃદયદ્રાવક છે ! માન ખાતર જ સેવા કરવી અને સહવું એ જુદી વાત છે અને નિસ્વાર્થ સેવા કરવા જતાં આવી પડતા આકસ્મિક સંકટ વખતે સમાજની સહાનુભૂતિ અને પ્રેમ જોઇ ખુશી થવું એ બીજી વાત છે. શેઠીજીએ માનની આશા કદાપિ રાખી નહોતી, પરંતુ સહાનુભૂતિસૂચક કાંઇ પણ બહારનાં ચિહ્નો ન થાય એ જોઇ એમનાં હૃદયને આઘાત થાય તો એમાં એમનો દોષ ગણાય નહિ, અને એ આઘાત એમને જૈન સમાજ તરફના "મોહ"થી મુકત કરે તો એથી પણ હું આશ્ચર્ય પામું નહિ.[૪]

---

૪. જૈ.હિ. : સને ૧૯૧૯ નવેમ્બરથી ૧૯૨૦ જૂન : પૃ.૯૬.

પોતાની પુત્રીના લગ્નપ્રસંગે અર્જુનલાલ શેઠીએ જ્ઞાતિબંધનને ફગાવી દીધું હતું. એટલા ગુના ખાતર જ્ઞાતિના અમુક કલહપ્રેમીઓએ તેમનો બહિષ્કાર કરાવવામાં ફત્તેહ મેળવી હતી. વાડીલાલે એમનાં કાર્યને બિરદાવ્યું હતું અને કહ્યું હતું : – "બહાદુરીનાં કામ બહાદુરો માટે જ "રીઝર્વ્ડ" હોય છે. જે સમાજ પંડિતજી જેવી અસાધારણ વ્યક્તિને ધારણ કરવાને યોગ્ય નહોય તે સમાજથી પલ્લો છૂટવામાં ઊલટું કલ્યાણ છે ! "ભલુ થયું ભાંગી જંજાળ, સુખે જપીશું ભારત-માળ ! ". જૈન-સમાજમાંથી એક પછી એક તમામ પ્રામાણિક, પવિત્ર, બુધ્ધિશાળી અને ગૌરવવાળી વ્યક્તિ બહિષ્કાર પામે એજ જોવા હું તલસું છું, કે જેથી તેઓ પોતાની કીંમતી શક્તિઓ દેશ-સેવાના વધુ ઉપયોગી કામમાં ખર્ચવાને છૂટા થાય. સૌથી ડાહયા લાલાલજપતરાયજી, કે જેમણે એવા બહિષ્કારનો વખત પણ ન આવવા દીધો અને પોતે જ જૈન સમાજમાંથી છૂટયા ! વીર અર્જુન ! એક કૃષ્ણને શોધી એને સારથી બનાવી એક મોટા દળનો નેતા બની જીવનશક્તિને ખૂબ નચાવ. તારે માટે એવો એકજ કૃષ્ણ પાકયો છે અને સુભાગ્યે તે હયાત પણ છે : તે અરવિંદો ઘોષ છે કે જેમાં જ્ઞાન અને શક્તિ ઉભરાઇ જઇને આપોઆપ કલ્લોલ ઉપજાવે છે. તારી કિંમત ત્યાં થશે અને તારો ખોરાક પણ એ જ ક્ષેત્રમાં મળી રહેશે. શાન્તિ તેમજ શક્તિ ત્યાં હાથમાં હાથ નાખી મોજથી ફરે છે અને કદાચ તારી રાહ પણ જુએ છે."[૫]

---

૫. જૈ. હિ. ૧૯૧૯ નવેમ્બર તી ૧૯૨૦ જૂન : પૃ. ૯૭.

સદરહુ અર્જુનલાલજી શેઠીને વાડીલાલે જે માર્ગ સૂચવ્યો છે તે મહર્ષિ અરવિંદ ઘોષ વિશેનું એમનું વાચન, અને તેમના તરફનો અહોભાવ સૂચવે છે. શ્રી શેઠીના અન્યાયભર્યા કારાવાસઅંગે જૈનધર્મના પવિત્ર પુસ્તકોની સીરીઝ પ્રગટ કરવાનું કાર્ય પાર પાડનાર શ્રીયુત દેવેન્દ્ર-પ્રસાદજીએ વાડીલાલ શાહ પર લખેલા એક અંગ્રેજી પત્રમાં સ્પષ્ટ સ્વરૂપે જણાવ્યું હતું કે :

"The accuracy with which you have dealt with Pandit Arjunlal's case is marvellous. It is no exaggeration when I say that of all the press criticisms and notes on Shethjee's case, yours is most frank and outspoken. It has the true Jaina Spirit. How grand! How eager I am to be with you!

અનુવાદ : અર્જુનલાલના કેસના વિષયને ચર્ચવામાં તમે જે ખરાપણું વાપર્યું છે તે માત્ર અદ્ભુત છે. આ સંબંધમાં તમામ હિંદના પત્રકારોએ જે "એડિટોરિયલ્સ" લખી છે તે બધા કરતાં તમારી "એડિટોરિયલ્સ" વધારે ઊંડી, સાચી અને નીડર છે એમ કહેવામાં હું જરાયે અતિશયોક્તિ કરતો નથી. ટૂંકામાં હું એટલું જ કહી શકું કે એ લખાણ સાચા જૈન આત્માનું પ્રાગટ્ય છે. કેટલી મહત્તા ! તમારી સાથે જ રહેવાને હું કેટલો ઇન્તેજાર છું તે મારું મન જાણે છે.[૬]

વાડીલાલ શાહે અર્જુનલાલ શેઠીના પ્રશ્નની કેટલા ઊંડાણપૂર્વક તેમજ નીડરતાથી ચર્ચા કરી હતી તે નીચે આપેલા લેખો વાંચવાથી સમજી શકાય છે :-

---

૬. શ્રી ચીમનલાલ વખારિયા-સંપાદિત : "વા. મો. શાહ : જનતાની દૃષ્ટિએ" : સને ૧૯૨૭ : ઑક્ટોબર, પહેલી આવૃત્તિ, પૃ. ૭-૮ તથા ત્રિ. વી. હેમાણી સંપાદિત "વા. મો. શાહનો જીવનસંદેશ": પૃ. ૨૬.

૧. "સમયના પ્રવાહમાં" : [જૈ. હિ. સને ૧૯૧૪ : પર્યુષણ અંક, ઓગષ્ટ, પૃ. ૬૧૧-૧૨.]

૨. "પ્રાસંગિક નોંધ" : "એક દેશી રાજ્યે જૈન કોમને આપેલો અન્યાય" : [એજન : સને ૧૯૧૪, નવેમ્બર-ડિસેમ્બર: પૃ. ૮૩૧-૮૪૧.]

૩. "જૈનોમાં અજૈન વૃત્તિ પ્રરુપક વિચારનેતાઓના નમૂના": [એજન : સને ૧૯૧૫ : જાન્યુઆરી-માર્ચ : પૃ. ૬૬-૬૭ અને ડિસેમ્બર : પૃ. ૩૬૯-૩૭૦.]

૪. "કલકત્તા કોન્ફરન્સ ઉપર એક ઉડતી નોંધ." [એજન : ૧૯૧૭ સપ્ટેમ્બર-જૂન ૧૯૧૮ - પૃ. ૫૦૦]

૫. "જાપ ફળ્યો : શેઠીજી છૂટયા ! [એજન : પૃ. ૭૯૦-૭૯૨.]
આ લેખમાં જપ અને જાપની ફિલસૂફી પર અનોખો પ્રકાશ પાડવામાં આવ્યો છે. કોઇપણ પ્રકારના જાપનો પ્રયોગ કયારે, કેવા સંજોગોમાં કરી શકાય, તે પ્રયોગ કયારે સફળ થાય અને કયારે નિષ્ફળ જાય તે બતાવ્યું છે. શેઠીજીને છોડાવવાના જાપ નિષ્ફળ ગયા હતા તે હકીકત છે.

૬. "શું પંડિત અર્જુનલાલજી શેઠી છૂટયા ?" [એજન, સને ૧૯૧૯ : ઓકટોબર : પૃષ્ઠ ૧૧-૧૨ અને પૃ. ૩૫-૩૬.]

પંડિત અર્જુનલાલ શેઠીના કારાવાસને લગતા પ્રશ્ન સાથોસાથ વા. મો. શાહે ચર્ચેલો રાજકારણનો પ્રશ્ન નજરે ચઢે છે. સને ૧૯૧૪ થી ૧૯૨૧ સુધીના ગાળા દરમ્યાન મહાત્માગાંધીજીના તત્ત્વજ્ઞાનનું એમણે

તલસ્પર્શી વિવેચન રજૂ કર્યું છે,[૭] અને ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતને તુલનાત્મક નજરે ચર્ચીને અવનવી વિચારણા આપી છે.[૮] આ અહિંસાના સિદ્ધાંતની ચર્ચા કરતાં કરતાં તેમણે ધર્મશાસ્ત્રોની મદદ લઈને હિંસા તથા અહિંસાની સૂક્ષ્મ સમજણ આપવાનો અનોખો પ્રયત્ન કર્યો હતો. એમણે કહ્યું હતું કે : " જૈનશાસ્ત્રમાં એક ચુસ્ત અને વ્રતધારી શ્રાવકનું[૯] બયાન છે કે ભોજન કરવા બેસતાં જ દેશ દુશ્મનોની ચડાઈના ખબર સાંભળે છે અને યુદ્ધક્ષેત્રમાં દોડે છે; સંખ્યાબંધ માણસોનો સંહાર કરતો જૈન છેવટે એક જીવલેણ તીરનો ભોગ થઈ પડે છે અને મરણ પામે છે: આજે કીડીમંકોડીની દયા પાળવામાં જિંદગી ગુજારનાર જૈનોના પૂર્વકાળના શાસ્ત્રકારો લખે છે કે, એ યોદ્ધો મરીને સ્વર્ગમાં ગયો, કે જે સ્વર્ગ અહિંસાના ભકતો માટે જ "રિઝર્વ્ડ" છે. પણ શું આ યોદ્ધો "અહિંસાનો ભકત નહોતો ? શું એણે પોતાના અમૂલ્ય પ્રાણ હજારો સ્વદેશીઓના પ્રાણ અને ઇજ્જતના રક્ષણ ખાતર જ — અને નહિ કે કોઈને મારવાની "મજા" ખાતર—હોમ્યા નહોતાં ? જૈન લડે છે અવશ્ય ; પણ તુચ્છ પ્રાપ્તિઓ ખાતર કે હિંસાબુદ્ધિથી લડવામાં તેને "ગૌરવ" લાગતું નથી, અને તેથી તેવી રીતે લડવામાં તે "પાપ" માને છે — તેને તે "હિંસા" કહે છે. કોઈ ખાસ જરૂર પડવાથી, કોઈ મહાન આશયની સફળતા ખાતર તે જરૂર લડે છે, — અને ધૈર્યથી,

---

૭. જૈ. હિ. : ૧૯૨૦ : સપ્ટેમ્બર : પૃ. ૧૩૭–૧૪૯.

૮. એજન, : ૧૯૧૬ : ઑગષ્ટ : પૃ. ૧૬૮–૧૮૭.

૯. શ્રી "નિરાવલીકા"સૂત્ર તથા શ્રી "ભગવતી"સૂત્રમાં વરણાગનટ નામના બાર વ્રતધારી શ્રાવકની કથા છે, કે જે બે ઉપવાસ પૂરા થતાં પારણું કરવા બેસતો હતો, એટલામાં રણશીંગું સાંભળીને લડવા દોડયોઅને મરીને સ્વર્ગે ગયો. શ્રીમહાવીર-ભકત બારવ્રતધારી ચેડારાજાએ કુણિક રાજા સાથે બાર યુદ્ધ કર્યાં, જેમાંના એકજ યુદ્ધમાં એક કોડ એંસી લાખ મનુષ્યોનો સંહાર થયો હતો. બીજા પણ સંખ્યાબંધ દાખલા શાસ્ત્રોમાં મોજૂદ છે. વા. મો. શાહ.

અપ્રમત્ત રીતે, ઉચ્ચ દયાને દૃષ્ટિબિંદુ બનાવીને લડે છે. કત્લ કરવી એ જૈનનો આશય નથી, એ એની તૃષ્ણા અને ઝંખના નથી; પણ કત્લ સામે ચાલી આવતી હોય અગર આવવાનો સંભવ દેખાતો હોય તો તેને રોકવા ખાતર લડવા તે જરૂર બહાર પડે છે, – પછી એ લડાઈમાં બીજાઓ કે પોતે મરે તે તેને મન અગત્યની વાત નથી. એક ખરો જૈન શરીર પરની મમતા છોડી બેઠો હોય છે, એ શરીરના લાલન-પાલનની દૃષ્ટિથી તે કોઈ કામ કરતો નથી અને કોઈ કામ કરવાનું બંધ રાખતો નથી. જૈન શ્રાવકના અહિંસા વ્રતમાં આ શરતો (conditions) મુખ્ય છે : ઈરાદાપૂર્વક મારવા ખાતર જ મારવાનો તેને ત્યાગ છે; નિરપરાધીને મારવાનો ત્યાગ છે; નિરપેક્ષ હિંસા અથવા ઉચ્ચ અપેક્ષા–આશય વગર મારવાનો ત્યાગ છે. પણ આ સર્વ "શરતો" એવી છે કે જેમાં બુદ્ધિ, ઉચ્ચ ખમીર અને શરીરબળ : ત્રણેની હાજરી હોય તો જ તે પાળી શકાય."[10]

"મારવું" એ હિંસા છે એવા એકાંતવાદે ભારતભરના વિચારકોના મનમાં ઘર કર્યું હતું ત્યારે સને ૧૯૧૬ માં વા.મો.શાહે હિંસા અને અહિંસાની આ રીતે ચર્ચા આપી હતી. તે સમયે તો ગાંધીજી પણ "મારવું" એને હિંસા જ માનતા હતા. સને ૧૯૩૯માં જ્યારે હિટલરે પોલેન્ડ દેશ પર ચઢાઈ કરી અને પોલેન્ડવાસીઓએ સ્વરક્ષણમાટે તેની સામે જંગ ખેલ્યો ત્યારે એક અંગ્રેજભાઈએ ગાંધીજીને પત્ર લખીને પૂછાવ્યું હતું કે :

---

૧૦. જૈ. હિ. : સને ૧૯૧૬ : ઑગષ્ટ : પૃ. ૧૭૫–૧૭૬.

"એ યુદ્ધ અહિંસક કહેવાય ખરું ?" તેના જવાબમાં ગાંધીજીએ એવો ખુલાસો કર્યો હતો કે "સ્વરક્ષણ માટે કરાતું એ યુદ્ધ ખરેખર અહિંસક ગણાય." "નવજીવન" તેમજ "હરિજનબંધુ" ની ફાઇલો આ લખતી વખતે સુલભ ન હોવાથી આ વાત ગાંધીજીના શબ્દોમાં યથાતથ કહી શકાતી નથી, પરંતુ ગાંધીજીના એ જ શબ્દો બીજા પુસ્તકમાંથી મળે છે, જે નીચે પ્રમાણે છે: " હથિયારધારી લૂંટારાઓ સામે કોઇ માણસ એકલા હાથે તલવાર વડે લડતો હોય તો હું ચોક્કસ કહું કે એ અહિંસાપૂર્વક લડી રહયો છે."[૧૧] ગાંધીજીએ"મારવું" એ હિંસા છે એવા એકાંતવાદનો સને ૧૯૩૯ માં ત્યાગ કર્યો હતો તે આ ઉપરથી સમજી શકાય છે એ નજરે વાડીલાલ શાહ અહિંસાનો ફલિતાર્થ સને ૧૯૧૬ માં સમજાવવામાં ખોટા નહોતા પણ ઘણા વહેલા હતા તેમ આપણે કહી શકીએ. વિચારકોના જીવનમાં આવું અનેકવાર બનતું હોય છે.

અર્જુનલાલજી શેઠી અન્યાયભરેલા કારાવાસમાંથી છૂટયા તે અરસામાં જ ગાંધીજીએ ભારતમાં સ્થાપિત અંગ્રેજી બ્યુરોક્રેસી સામે "અસહકાર" નું રણશિંગુ ફૂંકયું હતું. સારાયે દેશે એ પડકાર ઝીલી લીધો હતો. એ સમયે બીજા એક દિગમ્બર જૈન પંડિત ભગવાનદીનજીએ પાણીપતમાં "અસહકાર" ઉપર એક વ્યાખ્યાન આપ્યું એટલે તેમની ધરપકડ કરવામાં આવી અને છ માસની કારાવાસની સજા કરવામાં આવી. અર્જુનલાલ શેઠી અને પંડિત ભગવાનદીનજી કંઇ રાજદ્વારી પુરુષો નહોતા, છતાં પણ વા.મો.શાહ કહે છે તે મુજબ "અત્યજનું જીવન જ એવું બની ગયું છે કે દરેક બાબત સાથે કાયદા અને પોલિટિકસનો

---

11. 'The Trial of Mr. Gandhi, by Francis Watson.

સંબંધ જોડાઇ ગયો છે. ખેતી, વ્યાપાર, સમાજસુધારણા, – અરે વધુ તો શું પણ "દયા"ના સિધ્ધાંતની ચર્ચામાં પણ પોલિટિકલ ભય વાસો કરે છે. ખેતીની દશા આવી કેમ થઇએ વિષય ઉપર વિચાર કરવો હોય તો સરકારની અમુક રાજનીતિનું સ્મરણ કરવું જ પડશે, વ્યાપારની હાડમારીઓથી બચવાના રસ્તા વિચારવા હશે તો વિદેશીઓને આ દેશમાં મળતી સગવડનો અને આ દેશના લોકોને વિદેશમાં પડતી હાડમારીઓનો ઇશારો કર્યા વગર નહિ જ ચાલે, દયાના સિધ્ધાંતનો ઉપદેશ કે ચર્ચા કરવી હશે તો રૌલેટબિલની નિર્દયતાનો ઇશારો થઇ જવાનો જ અને પછી એ ઇશારા, એ ચર્ચાઓ અને માત્ર થૂંક ઉડાડવાના ખેલોને સરકાર વિરુધ્ધ બેદિલી ફેલાવનાર કે "બેવફા" કૃત્ય તરીકે ઠરાવવામાં આવે તો માણસની જિંદગીની સહીસલામતી જ કયાં રહી ?"[૧૨] એમ હોઇ પ્રજામાં નિર્બળતા અને નિર્વીર્યતા ફેલાવા પામે છે અને જીવનના પ્રસંગમાં રાજ્યની ડખલ કે ભય નડવા લાગે છે ત્યારે મનુષ્ય ખળભળી ઊઠે છે. એ સંબંધી વાડીલાલે કહયું છે : " નાની નાની સખતાઇઓ તરફ જનસમાજનું લક્ષ ખેંચાવા પામતું નથી, પણ જ્યારે તેના જીવનના દરેક પ્રસંગમાં રાજની ડખલ કે ભય નડવા લાગે છે ત્યારે મનુષ્ય ખળભળી ઊઠે છે; એ ખળભળાટ પ્રથમ વાણીમાં હોય છે અને જયાં સુધી એ વાણીને દાબી દેવામાં નથી આવતી ત્યાં સુધી કશું ભયંકર બનવા પામતું નથી; કારણકે સઘળો અસંતોષ વાણી રૂપે નીકળી જાય છે અને માણસ ઠંડો પડે છે. પણ જયારે મ્હોં બંધ કરવામાં આવે છે ત્યારે અંદરનો દારૂગોળો ફાટે છે અને ભયંકર વિપ્લવ થાય છે..........

---

૧૨. જૈ. હિ. : સને ૧૯૧૯ : ઓકટોબર : પૃ. ૮૭.

"જે સરકાર, જે સમાજ કે જે ધર્મ મારે માટે જીવવું જ અશક્ય કે મુશ્કેલ બનાવશે તેના આધીન રહેવાની બંધણી મારે શિરે, નાખવાનો કોઈ ઇશ્વરનો પણ હક્ક હોઈ શકે નહિ. આ પ્રમાણે તે માણસ જ્યારે તેની વાચાને પણ ડૂચો દેવામાં આવે છે ત્યારે અંદરને અંદર ધૂંધવાય છે અને – જે બોલ્શેવિઝમનો આજે દુનિયાની તમામ પ્રજાઓને અને સરકારોને આટલો ભય લાગી ગયો છે, તે બોલ્શેવિઝમ આપોઆપ કુદરતી રીતે જ એક યા બીજા રૂપમાં "ફાટી નીકળે"છે. લડાયક જુસ્સો માત્ર ભયંકર સંજોગોમાં જ ઉત્પન્ન થઈ શકે છે અને ટકી શકે છે."[13]

રાજકારણના અભ્યાસીઓ સાક્ષી પૂરશે કે વાડીલાલ શાહ એમના ચિંતનમાં કેટલા આગળ વધેલા હતા. શાસકપક્ષમાં જુલમને કે અન્યાયને તાબે થવાની પ્રજા ના પાડે છે ત્યારે તેના પરિણામ કેવાં ભયંકર આવે છે. આપણા ભારતવર્ષમાં શ્રીમતી ઈંદીરાગાંધીના શાસનકાળ દરમ્યાન જેમણે તાબે થવાની આનાકાની કરી તેમણે કેવો જુલમ સહન કર્યો તેનાથી નાનામાં નાનું બાળક પણ અજાણ નથી. આ સંબંધે લખાયેલું વાડીલાલનું એક બીજું નાનકડું અવતરણ આપવાની લાલચને રોકી શકાય એમ નથી.

"પ્રજાથી ડરવાને સબબે સરકાર સખત કાયદા કરે એવી માન્યતાને અનુભવ જુઠ્ઠી પાડે છે અને શિખવે છે કે પ્રજાનું હદપારનું બીકણપણું જ હરકોઈ સરકારને સખત બનાવે છે. પ્રથમ પ્રજામાં ભયભીત-પણું અને રોતડપણું આવે, પછી તે રોતડપણું અમલદારોમાં સખતાઈ

---

૧૩. જૈ. હિ. : સને ૧૯૧૯ : ઑકટોબર : પૃ. ૮૮–૮૯.

પ્રેરે, પછી થોડાએક શુધ્ધાશયી પ્રજાજનો "બડબડાટ" કરવા લાગે અને દંડાય, પછી સમસ્ત પ્રજાના મ્હોં ઉપર ખભાતી તાળાં ઠોકાવાનો બનાવ બને, અને આ સર્વ કાર્યપરંપરાને આખરે ભયંકર વિપ્લવ ફાટી નીકળે : એ બધું દરેક સ્થળે દરેક કાળે બનતું રહયું છે, એ કાંઇ આશ્ચર્ય ઘટના નથી."[૧૪] વાડીલાલ શાહનું આ તર્કબધ્ધ તત્ત્વજ્ઞાન કહો કે ભવિષ્યવાણી – અઠ્ઠાવનવર્ષ પછી કેવી અક્ષરશઃ સાચી પડી છે તે સર્વ કોઇ જાણે છે.

રાજકારણને લગતો બીજો એક બહુ મહત્ત્વનો લેખ છે: "ભૂલ" કે "પ્રકૃતિ" ? અસહકારયુગમાં જલિયાંવાળાબાગની કતલ સને ૧૯૧૯ માં ૧૩ મી એપ્રિલને દિવસે થઇ અને માર્શલ લૉ જાહેર કરવામાં આવ્યો જેને પરિણામે ભારતમાં કાયદાથી સ્થાપિત થયેલી અંગ્રેજ સરકારે અમાનુષી જુલમ આચર્યો હતો એને લગતી વાત પ્રસ્તુતલેખમાં પત્રકાર વાડીલાલે કરી છે. એમણે સમજાવ્યું છે કે પંજાબમાં આચરાયેલી એ ઘટના કોઇ ભૂલનું પરિણામ નહોતું, પણ માનવસહજ પ્રકૃતિજન્ય વર્તન હતું. એનો અર્થ એ થાય કે દરેક સરકાર કે દરેક મનુષ્ય જ્યારે પોતાના અસ્તિત્વને જોખમમાં મૂકાયેલું જુએ ત્યારે એવું જ હિંસક વર્તન કરે. એને પ્રકૃતિ કહેવાય. વાડીલાલ શાહે આ લેખમાં સમજાવ્યું છે કે :–

"યુરોપિયનોના વ્યાપારવાદે અને તર્કવાદે તથા બૌધ્ધો અને જૈનોના એકાંત દયાવાદે હિંદના આત્માનું ખૂન કર્યું છે, નહિ કે અંગ્રેજોના હથિયારે. ગમે તે રીતે પોતાની અને બીજાઓની જરૂરિયાતો

---

૧૪. જૈ. હિ. : સને ૧૯૧૯ : ઑક્ટોબર : પૃ. ૮૯

વધારી મૂકવી અને ખર્ચાળપણું ફેલાવી એક દેશને મેમન (લક્ષ્મી) નો ગુલામ બનાવી દેવો, કે જેથી તેનામાંથી સ્વાભિમાન અને ગૌરવ નષ્ટ થાય; બુધ્ધિવાદના ચૂંથણાથી એના નિશ્ચયબળને તોડી પાડવું જેથી એનામાં ગતિશીલતા (activity) ન રહેવા પામે અને મારી પેઠે વેદીઓ ઢોરની માફક વિચારો-તર્કો-કલ્પનાઓ-વાદો-સિધ્ધાંતોમાં જ ગંધાયા કરે અને તે દરમ્યાન બીજાઓ તેનો ભક્ષ સહેલાઇથી કર્યા કરે; અને એકાંત દયાવાદના પ્રચારથી સાહસિકપણું અને assimilation (કે જે જિંદગીનું મૂળ તત્ત્વ છે)ગુમાવી દેવડાવવું. જો કોઇ પ્રજાને વગર હથિયારે મારવી હોય તો આ રસ્તા સહેલાસટ છે.[૧૫]"

વળી ભારતવર્ષ નિર્વીર્ય કેવી રીતે બની ગયો તેનું તારતમ્ય પણ વાડીલાલે સરળતાથી રજૂ કર્યું છે. : " જો કોઇ પ્રજાને જીવતી કરવી હોય કે જીવાડવી હોય તો તેનો વ્યાપાર તેના હાથમાં જ રહેવા દેવો જોઇએ અને બહારની કોઇ પણ અને ગમે તેવી સુંદર કે સસ્તી કે ઉપયોગી ચીજ તેની ઇચ્છા વિરુધ્ધ ન આવી શકે તથા અંદરની કોઇ ગમે તેવી નકામી ચીજ તેની ઇચ્છા વિરુધ્ધ ગમે તેવા મોટા ભાવે પણ બહાર ન જવા પામે એવી ગોઠવણ-હરકોઇ ભોગે-હરકોઇ જોખમે-હરકોઇ રીતે- હરકોઇ સાહસથી કરવી જોઇએ. અને તે પછી તો એ પ્રજાની નીતિ અને કેળવણી-વિષયક ભાવના (ideal) ને જ બદલી નાખવી જોઇએ અને મરદાનગી આપે તેજ શિક્ષણને આદર્શ બનાવવાં જોઇએ. પછી ભલે અંગ્રેજ કે દેવતાઓ કોઇ પણ રાજ્યકરે એની ચિંતા ન કરવી જોઇએ. દેશ કે ભૂમિ જડ છે. એના ઉપર કોઇનો

---

૧૫. જૈ. હિ. : સને ૧૯૧૯ : ઓક્ટોબર : પૃ. ૧૨૦

ખાસ હક્ક હોઇ શકે જ નહિ.............................. જ્યાં સુધી આંતરિક તુચ્છતા બાળી નાખવામાં ન આવે ત્યાં સુધી બાહ્ય હિલચાલો અને આંદોલનો કાંઇ સંગીન લાભ આપી શકે જ નહિ....................... ઈંગ્લેંડ, હિંદ સાથે મળીને જયારે મહાપ્રબળ શત્રુ સામે ચિંતાજનક ભયંકર યુધ્ધ ચલાવી રહ્યું હતું અને જીવવા-મરવાનો સવાલ હતો ત્યારે પણ હિંદમાં તો નાતો, ઉપનાતો, ફિરકાઓ અને માન્યતાઓના યુધ્ધોમાં જ આગેવાનો અને ધર્મગુરુઓ મજા માણતા હતા અને પૈસા રળવામાં જ વ્યાપારીઓ મસ્ત બન્યા હતા. દેશના લગતા - વિશ્વવ્યાપક મહાન ફેરફારોની જે ભયંકર અસર દેશપર પડતી રહી હતી અને હજી પડવાની છે તે સંબંધી-કોઇ મુદ્દાપર વિચાર સરખોએ કરવાની હિંદીઓને દરકાર નહોતી. ખુદ રાજદ્વારી નેતા થઇને બકનારા અને ધૂમનારા એવા પણ કેટલાકોએ તો "સ્વદેશી" ના પવનનો લાભ લાખોની કંપની સ્થાપી ખીસ્સાં-ભરવામાં લઇ લીધો છે. અરે રે આ સંઘ દ્વારકા કેવી રીતે પહોંચે ? હું તો સ્વરાજવાદી પણ નથી અને સ્વદેશવાદીએ નથી, વાદ માત્ર અને મંડળ માત્રથી દૂર રહેવાની જ કાળજી રાખું છું, પણ જો સ્વરાજ્ય મળવું એ "સદ્ભાગ્ય" છે એવી જ મારી શ્રધ્ધા થાય તો એ સદ્ભાગ્યની પ્રાપ્તિ માટે કરવી જોઇતી પ્રાર્થનામાં હું એમજ કહું કે " હે દેવ ! અંગ્રેજોને અમારા પર રાજ્ય કરવાની વધારે ને વધારે પ્રબળ ઇચ્છા દે અને પંજાબના છેલ્લા ત્રાસ જેવા ત્રાસરૂપી આશીર્વાદ તેઓ સર્વપ્રાંતોમાં વરસાવે એવી દયાબુધ્ધિ તેમને દે !"[૧૬] જેમ જુલમ વધે તેમ વિરોધ વધે તેથી પરિણામ જલ્દી આવે.

---

૧૬. જૈ. હિ. : સને ૧૯૧૯ : ઓકટોબર : પૃ. ૧૨૧-૧૨૨.

સને ૧૯૧૯ ના અરસામાં કેટલાક અજૈન પ્રજાકીય નેતાઓએ વાડીલાલ શાહને ભારતની રાષ્ટ્રીય ચળવળમાં આગેવાનીભર્યો ભાગ લેવા માટે પ્રેમભર્યું આમંત્રણ આપ્યુ હતું; કારણકે એ સમય સુધીમાં એ વિચારકનાં લખાણોમાં છૂપાઇ રહેલી રાષ્ટ્રીયતાની ભભક તેઓ જોઇ શકયા હતા અને તેને લઇને દેશભરની વિશાળ રાજકીય યોજનાઓમાં આગેવાનીભર્યો ભાગ લેવાને કહેવડાવ્યુ હતું તે સમયે વા. મો. શાહે તેમનો અંત:કરણપૂર્વક આભારમાનીને પોતે તેમના કહેણને માન્ય રાખવા માટે અશક્ત હોવાને જાહેરમાં ખુલાસો કરતાં કહયું હતું કે: " "યુધ્ધવિરામની આશા પણ જે વખતે નહોતી અને જહોનબુલ પોતાના હંમેશના સ્વભાવ પ્રમાણે ગમે તેટલો આશાવાદી દેખાવ કરવા છતાં મોટાભયમાં હતો તે વખતે મેં લખ્યું હતું કે :

" યાદ રાખો કે
લડાઇમાં બહાદુર અંગ્રેજો જીતશે અને
એશિયા પર શત્રુ નહિ આવી શકે,
તો પણ
હિંદને માટે મોટી મુશ્કેલીઓ ઉભી છે.
આખી દુનિયા લડાઇને પરિણામે બદલાઇ ગઇ હશે.
તમને સ્વપ્નમાં પણ ખ્યાલ નહિ હોય એવાં
નવાં સંકટો દુનિયા જોશે,
અને હિંદ તેમાંથી મુકત રહી શકશે નહિ.
અંદરની અને બહારની સ્થિતિઓ
હિંદને ગૂંગળાવી દેશે. "૧૭

---

૧૭. જૈ. હિ. : સને ૧૯૧૭ જૂન થી સપ્ટે. ૧૯૧૮ : પૃ. ૮૧૪-૯૧૫

આ આગાહીનું સત્ય છેલ્લા દોઢ વર્ષના બનાવો જાહેરપેપરોમા વાંચનાર પોતાની મેળે વિચારી લેશે. હિંદના હજારો વર્ષના ઇતિહાસમાં આજની પરિસ્થિતિને મળતું ચિત્ર કોઇ સ્થળે શોધ્યું જડે તેમ નથી,- એટલી નવીન આ પરિસ્થિતિઓ છે. આ પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે કોઇ પ્રચંડ દૂરગામી કલ્પનાશકિતવાળી વ્યકિત જોઇશે. સરકારે જે "સુધારા" આપવા પડયા છે તે સુધારા કે લોકો જે સુધારા માગવા માટે માંહોમાંહે લડી રહયા છે તે સુધારા: બેમાંથી એકકે હિંદને બચાવી શકનાર નથી. આકાશમાં ઊડનારી કલ્પનાશકિત વડે, જે બનાવો હજાર વર્ષમાં નહિ બની શકતા હોય તેવા બનાવો એક મહિનામાં બનતા જોઇ શકે એવી ઉગ્ર કલ્પનાશકિત વડે, જે મનુષ્ય હિંદને અને દુનિયાને-બન્નેને જોઇ શકે, એક ડોકટર જેમ છાતીની અંદરનો ભાગ "એક્ષ-રે"થી જુએ છે તેમ હિંદના તેમજ ઇંગ્લેંડના આત્માની ખાસિયતો જોઇ શકે, "દરદ પ્રગટતું હોય એક સ્થળે પણ તેનું સ્થાન હોય અન્ય સ્થળે" એ સત્ય મનમાં સમજી દરદના નાશ માટેની યોજના કરી બહારથી તો માત્ર "આજ્ઞા" આપીને જ સંતોષ પકડી શકનાર ડૉકટરની માફક જે દેશનાયક ન કળી શકાય એવી યોજનાથી અને થોડામાં થોડા શબ્દોચ્ચારથી દેશને કાન પકડીને દોરવી શકે અને "સત્ય" કરતાં "કલા"માં વધારે નિપુણતાથી ખેલી શકે એવા પ્રચંડ દેશનાયકની આજે હિંદને અનિવાર્ય આવશ્યકતા છે. એવાના અનુયાયી થવું મને ઇષ્ટ છે અને પ્રિય પણ છે. બીજા દેશનાયકોને હું માન આપું છું, પરંતુ એમને મારા દોરનાર તરીકે સ્વીકારવા જેટલી શ્રધ્ધા

મારામાં ઉત્પન્ન થઇ શકતી નથી. એટલે હું દેશનાયકોની વિરુધ્ધ કે તરફેણમાં કાંઇ કહેવા કરવાથી પરહેજ રહું છું."[18] આ પરિસ્થિતિ હોવા છતાં એજ પત્રકારે ૨૫મી સપ્ટેમ્બર ૧૯૧૯ના રોજ વર્ધા મુકામે ભરાયેલી ઑલ ઇન્ડિયા જૈન પોલિટિકલ કોન્ફરસના સભાપતિ તરીકેનું સ્થાન શોભાવ્યું હતું અને તે વખતે તેમણે વિદ્વત્તાપૂર્ણ તેમજ સુયોગ્ય માર્ગદર્શન આપે એવું વિસ્તારભર્યું વ્યાખ્યાન આપ્યું હતું. તે ઉપરાંત "સ્વરાજ્ય ક્યાંથી, કેવી રીતે, કઇ પ્રાપ્તિ માટે"? એ વિષય ઉપર બોલતાં સમજાવ્યું હતું કે, "સ્વરાજ્ય કાંઇ બહારથી નહિ પણ અંદરથી જ મેળવવાનું છે, આંતર્બળ અને ઐક્ય વડે જ મેળવવાનું છે, અને આત્મબળને અંતિમ મોક્ષની હદ સુધી ખિલવવા માટે મેળવવાનું છે."[19]

એ સિવાય ભારતીય રાષ્ટ્રીયતાને લગતી અવનવી વિચારણાઓ પત્રકાર વાડીલાલે જુદાજુદા લેખોમાં આપી હતી તે કેવી રીતે આપી હતી એ સઘળું નીચે જણાવેલા લખાણોના વાંચનથી સમજી શકાશે. એ લખાણો વાડીલાલને રાજકીય વિચારક તરીકે સુયોગ્યરીતે સ્થાપી દે તેવા છે.

૧. "હિંદમાં નવો યુગ" : જૈ. હિ. : ૧૯૧૭ : જૂન પૃ. ૧૨૩-૧૨૬
૨. "પેટનો બાળ્યો ગામ બાળે": એજન : પૃ. ૭૯૨-૮૦૮
૩. "રાજકીય સુધારણામાં જૈન મત": જૈ. હિ. સને ૧૯૧૯ : ઑકટોબર : પૃ. ૪૯-૫૧.
૪. "માતૃભૂમિ અને તત્ત્વજ્ઞાન": જૈ. હિ. : સને ૧૯૧૯ : ઑકટોબર પૃ. ૩૩

---

૧૮. જૈ. હિ. : સને ૧૯૧૯ : ઑકટોબર : પૃ. ૫.
૧૯. જૈ. હિ. : સને ૧૯૧૯ : ઑકટોબર : પૃ. ૪૦.

૫. "નકામા વખાળા": જૈ. હિ. ૧૯૨૦ જૂન : પૃ. ૧૨૪-૧૩૦

૬. "મહાત્મા ગાંધીના તત્ત્વજ્ઞાનનું પૃથક્કરણ": એજન : પૃ. ૧૩૭

૭. "મૃત્યુ શું સારા માટે હોઇ શકે ?" : એજન : પૃ. ૧૪૯-૧૫૫

૮. "અસહકાર" શીર્ષક પુસ્તિકા : જૈ. હિ. :૧૯૨૧ જૂન :
[શોધિતવર્ધિત પાંચમી આવૃત્તિ.]

મહાત્મા ગાંધીજી અસહકારના પિતા ગણાય છે. પરંતુ અસહકારને શાસ્ત્ર બનાવી દેવાની શક્તિ તો વાડીલાલે બતાવી હતી એમ આ પુસ્તિકા કહી રહી છે. વળી આ સઘળાં લખાણો પાછળ રહેલી એકદૃષ્ટિ પણ સમજવા જેવી છે કે સને ૧૯૧૯ માં ગાંધીજીની લડતની શરૂઆતથી તે એક જ વર્ષના ગાળામાં ગાંધીજીની વિચારશૈલી અને વિચારપદ્ધતિ ઉપર પૃથક્કરણાત્મક છણાવટ કરવાનું કામ એક ગુજરાતી પત્રકારે સફળતાપૂર્વક કર્યું હોય તો એવા પત્રકાર તે વા. મો. શાહ. ગુજરાતને માટે આ ગૌરવનો વિષય ગણાવો જોઇએ.

## : પ્રકીર્ણ વિષયો :

વાડીલાલ શાહે એમના પત્રકારજીવન દરમ્યાન અનેક વિષયને સ્પર્શ્યા છે. આ દુનિયા સિવાયની બીજી દુનિયાના કેટલાક અનુભવ એમણે નોંધ્યા છે. એવા મનોવૈજ્ઞાનિક અનુભવોનો અછડતો અભ્યાસ અહીં રજૂ કર્યો છે:-

૧. મનોવૈજ્ઞાનિક અનુભવ (psychic experience) "મરણ પામેલી સખીની મુલાકાતોનો અહેવાલ" :[સને ૧૯૦૮ અને ૧૯૦૯ દરમ્યાન જૈ. હિ. માં ધારાવાહી સ્વરૂપે પ્રગટેલી લેખમાળા.]

ખ્યાતનામ આંગ્લપત્રકાર ડબલ્યુ. ટી. સ્ટેડે જુલિયા અને એલન નામની બે ખ્રિસ્તી યુવતીઓ વચ્ચેના પ્રેમનું દર્શન કરાવ્યું છે બેમાંની એક જુલિયાએ સ્વર્ગે સિધાવ્યા પછી એલનને આ પૃથ્વી લોકમાં મળીને જુદે જુદે સમયે બેત્રણ વખત દર્શન દીધાં હતાં. મિ. સ્ટેડ એ બંને યુવતીઓના દોસ્ત હતા એટલે તેમણે એ પ્રસંગનું આબેહૂબ વર્ણન પોતાના "રિવ્યુ ઓફ રિવ્યુઝ" (Review of Reviews) નામના પત્રમાં કર્યું હતું, જે પ્રસંગને વાડીલાલ શાહે "મરણ પામેલી સખીની મુલાકાતોનો હેવાલ એ શીર્ષક નીચે રજૂ કર્યો હતો. તેમાં જણાવ્યા પ્રમાણે મી. સ્ટેડે એ વખતે "ઓટોમેટિક રાઇટિંગ"ની શકિત ખિલવવા માંડી હતી. કોઇ માણસ પૂર્ણ શુદ્ધ - શાનમાં હોય ત્યારે તેના હાથથી તેની બુધ્ધિના લખાવ્યા પ્રમાણે નહિ પણ બહારની કોઇ શકિતના લખાવ્યા પ્રમાણે લખાય તેને "ઓટોમેટિક રાઇટિંગ" કહેવાય છે. લખનાર વ્યકિતને જ ખબર હોતી નથી કે પોતે શું લખે છે ? આમાં કંઇ

"હિપ્નોટિઝમ" નથી. જે માણસનો હાથ લખે છે તેની બુધ્ધિ તેના જ વશમાં હોય છે છતાં અજાણતાં કંઇક અવનવું લખાઇ જાય છે; આમાં ઘણીવાર ભૂતકાળના બનાવોનો આબેહૂબ ચિતાર આવે છે તો ઘણીવાર ભવિષ્યકથન પણ લખાઇ જાય છે. આ લખાણની પધ્ધતિ અંતરમન – Subconscious mind ને આભારી હોય અથવા બહારની કોઇ અદૃશ્ય શક્તિને આભારી હોય. મી. સ્ટેડે "ઓટોમેટિક રાઇટિંગ"ની શક્તિ પ્રાપ્ત કરી હતી અને તે દ્વારા જુલિયાના સંદેશા તેમણે નોંધ્યા હતા. વાડીલાલે મી. સ્ટેડના એ પત્રોનો વિગતે અભ્યાસ કરી એ મૃત્યુ પામેલી સખીની મુલાકાતો આ લેખમાળામાં ચર્ચી છે.

૨. "ભાવનાબળ" : તેની કસોટી માટે એક પ્રયોગ : આ એક ટૂંકો પણ પ્રેરણાત્મક સંદેશો છે જે તા. ૧૩-૧૨-૧૯૦૮ ની મધ્યરાત્રિએ વાડીલાલને સૂઝયો હતો તે પ્રગટ થયો છે.[1] એ વખતે જૈનહિતેચ્છુ ખૂબજ અનિયમિત રીતે પ્રગટ થતું હતું તેથી આ લખાણની તારીખમાં વિરોધાભાસ જણાય છે. આ લેખમાંના સંદેશાને વાડીલાલ શાહના પોતાના જ મનોવૈજ્ઞાનિક અનુભવ તરીકે ઓળખાવી શકાય તેમ છે.

3. 'Power of Vibrations' : જૈનસમાચાર: તા. ૫-૭-૧૯૧૦

૪. "<u>મરણ પછીની જિંદગી</u> : જૈનહિતેચ્છુ : ૧૯૧૦

જહોન લોબ નામના સુપ્રસિધ્ધ ગ્રંથકાર, પત્રકાર અને શોધકના અનુભવોને આ શીર્ષક નીચે વા. મો. શાહે ૧૯૧૦ના જૈનહિતેચ્છુના અંકોમાં બાર માસ સુધી હપતે હપતે રજૂ કર્યા છે. તેની સાથે

---

૧. જૈનહિતેચ્છુ : ૧૯૦૮ નવેમ્બર : પૃ. ૨૬૧.

અદૃશ્ય દુનિયાના જીવાત્માઓ (પ્રેતો)ની છબીઓના ફોટા પણ પ્રગટ કરવામાં આવ્યા છે તે ખરેખર આશ્ચર્યકારક છે. આ વિષય જ એ પ્રકારનો છે કે એને ટૂંકાણમાં ભાગ્યે જ સમજાવી શકાય.

૫. "પ્રેરણા અથવા અદૃશ્ય મદદ" જૈ. હિ.: ૧૯૧૧ : જૂન : પૃ. ૧-૯. આ લખાણને માટે વા. મો. શાહે પ્રાસ્તાવિક નોંધ લખી છે તે નીચે મુજબ છે : –

" આ લખનારને – આ પત્રના સંપાદકને ગઇ તા. ૧૨મીની સવારે કેટલોક આત્મકલેષ થયો હતો. જે કામ ઉપાડવામાં આવ્યું છે તેને યોગ્ય પોતે નથી એવું કેટલાક પરિણામો ઉપરથી જણાયાથી તેને હૃદયમાં દુ:ખ થયું અને હૃદયના ભાવો જાણવાની – તેનો સહજ પણ ખ્યાલ બાંધવાની શક્તિવાળા પુરુષો ન જડવાથી એ દુ:ખમાં વૃદ્ધિ થઇ. એ નિરાશાની પળો વચ્ચે એને એમ જ થઇ આવ્યું કે વધુ યોગ્ય પુરુષો માટે આ કામ છોડી દેવું એ જ ઇચ્છવા યોગ્ય છે. એક તરફ સાધનોની ખામી બીજી તરફ સ્વવર્ગના તેમજ અન્ય ગણાતા વર્ગના વિરોધ સામે ટકી રહેવા માટે કરવો પડતો વીર્યવ્યય, ત્રીજી તરફ પોતાનું જ્ઞાન આગળ વધારવાની તીવ્ર અભિલાષાને દાબી રાખનાર સંજોગો અને ચોથી તરફ પોતા તરફથી પ્રસંગે પ્રસંગે થઇ જતી ભૂલોના ભાનનો ડંખ : આ સર્વને લીધે છેક જ નિરાશા ઉત્પન્ન થઇ, તેથી પોતે આ કામને લાયક છે જ નહિ એમ માની વિશેષતર લાયકાતવાળા પુરુષો માટે જગા કરવા સારુ એ ક્ષેત્રમાંથી ચાલ્યા જવાનો વિચાર કર્યો.

બરાબર એ જ ક્ષણે એકાએક સહાય તરીકે પ્રેરણા મળી. શું કરું છું એના ભાન વગર જ હાથે ગતિ કરી, એણે કલમ પકડી અને કાગળપર પ્રેરણાનુસાર શબ્દો લખાઇ ગયા. એ શબ્દો એને અત્યંત બળ આપનારા, અત્યંત દિલાસો આપનારા, અત્યંત શાંતિ આપનારા ગુરુ તરીકે થઇ પડેલા હોવાથી તે આ નીચે પ્રકટ કરવાનું ઉચિત માનવામાં આવ્યું છે એ શબ્દો હરકોઇ સજ્જનને ઘણા ઉત્સાહપ્રેરક અને ઉપદેશી થઇ પડશે.[2] એ અદૃશ્ય શક્તિએ એમને શું લખાવ્યું તે કુલ નવ પૃષ્ઠમાં વાડીલાલે આપ્યું છે.

૬. "જૈનસમાચારના એક ખેરખાહ દેવ થયા તેમણે દેવ થયા પછી પ્રેરેલા વિચારો"

"જૈનસમાચાર"ના દોષ બતાવી તેને સુધારવાનો રસ્તો સૂચવનાર એકનો એક સાચો મિત્ર"

"સમસ્ત ભારતવર્ષના ઉદય માટે વિચાર, ક્રાંતિ ઉત્પન્ન કરવાનો વગરખર્ચનો સૂચવાયેલો રસ્તો."[3]

આવાં જુદા જુદા શીર્ષક નીચે લખાયેલો આ લેખ ઘણો વિસ્તૃત છે. લુધિયાનાથી સદ્ગત મુલતાનચંદજી મહારાજે પોતાના મૃત્યુ સમયે પ્રેરણા આપીને અમદાવાદ વાડીલાલને પહોંચાડેલો આ સંદેશો ખૂબ જ વિચારપ્રેરક છે. એ જમાનામાં વા.મો.શાહને મનોવૈજ્ઞાનિક શાસ્ત્રને લગતા સાહિત્યનો અભ્યાસ કરવાની લગની લાગી હતી અને તે પર તેઓ અનહદ શ્રધ્ધા ધરાવતા હતા, એટલે મુલતાનચંદજી તરફથી મળેલો આ સંદેશો "જૈનસમાચાર"ના અંકોમાં સોનેરી શાહીથી તેમણે પ્રગટ કર્યો હતો. એ સંદેશો છપાઇ ગયા પછી ત્રીજે દિવસે મુલતાનચંદજીના કાળધર્મને પામવાના સમાચાર ટપાલ દ્વારા તેમને મળવા પામ્યા હતા.

---

૨. જૈ. હિ. : સન ૧૯૧૧ : જૂન પૃ. ૧-૯

3. "જૈનસમાચાર": તા. ૪થી જુલાઇ સન ૧૯૧૦ અને "જૈનસમાચાર ગદ્યાવલિ", ભાગ: ૫-૬ : પૃ. ૫૩૧-૫૬૬ ઉપર પુનરમુદ્રિત.

: નિસર્ગોપચારના અભ્યાસી :

વાડીલાલે પત્રકાર તરીકે સ્પર્શેલા ક્ષેત્રોમાં નેચરોપથીના લેખોનો પણ સમાવેશ થાય છે. અમેરિકાના ખ્યાતનામ નિસર્ગોપચારક બર્નાર્ડ મેકફેડને પ્રરુપેલા કુદરતી ઉપચારશાસ્ત્ર વિશે એ સમયે ઘણા થોડા ગુજરાતીઓએ વાંચ્યું હશે, પરંતુ વાડીલાલ શાહે જેમ મનોવૈજ્ઞાનિકશાસ્ત્રમાં ચાંચ બોળી હતી તેમ દવા વગર દરદ મટાડવાના શાસ્ત્રનો પણ તેમણે અભ્યાસ કર્યો હતો. અને એ વિષયને લગતી વાતો જનસમાજ સમક્ષ "જૈનસમાચાર" અને "જૈનહિતેચ્છુ" ના પૃષ્ઠો પર રજૂ કરી હતી. એ શાસ્ત્રપર તેમને અનહદ શ્રધ્ધા હતી એ બાબત તેમનો એક ખાનગી પત્ર પૂરવાર કરે છે. તેમાં એમણે લખ્યું છે કે :

"મેકફેડન અમેરિકાનાં પુસ્તકો ત્યાં હોય તો અભ્યાસ કરી ગ્રામ લોકોને એનો સાર સમજાવવાનો એક "ફ્રી કલાસ " કાઢો તો? આરોગ્યને લગતાં એનાં શિક્ષણ અમૂલ્ય છે. શરીરનાં દરેક અવયવની સંભાળ રાખવાની તથા મજબૂત કરવાની એની પધ્ધતિ સ્વાભાવિક, ખર્ચ વગરની અને અત્યંત હિતાવહ છે. તમને કામ મળશે, લોકોનું હિત થશે. સ્વર્ગ નહિ મળે, સ્વર્ગની તમને દરકારે ય નહિ હોય."[૧]

આ અવતરણ ઉપર ભાગ્યે જ કોઇ ટીકાટિપ્પણીની જરૂર રહે છે. એ વિષયને લગતાં લખાણોની યાદી નીચે મુજબ છે.

---

૧. તા.૯-૮-૧૯૩૦ના રોજ ત્રિભુવન હેમાણી ઉપર લખેલો એક ખાનગી પત્ર : પ્રગટ – "કૌમુદી", સને ૧૯૩૨, જુલાઇ: પૃ. ૨૯.

१. "तनदुरस्ती,[२] विजय अने शक्तिनुं रहस्य": [जैनहितेच्छु : सने १९०९ : अेप्रिल : पृ. १३-१५]

२. "नानां बाळकोमां वधतुं जतुं मृत्युनुं प्रमाण : तेनां कारणो अने तेने अटकाववानी टूंकी सूचना": [जैनसमाचार : ता. १९-४-१९०९]

३. "स्त्रीओ सुखी केम रहे ?" [जैनसमाचार : ता. १३-११-१९०९]

४. "जैनोमां वधतो जतो हिस्टीरियानो मरज : अेनां कारणो उपायो : [जैनसमाचार : पहेलो हपतो- ६ जून १९१०, बीजो हपतो २० जून, त्रीजो २७ जून अने चोथो हपतो ता. ३ जुलाई]

५. "लक्ष्य सौथी वधारे असरकारक रीते खेंचवानी युक्ति": [जैनसमाचार : ता. १९-९-१९१०]

६. "कोईपण जातनी दवा सिवाय मात्र भावना-बळथी दरदो अने दुःखो मटाडवानी विद्या." [जै. हि. : १९११ : मे : पृ. १६-१८; अेजन - ओक्टोबर : पृ. १-५; अने सने १९१२ : फेब्रुआरी : पृ. ५५-५९.]

७. "मात्र कसरत वडे, दरेक व्याधि मटाडवानुं शास्त्र" [जै. हि. : १९११ : जून : पृ. २३-३१]

८. "तनदुरस्तीनुं शास्त्र" [जै. हि. १९११ : सप्टेम्बर : पृ. ६-१५]

९. "जिंदगीनो भोमियो" : [जै. हि. : १९१४ : जान्युआरी- मे, तथा १९१६ : मार्च]

---

२. "तनदुरस्ती" ने साची जोडणी तरीके वा. मो. शाह ओळखावता हता.

૧૦. "આરોગ્ય બોધ એટલે તનદુરસ્તી અને શકિતનું શાસ્ત્ર": [લેખક: "એક બીમાર અભ્યાસી"–જૈ. હિ. ૧૯૧૭ સપ્ટેમ્બર : પૃ. ૪૧૩–૪૨૪.]

૧૧. "મારી ઉપવાસની કહાણી" [એજન : પૃ. ૪૧૫–૪૩૨.]

૧૨. "ગુપ્ત દરદોની વધતી જતી ભયંકરતા": ડૉ. વિલિયમ બી. હાવર્ડ/નામના કોઇ અમેરિકન તબીબના પુસ્તકનું દોહન છે જેમાં આરોગ્યશાસ્ત્રના મૂળતત્ત્વોની છણાવટ હોવા ઉપરાંત આરોગ્ય, શકિત, તેમજ નીતિને શોધનારાઓ માટે સારો સરખો ખોરાક મળી શકે તેમ છે. :[જૈ. હિ. ૧૯૧૭ સપ્ટેમ્બર : પૃ. ૪૩૩–૪૩૬.]

૧૩. "ભૂલાઇ ગયેલું શકિતનુંશાસ્ત્ર" : "આજના જમાનાનું મોટામાં મોટું ઉડાઉપણું : " શકિત કેવી રીતે જાળવવી અને ખિલવવી": [જૈ. હિ. : ૧૯૧૯ : ઓકટોબર – પૃ. ૧–૧૨.]

## : કૉન્ફરન્સ વિચારણા :

મુનિશ્રી છગનલાલજીની પ્રેરણાથી પત્રકારજીવનને અપનાવનારા વાડીલાલ શાહે શરૂઆતમાં તો સ્થાનકવાસી જૈન સમાજ રૂપી સંપ્રદાય અને ધર્મને ધ્યાનમાં લઇને અભ્યાસ આદરી દીધો હતો. એ વખતે દિગમ્બર જૈનસમાજે સમાજોન્નતિ માટે કૉન્ફરન્સની સ્થાપના છેક ઇ.સ.૧૮૯૫ થી કરી લીધી હતી, વળી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનસમાજે પણ પોતાની ત્રુટિઓનું જ્ઞાન થતાં સને ૧૯૦૨માં પોતાની કૉન્ફરન્સની સ્થાપના કરી દીધી હતી. પરંતુ સ્થા.જૈનસમાજમાં આ પ્રકારની જાગૃતિ ઘણી મોડી આવી હતી. વાડીલાલ શાહે સ્થા.જૈનોની કૉન્ફરન્સ સ્થપાય એ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખીને જૈનહિતેચ્છુના પૃષ્ઠો પર પ્રચારકાર્ય આરંભી દીધું હતું અને કૉન્ફરન્સની સ્થાપનાથી આખા સમાજને કેવો લાભ મળે છે તે સમજાવવા માટે વિવિધ પ્રકારનાં લખાણો લખીને પ્રોત્સાહનભર્યું વાતાવરણ ઊભું કરવાના પ્રયત્નો અજમાવ્યા હતા. એ રીતે ત્રણ ચાર વર્ષનો ગાળો પસાર થઇ જતાં સ્થા.જૈનસમાજમાં કૉન્ફરન્સ[1] ભરવા માટેનું વલણ જામ્યું હતું. એમ થવામાં સમાજનાં કેટલાક "બળો" (forces) પણ મદદરૂપ થયાં હતાં. સમગ્ર ભારતવર્ષનાં જુદાં જુદાં સ્થળોએ સ્થપાયેલાં મિત્રમંડળો અને સેવાસંઘોએ કૉન્ફ.ની સ્થાપનામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. જેવાંકે :-

૧. શ્રી સ્થા.જૈનધર્મ મિત્રમંડળ, મુંબઇ

---

૧. આ વિભાગમાં નીચેના શબ્દો વારંવાર આવતા હોવાથી એનું સંક્ષિપ્ત સ્વરૂપ આપ્યું છે - સ્થાનકવાસી :"સ્થા"; મૂર્તિપૂજક "મૂ"; શ્વેતામ્બર :"શ્વે."; અને કૉન્ફરન્સને બદલે "કૉન્ફ.".

૨. ૦ શ્રી રત્નચિંતામણિ સ્થા. જૈન મિત્રમંડળ, મુંબઇ

૩. શ્રી ઝાલાવાડી સ્થા. જૈનસભા, મુંબઇ.

આ ત્રણે સંસ્થાઓ સ્થા. જૈનસમાજના વિચાર-વાતાવરણમાં સુયોગ્યરીતે સંગઠન અને ઐકયનો પૈગામ આપવા સારુ પ્રયત્નશીલ રહી હતી. તેમ કરવા માટે આ સંસ્થાઓએ વિદ્વાનો અને અનુભવીઓ પાસે વિવિધ વિષયો ઉપર જાહેરસભાઓમાં ભાષણો અપાવવાની પહેલ કરી હતી. એ ત્રણેય મંડળોના પ્રયત્નો કોન્ફ. ની સ્થાપનાને બળ આપનારા નીવડયાં હતા એટલે સુધી કે સ્થા. જૈનમિત્રમંડળ તો સ્થા. જૈનોની કોન્ફ. માંજ છેવટે સમાઇ જવા પામ્યું હતું, જયારે રત્નચિંતામણિ સ્થા. મિત્રમંડળે પોતાનું આગવું સ્થાન સાચવી રાખીને સારાયે સમાજમાં કેળવણીનો પ્રચાર કરવાનું બીડું ઝડપ્યું હતું; તેમ કરવા જતાં જૈન તેમજ જૈનેતરના ભેદભાવને તે મંડળે તિલાંજલિ આપી હતી, જ્યારે ઝાલાવાડી સ્થા. જૈનસભાએ પોતાનું મર્યાદિત વર્તુળ સાચવી રાખીને સંપ્રદાયવાદનો ત્યાગ કર્યો નહોતો. આજે પણ હજુ એ સભા એ જ સ્વરૂપે અસ્તિત્વ ધરાવી રહી છે.

સ્થા. જૈન સમાજના પ્રગતિવાંછુ મુનિવરોએ પણ કોન્ફ. ની વિચારણાને અપનાવી લીધી હતી અને પોતપોતાનાં વ્યાખ્યાનોમાં જનતાને સાચી સમજણ આપવાના પ્રયત્નો આદરી દીધા હતા. એવા એક મુનિવરનું નામ તપસ્વી માણેકચંદજી હતું, જેઓ સ્થા. જૈનસમાજના પુનરુત્થાન તેમજ સંગઠન સાધવા સારું "નિરાશ્રિત પુસ્તક ભંડાર"ના વાર્ષિક મેળાવડાઓ કાઠિયાવાડનાં જુદાં જુદાં શહેરોમાં ભરવાની

યોજના પાર પાડી રહયા હતા. પોરબંદર મુકામે ભરાયેલા એવા એક મેળાવડાના પ્રમુખસ્થાનેથી વાડીલાલ શાહે મુનિવરની એ યોજનાના મેળાવડાને "કોન્ફ. નું બચ્ચું" એ નામથી બિરદાવ્યો હતો. આવા વિવિધ પરિબળો કોન્ફ.ની સ્થાપના માટે કામ કરી રહયાં હતાં, જેને પરિણામે પત્રવ્યવહાર તેમજ પર્યટન દ્વારા જૈ. હિ. ઓફિસ પાસે કોન્ફ.ની સ્થાપના માટે ઉપયોગી થઇ શકે એવી વિવિધ સામગ્રી એકઠી થઇ જવા પામી હતી. મોરબીના સ્વ. ગોકળદાસ મહેતા, સ્વ. દુલર્ભજી ઝવેરી તા સ્વ. મગનલાલ દફતરી જેવા યુવાન બંધુઓની ત્રિપુટીએ જૈ. હિ. પાસે રહેલી સામગ્રીનો યથાયોગ્ય ઉપયોગ કરીને કોન્ફ.ની સ્થાપના માટે તનતોડ મહેનત કરીને સફળતા પ્રાપ્ત કરી હતી. એ સમયે જૈ. હિ. પત્ર દ્વારા વાડીલાલ શાહે અથાગ પરિશ્રમ સેવીને તથા તન, મન, ધનથી બનતી સઘળી મદદ કરીને કોન્ફ. ની સ્થાપના માટે સમાજમાં સાનુકૂળ વાતાવરણ ઊભું કરવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. એ પુરુષાર્થને સુયોગ્ય રીતે સમજવા માટે નીચેનું અવતરણ બસ થઇ પડશેઃ-

" "કોન્ફરન્સ" નામ આપણામાંના કેટલાકને અપરિચિત હશે, કારણકે તે વિદેશી નામ છે. પણ આપણે તેને "મેળાવડો" એ સાધારણ નામ આપીએ તો પણ ચાલશે. ફેર માત્ર એટલો જ કે બીજા મેળાવડામાં હરકોઇ માણસ આવી શકે છે અને મરજી મુજબ બોલી શકે છે તેમાં વખત અને પૈસાનો વ્યય નકામો થાય છે, પણ કોન્ફ.માં તેમ કંઇ બનતું નથી. તેમાં તો ગામો ગામથી વિદ્વાનો ને, અનુભવીઓને, તથા

શ્રીમંતોને – એ ત્રણ વર્ગને જ આમંત્રવામાં આવે છે. વળી ત્યાં આવનારા સર્વે અગાઉથી પોતપોતાના વિષયો સબંધી પૂરતી માહિતી મેળવી – તૈયાર થઇ આવે છે, કે જેથી ચર્ચા સારી રીતે થાય અને નિવેડો ઝટ આવે. વિદ્વાનો અને અનુભવીઓ દરખાસ્ત કરી – દરખાસ્ત વિરુદ્ધ કે તરફેણમાં મત આપે અને ઠરાવો અમલમાં મૂકવાના રસ્તા સૂચવે, જેમાં જોઇતું ખર્ચ કરવા પેલા શ્રીમંત ગૃહસ્થો સ્વધર્મ કે સ્વકોમનું હિત વિચારીને, પોતાની નાણા – કોથળીનું મોં છૂટું રાખે. એક ખરી કોન્ફ. તો માત્ર ઠરાવ કરીને જ વિરમતી નથી પરંતુ તે ઠરાવો અમલમાં મૂકવા માટે એક સ્થળે ઓફિસ રાખી ફરતા નોકરો અને પત્રવ્યવહારથી દેખરેખ રાખે. વળી કોન્ફ. દર વરસે ભરાવાથી તેમાં ભાગ લેનારાઓ પ્રતિવર્ષ વધારે અનુભવ મેળવતા જાય અને વધારે સવાલો ઉપર વિચાર કરવાનો પ્રસંગ મળવાથી પોતાના વર્ગની ઉન્નતિ કરવા વધારે શક્તિમાન થાય. સુધરેલા દેશ–માં તો વેપાર – રાજ્ય વહીવટ–ધર્મ–વિદ્યા આદિ દરેક બાબતની કોન્ફરન્સો ભરાય છે.....................................

એવા મેળાવડાથી તમને ઘણાઘણા લાભ છે, તમારા વર્ગમાં જે જે શ્રીમંતો વિદ્વાનો અને અનુભવીઓ છે તેમની લક્ષ્મી, વિદ્યા અને દીર્ઘદૃષ્ટિને કસોટી ઉપર ચડાવવાનો તમને પ્રસંગ મળશે, તેમની તે શક્તિઓ કાટ ખાઇ જતી અટકશે અને વધારે પ્રબળ થશે; એક બીજા સાથે ભાઇચારો વધશે; ઉપયોગી બાબતો ચર્ચાવાથી તે નાના બાળકો અને સામાન્ય લોકોના પણ મોઢે થશે તેથી જ્યારે ત્યારે કોઇક દિવસ પણ તે સુધારા થશે. એમ તમારી સર્વ તરફની આબાદીના

સાધન મેળવવા "કોન્ફરન્સ" - "કોન્ફરન્સ" અને એક "કોન્ફરન્સ" જ સમર્થ થશે. એ "કોન્ફરન્સ" જ તમારી ધોળ પધ્ધતિને કિંમતી દાખલો આપશે."[૨]

એ રીતે સ્થા.જૈનસમાજના સમજુ વર્ગના સુપ્રયાસોને પરિણામે સને ૧૯૦૬ માં ફેબ્રુઆરીની ૨૬, ૨૭, ૨૮ તારીખોએ મોરબી મુકામે પહેલી કોન્ફ.નું અધિવેશન ભરાયું હતું. તે જ દિવસે વાડીલાલ શાહે "જૈનસમાચાર" નામના સાપ્તાહિકનું પ્રકાશન શરૂ કરીને સમાજ સંગઠિત થાય અને સમાજમાં ઉત્સાહભર્યું વાતાવરણ ચાલુ રહે એવા પ્રયત્નો આદર્યા હતા. મોરબી મુકામે ભરાયેલી એ કોન્ફ.માટેનું સઘળું ખર્ચ મોરબી નિવાસી સદ્ગત અંબાવીદાસ ડોસાણી એ પોતાને માથે લીધું હતું એટલે સ્થા. જૈનસમાજે એમને "કોન્ફ.ના પિતા"નું વ્હાલભર્યું બિરૂદ આપીને સન્માન કર્યું હતું.

બીજી કોન્ફ. રતલામ મુકામે સને ૧૯૦૮ માં ભરાઇ હતી જે વખતે નોંધપાત્ર કામગીરી "સ્થા.જૈન ટ્રેનિંગ કૉલેજ"ની સ્થાપના કરવા રૂપે હતી.

ત્રીજું અભિવેશન સને ૧૯૦૯માં અજમેરમાં મળ્યું હતું આગલા બે અધિવેશનો વખતે વા.મો.શાહે ધાર્મિક, વ્યાવહારિક તેમજ કેળવણી વિષયક ભાષણો આપ્યાં હતાં તે બાબતને હાથ ધરીને તેમણે આ બેઠકમાં સમજાવ્યું હતું કે :-

---

૨. જૈ.હિ. : સને ૧૯૦૩ : સપ્ટેમ્બર : પૃ.૧૨૨-૧૨૩ તથા "કોન્ફ.ની ચડતી પડતીનો ઇતિહાસ": લેખક: શ્રી ત્રિ.વી. હેમાણી : સને ૧૯૪૧ : પ્રથમ આવૃત્તિ પૃ.૧૪-૧૫.

"આજકાલ યે ઝમાના આ પહુંચા હૈ કિ દુનિયામેં વો હી ધર્મ ખડા રહ સકેગા કિ જો "સાયન્સ" કે સામને રહ સકે જૈન ધર્મમેં ભાષા કે પુદ્ગલકા વર્ણન હૈ વો અબ ફોનોગ્રાફ ટેલીગ્રાફ ઇત્યાદિ સે સાબિત હોતા હૈ. તે ઉપરાંત જૈન ધર્મની ફિલસૂફીનો પ્રચાર કરવાની હિમાયત કરતાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે "જૈન ધર્મમે ૮ પ્રકાર કે "પ્રભાવક" કહે હૈ, જિસમે એક "વિદ્યા પ્રભાવક" કહા હૈ; અબ મૈં "વિદ્યા" કા અર્થ "સાયન્સ" કરતા હું. જો આદમી સાયન્સ-ઇલ્મકે જરીયેસે જૈન ધર્મકી સચ્ચાઇ જગત કો બતા દેવે વો સબસે અચ્છા "પ્રભાવક" હૈ આજ ઐસે "વિદ્યા પ્રભાવકો" કમ હો જાને સે, જૈન શાસ્ત્રોમે રહી હુઇ ખૂબીયેં સમજને વાલે કમ હો જાને સે, ઔર અંધશ્રદ્ધા વ ક્રિયામૂઢતા કે પ્રતાપસે હમારે સંઘકી અવદશા હો રહી હૈ."[3]

ચોથું અધિવેશન સને ૧૯૧૦ માં જલંધરમાં મળ્યું હતું તે સમયે કો-ફ. પ્રત્યેનો જનસમાજનો ઉત્સાહ ઓસરી ગયેલો દેખાતો હતો. એ અધિવેશને કો-ફ.નું કામકાજ હિન્દી ભાષા અને દેવનાગરી-લિપિમાંજ છપાવવાનો ઠરાવ કર્યો હતો તે નોંધપાત્ર છે.

પાંચમું અધિવેશન સિકંદરાબાદમાં ૧૯૧૩માં ભર્યું હતું જેમાં મૂર્તિપૂજક જૈનસમાજના નેતા પંડિત લાલનની હાજરી ધ્યાન ખેંચતી હતી.

---

3. કો-ફ.ની ચડતી પડતીનો ઇતિહાસ : પૃ.૪૪.

સિકંદરાબાદ કૉન્ફ. પછી ઇ.સ.૧૯૧૩ થી ૧૯૨૫ સુધીના બારવર્ષના ગાળા દરમ્યાન કૉન્ફ.બાબતમાં વાતાવરણ નિરુત્સાહભર્યું રહ્યું હતું તે દરમ્યાન કૉન્ફ.ની મેનેજિંગકમિટીની એક અપવાદરૂપ બેઠક અમદાવાદ મુકામે ત્રણ દિવસ સુધી ભરવામાં આવી હતી; જે સમયે નિરુત્સાહી વાતાવરણમાં સપડાયેલી કૉન્ફ.ને ચેતનવંતી બનાવવા માટેની એક યોજના વાડીલાલ શાહ તરફથી રજૂ કરવામાં આવી હતી અને એ આખી યોજનાને પાર પાડવા માટે સોળ સભ્યોના બોર્ડ ઑફ ડિરેક્ટર્સની નિમણૂક કરીને એ બોર્ડની સત્તા નીચે પોતાના ખર્ચે પોતે કામ કરવાનું સ્વીકાર્યું હતું તેમજ વચગાળાના સમયમાં અનુકૂળતા હોય ત્યારે પોતાના ખર્ચે કૉન્ફ.નું અધિવેશન ભરવાની પરવાનગી માગી હતી. સંચાલન માટેનો કોઇપણ પ્રકારનો ખર્ચ કૉન્ફ.ઑફિસ પર ન પડે એવી બાહેધરી તેમાં અપાઇ હતી, પણ એકમત વિરુદ્ધ પડતાં તે દરખાસ્તનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. જેને પરિણામે ઊંડા નિરાશાવાદે તથા નિરુત્સાહે વાડીલાલના મગજની સત્તા લઇ લીધી હતી અને તે પ્રસંગે તેમણે કહ્યું હતું કે :
" તમારી એવીજ મરજી છે – એજ નિશ્ચય છે – તો હું તમારી સાથે ઝગડવા ખુશી નથી અને દિલગીરી સાથે મારી દરખાસ્ત પાછી ખેંચી લઉં છું.........................................
કમિટીની બેઠકમાં બનેલા અનેક બનાવો તથા થયેલા ઠરાવોમાં ઘણું એવું છે કે તેના ઉપર ઘણી ટીકા કરવી જોઇએ. પરંતુ મને હવે લાગે છે કે મુડદા પર ઓપરેશન કરવું નકામું છે. જ્યાં પરસ્પર અવિશ્વાસ, દ્વેષ, હૃદયની ક્ષુદ્રતા અને ઘમંડનું રાજ્ય ચાલી રહ્યું હોય ત્યાં શુભ સલાહો અને માર્ગસૂચન સર્વ નકામાં છે. પ્રામાણિક કે સેવામય બનવું

એ જ્યાં ગુનો ગણાતો હોય ત્યાં માથાફોડ કરવી એ જ મૂર્ખતા છે; એટલા જ માટે સ્થાનકવાસી જૈન કોમમાં જેઓ કાંઈપણ શાણપણ ધરાવતા હશે તેઓ તો હવે કૉન્ફ.ના કોમી ફારસથી દૂર રહી પોતાના ખરા પરસેવાના નાણાં, સમય, બુધ્ધિ અને શક્તિનો ઉપયોગ કોઈ જુદા અને વધારે સંગીન કામ પાછળ જ કરશે."[૪] આજ કારણે સને ૧૯૧૩ થી ૧૯૨૫ સુધીના બારવર્ષના ગાળા દરમ્યાન સ્થા. જૈનસમાજમાં સમસ્ત ભારતવર્ષના કોઈ સ્થળે કૉન્ફ.ને આમંત્રણ આપ્યું નહિ અને નિષ્ક્રિયતાનું વાતાવરણ છવાઈ જવા પામ્યું હતું.

ત્યારબાદ સને ૧૯૨૫ માં મધ્યભારતમાં આવેલા મલકાપુર નામના નાનકડા ગામડામાં કૉન્ફ.નું અધિવેશન ભરવામાં આવ્યું હતું તે સમયે ફરી એકવખત સતત આગ્રહ કરીને વાડીલાલ શાહને આ અધિવેશનની બેઠકમાં હાજરી આપવા માટે સમજાવવામાં સમાજના આગેવાનો સફળ નીવડયા હતા. એ કૉન્ફ.માં જૈન ટ્રેનિંગ કૉલેજની પુન:સ્થાપનાનો પ્રશ્ન હાથ ધરવાનો હતો; તે વખતે સમગ્ર જગતનું ધ્યાન અહિંસા તરફ આકર્ષાયું હોવાનો પ્રશ્ન રજૂ કરીને એક લંબાણ-ભર્યું ભાષણ વાડીલાલે કર્યું હતું. તે ભાષણમાં જ્ઞાનની મૂલવત્તા સમજાવતાં તેમણે કહયું હતું કે :-

"વગર દવાએ અને વગર ઊંધે આધિ-વ્યાધિ-ઉપાધિથી મુકત થાય એવી કોઈ દવા હોય તો તે માત્ર જ્ઞાન છે. જ્ઞાન એ કોઈને નિર્માલ્ય બનાવનારી ચીજ નથી, એ કેફી ચીજ છે. અલમસ્ત ચીજ છે, ઠંડક છે જવાળા પણ છે."[૫] ત્યારબાદ અહિંસાના પ્રચાર માટે ટ્રેનિંગ કૉલેજ

---

૪. "કૉન્ફ.ની ચડતીપડતીનો ઈતિહાસ" : પૃ.૭૭-૭૮.
૫. "કૉન્ફ.ની ચડતીપડતીનો ઈતિહાસ": પૃ.૯૧.

સારુ ત્રણલાખ રૂપિયાની અપીલ કરી હતી અને ઓછામાં ઓછા વીસ હજાર રૂપિયા તો એ વખતે જ ભેગા થવા જોઇએ એમ જણાવ્યું; પરંતુ બેત્રણ ભાઇઓએ સો સો રૂપૈડીની મામૂલી રકમ નોંધાવી એટલે વકતાની ધીરજ ખૂટી ગઇ. છેવટે સખેદપણે તેમણે સુણાવ્યુ કે :
"હું કંઇ ભિક્ષુક નથી......અમદાવાદમાં મેનેજિંગ કમિટી મળી ત્યારે ભજવાયેલું કોમી ફારસ જોયા પછી હું આ કો-ફ.માં ભાગ લેતો અટકી ગયો હતો. હું ધારતો હતો કે સમાજે કંઇક પ્રગતિ કરી હશે, પણ આજે જોઉં છું કે સમાજ તો જ્યાંનો ત્યાં છે – ઉલટો પાછળ હઠયો છે............શ્રી મેઘજીભાઇ જેવા મિત્રો અને સ્નેહીઓના આગ્રહને માન આપીને અહીં હાજરી આપવાની નિર્બળતાનું મારે પ્રાયશ્ચિત લેવું પડશે. મને હવે આ કો-ફ.ના કાર્યમાં જરાયે શ્રધ્ધા રહેવા પામી નથી એ મારો સાફ એકરાર છે.[૬]

સાતમું અધિવેશન મુંબઇમાં સને ૧૯૨૬માં ભરાયું હતું. મલકાપુર અધિવેશનનો નિરુત્સાહ હજી ભૂંસાયો નહોતો છતાં પણ કો-ફ.ઓફિસ મુંબઇમાં જ હોવાથી પ્રચાર કાર્યની ઝુંબેશ ઠીક ઠીક થવા પામી હતી અને લોકમત મેળવવા માટે જાહેર વર્તમાન-પત્રોની મદદ લેવામાં આવી હતી એ વખતે એક વાત કો-ફ.ના મોવડીઓને ખટકતી હતી. મુંબઇમાં જ ઘરઆંગણે કો-ફ.નું અધિવેશન મળે અને કો-ફ.ની સ્થાપનામાં જેણે અથાગ મહેનત ઉઠાવી હતી તેવા વાડીલાલ કો-ફ.થી વિરક્ત સેવે અને હાજરી પણ ન આપે એ યોગ્ય નહિ લાગવાથી સ્વાગત પ્રમુખ મેઘજીભાઇ અને વા.મો.શાહ પ્રેમી સજ્જન શ્રી દેવીદાસ ઘેવરિયાએ

---

૬. અંજન પૃ. ૯૩-૯૪.

તેમને ત્યાં જઇને કૉન્ફ.માં પધારવા અસાધારણ દબાણ કર્યું હતું. વાડીલાલ શાહે તેમને કૉન્ફ.માં શ્રધ્ધા રહી નથી તેથી તેઓ તેમાં ભાગ લેવા કે કોઇપણ જાતનો વિરોધ કરવા તૈયાર નથી એવો જવાબ આપ્યો હતો છતાં તેમની આગ્રહભરી વિનંતીઓને માન આપવાનું વચન આપ્યું હતું. તે અંગે વાડીલાલ શાહે નોંધ્યું હતું કે:
" શ્રી મેઘજીભાઇનો સચોટ વિનય નિષ્ફળ જવા બાદ શ્રી દેવીદાસ ઘેવરિયા "પાંચ મિનિટ આવીને ચૂપચાપ બેસી ચાલ્યા જાઓ" એટલું વચન આઠ કલાકની માથાકૂટને પરિણામે મેળવી શકયા હતા - અને તે પણ પોરબંદર - સંઘના માનપત્રની કિંમત તરીકે અને ૨૫ વર્ષના ધાર્મિક સંબંધનો હક્ક કરીને ! અને એ વચન બરાબર પળાયું હતું."[7]
એ અધિવેશનમાં બે વ્યકિતઓના ભાષણો ધ્યાન ખેંચે એવા હતાં. એક કવિવર્ય નાનચંદજી મહારાજનું કેળવણીના પ્રચારમાટે બોર્ડિંગની સ્થાપના વિશેનું અને બીજું કવિવર ન્હાનાલાલનું જેમણે સ્થા. જૈનોના પ્રાચીન ઇતિહાસની ગુણગાથા ગાઇ હતી.

આઠમું અધિવેશન સને ૧૯૨૭ માં બિકાનેરમાં ભરવામાં આવ્યું હતું. આ અધિવેશનનું પ્રમુખસ્થાન વાડીલાલ શાહે શોભાવ્યું હતું. છેવટની કૉન્ફ. દરમ્યાન વાડીલાલને તેના તરફ એટલી બધી નફરત થવા પામી હતી કે કૉન્ફ.ને "કાન તોડનાર ઘરેણા"ની ઉપમા તેમણે આપી હતી. એટલે તેઓ કૉન્ફ.માં હાજરી જ ન આપે એવો નિર્ણય તેમણે કર્યો હતો, છતાં પણ એ જ વાડીલાલે બિકાનેર કૉન્ફ.નું પ્રમુખસ્થાન શોભાવવા હા પાડી એ નવાઇ ઉપજાવે એવું છે.

---

૭. "જૈનપ્રકાશ" : તા. ૮મી જાન્યુઆરી : ૧૯૨૮ : પૃ. ૭૯ અને 'કૉન્ફ.ની ચડતીપડતીનો ઇતિહાસ" પૃ. ૯૬.

ઝાંસી નિવાસી શ્રી મિલાપચંદજી વેદે મુંબઇના અધિવેશન વખતે જાહેર કર્યું હતું કે બીજું અધિવેશન બિકાનેરમાં પોતાના ખર્ચે ભરવામાં આવશે. ત્યારપછીની વિજયાદશમીએ આ અધિવેશન ભરવું એમ નક્કી થયું; તે દરમ્યાન સ્વ. દુર્લભજી ઝવેરી મુનિશ્રી જવાહરલાલજી મહારાજના દર્શને પધારેલા ત્યાં વા.મો.શાહનાં "પ્રગતિનાં પાદચિન્હો" અને "આ બધો પ્રતાપ વ્યાપારનો !" એ લેખો જુદા જુદા વર્તમાનપત્રોમાંથી મહારાજશ્રીને વાંચી સંભળાવ્યા. આચાર્યશ્રીએ વાડીલાલના લેખોની કૃષ્ણની મોરલી, પાકાં ફળ, તેમજ પાસા પાડેલા હીરા સાથે સરખામણી કરી અને વાડીલાલને જાહેરજીવનમાં ખેંચી લાવવાનો દુર્લભજીભાઇને આગ્રહ કર્યો. વાડીલાલે પોતાની કેટલીક શરતો રજૂ કરી અને એ વિશે જો કંઇ નક્કર પરિણામ આવવાનું હોય તો પ્રમુખપદ સ્વીકારવામાં સંમતિ આપી. એમની શરતો નીચે પ્રમાણે હતી.

૧. જૈન અને જૈનેતર સમર્થ વિદ્વાનોના સહકારથી જૈન શાસ્ત્રો પર વિવેચન કરનાર ખાતું.
૨. જુદા જુદા વિષયો પર ખાસ ગ્રંથો, કથાઓ, કાવ્યો, ગીતો સંસ્કારી ભાષામાં લખવાનું ખાતું.
૩. ઉચ્ચકોટિના સાપ્તાહિકપત્રની જુદીજુદી ત્રણ ભાષામાં પ્રગટ થતી આવૃત્તિ અને પ્રિંટિંગ પ્રેસ.
૪. મેટ્રિક સુધીનાં જ્ઞાન સાથે, ધર્મના અને વ્યાપારી શિક્ષણનાં મૂળતત્ત્વો શિખવવા માટેનું ગુરુકુળ
૫. નૈયાયિકો, મિશનરીઓ અને લેખકો ઉત્પન્ન કરવા માટે એક જૈન ટ્રેનિંગ કોલેજ.

૬. ઉત્તમ સાધુ બનાવનાર સંસ્થા.
૭. કસરતશાળા, વૈદ્યશાળા, યાત્રીઓ માટે ઉતારા.
૮. સ્ટાફ તથા નોકરો માટે રહેવાનાં સ્થાન.

આ યોજના બિકાનેર મોકલવામાં આવી તેમાં ત્યાંના સ્થાનિક શેઠિયાઓએ સંમતિ આપી અને ફંડ ભેગું કરવાનો અણસાર સુધ્ધાં કરવામાં આવ્યો નહોતો છતાં રૂપિયા બે લાખ જેટલી મોટી રકમ ભેગી કરવાનું સ્વીકાર્યું અને વા. મો. શાહના પ્રશંસક સ્વ. દુર્લભજી ઝવેરીએ એકલાખ રૂપિયા મેળવી આપવાનું પોતાને માથે લીધું. ત્યારબાદ વાડીલાલ બિકાનેર કૉન્ફરન્સનું પ્રમુખસ્થાન સ્વીકારે એ મતલબની બિકાનેરની સ્વાગતસમિતિની સૂચના અનુસાર મુંબઇના સ્થા. સંઘના પ્રમુખ શ્રી મેઘજીભાઇ થોભણની સરદારી નીચે એક ડેપ્યુટેશન મુંબઇમાં વાડીલાલને મળ્યું હતું. એમના આગ્રહભર્યા આમંત્રણના જવાબમાં વાડીલાલે કહ્યું કે: – " તમોએ પ્રેમભાવથી આરોપેલા જ્ઞાનગુણનો દાવો મારાથી દૂર હો, કારણકે હું હજી જ્ઞાનસમુદ્રના કિનારા પરનાં શંખલાં વીણનાર મજૂર છું; પરંતુ ધન, લાગવગ, સેવાશક્તિ અને જ્ઞાન : એ ચાર ઉપયોગી તત્ત્વો પૈકીના જ્ઞાનને નેતૃત્વ આપવાની આજથી જે પહેલ કરવામાં આવી છે તે તનદુરસ્ત પહેલ હિન્દની તમામ કોમોને ઉપયોગી પાઠરૂપ થઇ પડે તેમ હોવાથી આ આમંત્રણનો હું સાભાર સ્વીકાર કરું છું; અને તેમ કરવામાં હું સંઘની નહિ પણ મારા જ વિકાસની તક જોઉં છું."[૮]

---

૮. "કૉન્ફ.ની ચડતીપડતીનો ઇતિહાસ" : પૃ. ૧૦૨.

વાડીલાલ શાહે પ્રમુખપદનો સ્વીકાર કર્યો તેની ખબર વર્તમાનપત્રોમાં જાહેર થતાં કેટલાય અભિનંદનપત્રો મળ્યા હતા, પણ એમના કેટલાક હિતશત્રુઓના ઈર્ષાગ્નિના દાવાનળમાં કોન્ફરન્સ ઓફિસ અભડાઈ પડી અને પરિણામે મોટો ભડકો થયો. પોતાના અંગત અપમાનને ગળી જઈ વાડીલાલે પ્રમુખપદેથી રાજીનામું આપ્યું. આ વાત કોન્ફ.ની સ્વાગતસમિતિને માટે કોયડારૂપ બની ગઈ. ફરીથી કેટલાક અગ્રગણ્ય સજ્જનોનું ડેપ્યુટેશન બિકાનેરથી મુંબઈ આવ્યું. તેમણે આ ખટપટનું વાતાવરણ કંઈક ઠંડુ પાડયું અને સ્થા.જૈનસમાજનું નાક રાખવા ખાતર વાડીલાલને એમનું રાજીનામું પાછું ખેંચવા આગ્રહ-ભરી વિનંતી કરી. પરિણામે ધર્મપ્રચાર કે સાહિત્યપ્રચારને મહત્ત્વ આપવું તો બાજુએ રહયું પણ જૈનસમાજમાં સ્થા.જૈનોનું નાક જાળવી રાખવું એ જ મહત્ત્વનું બની ગયું. ત્રણ ત્રણ વખત થયેલા અતિઆગ્રહને વશ થઈ વાડીલાલ શાહે પ્રમુખપદ સ્વીકાર્યું હતું પણ વિરોધીઓએ આચરેલી ખટપટને લીધે એમનું દિલ ખાટું થઈ ગયું હતું. પ્રમુખપદેથી આપવાનું ભાષણ તેમણે લખ્યું તો નહોતું પણ તૈયાર કરવાનીય ઇચ્છા દર્શાવી નહોતી. કોન્ફરન્સ વખતે જે જે મહાનુભાવોના સંદેશાઓ આવ્યા હતા તેના ઉપર જ આધારિત ભાષણ આપી વાડીલાલે વિવેચન કર્યું હતું. સૌથી મહત્ત્વનો સંદેશો મહાત્મા ગાંધીજીનો સિલોન-થી મોકલાવાયેલો ૮૦ શબ્દોનો લંબાણભર્યો તાર હતો. જેમાં લખ્યું હતું :-

"Conferences now-a-days overdone - Truly religious conference should be only of hearts introspective; not criticising or blaming others, but carrying on religious self-examination, taking all blame on oneself. Jains pride themselves on possessing most rational logical humanitarian religion, but deny it by Shwetambers and Digambers - engaging in physical and legal Fights. Logic chogging or hairsplitting not conductive of growth. From religious sense humanitarianism that which exhausts itself in anyhow protecting lower order. Life is hardly human may even become inhuman."

ગાંધીજીના આ સંદેશાનો ભાવાર્થ વાડીલાલે પ્રમુખતરીકે સમજાવ્યો હતો તે નીચે પ્રમાણે છે :-

"આજકાલ કોન્ફરન્સોનો રાફડો ફાટયો છે. ખરા અર્થમાં ધાર્મિક કોન્ફરન્સ કહી શકાય એવું થવા માટે તો <u>અંતરદૃષ્ટિવાળાં હૃદયોનું</u> જોડાણ જોઇએ. કારણકે ફક્ત અંતરદૃષ્ટિવાળી સ્થિતિમાં જ હૃદયનો પડઘો હૃદય પાડી શકે છે અને એકતા કે એકતારતા પ્રગટી શકે છે. એકબીજાને શિરે દોષારોપણ કરવાની રીત છોડી સઘળાઓના દોષો પણ પોતાના માથે લઇ ઊંડું આત્મનિરીક્ષણ કરવું જોઇએ.

આત્મનિરીક્ષણ વગર સત્ય દર્શન – Perception ન હોઇ શકે અને તે વગર સત્યજ્ઞાન – સમ્યક્ત્વ – સંભવે નહિ, અને સમકિતના સ્થિર પ્રકાશ સિવાય પ્રગતિકારક ચારિત્ર પણ હોઇ શકે નહિ. તેથી જયાં આંતરદૃષ્ટિની તાલીમ જ નથી ત્યાં ખરે રસ્તે કામ થવાનો સંભવ જ નથી. બુધ્ધિના ઉપયોગપૂર્વક થતી દયાનો સૌથી વધારે હિસ્સો જૈનધર્મમાં છે એવું અભિમાન જૈનો ધરાવે છે, પરંતુ જ્યારે તેઓના શ્વેતામ્બર, દિગમ્બર સંપ્રદાયો પરસ્પર મુકદ્દમાબાજી અને વાળચીરવા જેવા બુધ્ધિવાદની લડાઇમાં ઊતરે છે ત્યારે તેઓમાં ઉક્ત દયાનો અંશ પણ નથી જોવામાં આવતો. આવા ઝગડાઓ વિકાસક્રિયાને રોકે છે. ધાર્મિક દૃષ્ટિએ તો "દયા" તેનું નામ છે કે જેમાં હલકી પાયરીના જીવોની રક્ષા માટે ઊંચી પાયરીના જીવાત્માઓએ પોતાનું બલિદાન આપવું પડે. આજકાલના જીવનમાં એવાં "દૈવત્ત્વ"ની ગંધે ય નથી, પરંતુ મનુષ્યત્વ પણ અલ્પાંશે જ રહેવા પામ્યું છે, એટલું જ નહિ પણ અમાનુષીપણું પણ દેખાવા લાગ્યું છે."[૯]

ગાંધીજીના તાર જેવો પણ સંક્ષિપ્ત એક બીજો તાર પંજાબ-કેસરી લાલા લજપતરાયનો હતો, જે જન્મે જૈન હોવાનું ગૌરવ અનુભવતા હતા. તેમાં લખ્યું હતું:

'As a grandson of a Sthanakwasi Jain, I have fullest sympathy with the objects of your conference and wish it all success. Hope your conference will propagate true principles of Jainism, universal love and purity of life'.

---

૯. કોન્ફ.ની ચડતીપડતીનો ઇતિહાસ : પૃ. ૧૦૭–૧૦૮.

લાલા લજપતરાય ભલે જૈન હતા, પરંતુ એમણે "આર્યસમાજ" સંપ્રદાય અંગીકાર કર્યો હતો. વાડીલાલે એમના આ ધર્મપરિવર્તનને બિરદાવ્યું હતું અને કહ્યું હતું કે :-

" તમે પૂછશો કે લાલજી આપણા પ્રત્યે આટલો પ્રેમ હોવા છતાં આર્યસમાજીસ્ટ કેમ બની ગયા હશે ? પણ હું કહીશ કે જ્યાં જ્યાં બુધ્ધિની નિર્મળતા, સચ્ચાઇનો શોખ અને અપ્રમત્ત ગતિશીલતા છે ત્યાં ત્યાં જૈનપણું અવશ્ય છે, પછી બહારનું નામ કારણવશાત જેમ તમારે સ્થાનકવાસી રાખવું પડયું તેમ કોઇએ આર્યસમાજી અને કોઇએ વૈષ્ણવ કે થિઓસોફિસ્ટ રાખ્યું હોય તેથી ચમકવાની જરૂર નથી. નામો અને શરીરો નહિ, પણ અંદરનો પ્રકાશ અને શકિત એ જ મુખ્ય બાબત છે.[10]

લાલાજી જેવા બીજા કેટલાયે ઝડપથી પ્રગતિ કરવા મથતા આત્માઓ જડભાવમાં મૂંઝાઇ રહેલા પોતાના સમાજોમાંથી અલગ થઇ પોતાના ધ્યેયને અનુકૂળ હોય એવા સમાજ કે વાતાવરણમાં જાય તો વાડીલાલે તેમને બિરદાવ્યા છે.

ત્રીજો તાર શ્વે.મૂ.જૈન કોન્ફ.ઓફિસના પ્રેસિડંટ અને જનરલ સેક્રેટરી તરફથી આ કોન્ફ.ને 'Brilliant Success' અથવા "ચળકતી ફત્તેહ" ની ઇચ્છા વ્યકત કરતો હતો તો ચોથો તાર જાણીતા ઉદ્યોગપતિ શ્રી ઘનશ્યામદાસ બીરલાનો હતો. એમણે જણાવ્યું હતું કે:-

---

૧૦. "કોન્ફ.ની ચડતીપડતીનો ઇતિહાસ" : પૃ.૧૦૮-૧૦૯.

'Hope you will discuss the existing backward condition of society and adopt practical ways and means for its advancement'.[11]

આ ઉપરાંત વા.મો.શાહના કેટલાય જૂના સંબંધીઓ, સ્નેહીઓ, હિતેચ્છુઓ અને મિત્રો તેમના સંદેશાઓ દ્વારા વાડીલાલના પ્રમુખપણા નીચે ભરાયેલા બિકાનેર અધિવેશનમાં કોઇ વિશિષ્ટપ્રકારનું સમાજોન્નતિનું કાર્ય થશે એવી આશા રાખી રહયા હતા પરંતુ એમને ખબર નહોતી કે "સ્થાનકવાસી જૈન સમાજથી એ ફિલૂફનું તેજ જીરવી શકાય તેમ નહોતું."[૧૨]

સામાન્ય માનવી અને વાડીલાલ વચ્ચેનો તફાવત જ એ હતો કે કોઇપણ વસ્તુને નિહાળવાનો વાડીલાલનો દૃષ્ટિકોણ જ કંઇ અનેરો હતો. કોન્ફરન્સ એટલે શું ? એ પ્રશ્નના જવાબમાં એમણે કહયું છે કે :- "જાણપણા તથા સંકલ્પબળ વગર કોઇની મુક્તિ થઇ શકતી જ નથી. ધન્વન્તરી પોતે પણ એવા સંકલ્પ વગરના માણસને કે સમાજને આરોગ્ય આપવા અશક્ત થઇ પડે. જાણપણા અને સંકલ્પબળ વગરના મનુષ્યોની કોન્ફરન્સ આદિ પ્રત્યેક પ્રવૃત્તિ બકરીના ગળે લટકતા આંચળ જેવી નિષ્ફળ છે. કોન્ફરન્સ શબ્દ જ એ બે ગુણો માગી લે છે. સાથે ચાલવાનો સંકલ્પ હોય તો જ કોન્ફરન્સ ભરવી જોઇએ, અને સાથે ચાલવાનું ત્યારે જ બની શકે કે જ્યારે

---

૧૧. "કોન્ફ.ની ચડતીપડતીનો ઇતિહાસ" : પૃ.૧૧૮.
૧૨. એજન પૃ.૧૧૦

બધાંને પોતાના રોગનું ભાન થવા પામ્યું હોય અને રોગ કહાડવાની ધગશ પ્રગટી હોય અર્થાત પ્રથમ અંતર્દૃષ્ટિ થવા પામે તો જ ખરે રસ્તે અને સહકારપૂર્વક ગતિ કરવાનું શકય બને. માત્ર તારીફોના ભૂખ્યા લોકોનાં એકઠા મળવાને કાંઇ "કોન્ફરન્સ" ન કહેવાય."[૧૩]

આ અધિવેશનમાં સૌથી વધારે ઉપયોગી ઠરાવ "જૈનપ્રકાશ"ની વ્યવસ્થા શ્રી વાડીલાલે સંભાળવી એવો હતો. જવાબમાં સભાપતિએ જણાવ્યું કે :- "હજાર - પાંચસોની ગ્રાહક સંખ્યા માટે એવી ઉપાધિ સ્વીકારવી તે બીજા ઉપયોગી કામોને ખલેલ કરવા જેવું થઇ પડે, પરંતુ જો સારી સંખ્યામાં પ્રચારની સગવડ હમણા જ થતી હશે તો સભાજનોની ઇચ્છાનો સ્વીકાર કરવામાં મને હરકત નથી[૧૪]."

તે જ વખતે માત્ર પંદર મિનિટની અંદર પાંચહજાર નકલોનાં વચનો જાહેર થયાં હતાં. એ વચનોમાંથી છોટીસાદડી નિવાસી શ્રી છગનલાલજી ગોદાવતે અને ભિનાસર નિવાસી શ્રી કનીરામજી બાંઠિયાએ પોતાના તરફથી એકહજાર એક પ્રતો અને પચાસ પ્રતો માટે અનુક્રમે રૂપિયા બેહજાર બે અને રૂપિયા સો સુપ્રત કર્યાં હતા. બીજા પોતાનાં વચનોને ધોળીને પી ગયા હતા. બિકાનેર અધિવેશન સમાપ્ત થયું. સૌ સૌને રસ્તે પડયા, અને પ્રમુખ મારવાડના પ્રવાસે ઉપડયા. ત્યાંથી પાછાં ફરતાં મુંબઇમાં જામેલી ખટપટનો સળવળાટ પ્રમુખના જાણવામાં આવી ગયો. કોન્ફ.ના હોદ્દેદારો

---

૧૩. "કોન્ફ.ની ચડતીપડતીનો ઇતિહાસ" : પૃ. ૧૧૭

૧૪. એજન પૃ. ૧૨૧.

એકાદ અપવાદ સિવાય બહારગામ ચાલ્યા ગયા હતા. કંઇપણ કામ થઇ ન શકે માટે ઓફિસમાં હાથપર રહેતી સિલક બેંકમા જમા થઇ ચૂકી હતી અને ઓફિસ સ્ટાફનાસભ્યોને છૂટા કરવામાં આવ્યા હતા. એ વખતે પ્રમુખે કોન્ફ.ના હોદ્દેદારો સાથે કરેલો પત્રવ્યવહાર "જૈન-પ્રકાશ" ના ચાલીસ પૃષ્ઠના એક અંકમા પ્રગટ કરવામાં આવ્યો હતો. પરિણામે વા.મો.શાહને જુદી જુદી દષ્ટિને અનુલક્ષીને કેટલીક નોટિસો મળવા પામી હતી. એક નોટિસનું સ્વરૂપ તો એવું હતું કે વાડીલાલ બિકાનેર કોન્ફ.ના કાયદેસરના પ્રમુખ જ નહોતા તો વળી બીજીનોટિસ એવી હતી કે સભાપતિ "જૈનપ્રકાશ" ને બચાવી પડયા હતા. એ સઘળાને પરિણામે વાડીલાલે તા.૧-૧-૧૯૨૮ ના રોજ કોન્ફ.ની જનરલકમિટીની મીટિંગ બોલાવી. સભ્યો અને પ્રેક્ષકો પૂરતી સંખ્યામાં હાજર થયા. પ્રમુખ એકલાજ આવી પહોંચ્યા. સર્વસાથે કુશળ સમાચાર પૂછયા બાદ સંપૂર્ણ શાંતિ પથરાઇ ગઇ. "કહે છે કે ચૂપકીમાં એક દેવ વસે છે, જેનો ગેબી નાદ જેમને ખાસ કાન હોય તેઓ જ સાંભળી શકે છે." પ્રમુખ કોણજાણે કયા કારણસર આકાશ તરફ મીટ માંડી. પાંચેક મિનિટ બાદ શ્રી ત્રિભુવન હેમાણી પાસેથી કાગળ પેન્સિલ માગી ફકત બે જ લીટી લખી પછી તેના પર લંબાણપૂર્વક વિવેચન કર્યું અને છેવટે કહયું :- " સુવર્ણની બેડી ત્રીસ વર્ષ મેં પહેરી હતી, પણ તે મારી પસંદગીની અને એક જ હતી; હમણાં તે પાંચલાખ વ્યકિતઓની પસંદગીની અને વજનદાર હોઇ મારી ક્રિયાશકિત લંગડી પડી છે: મારો પગ નકામો બન્યો છે : મને મારી સ્વતંત્રતાની શોધમાં જવાની સ્વતંત્રતા લેવા દો.

તત્ત્વજ્ઞાનની મારી સમજ સ્વતંત્ર છે, પોતાના હિસાબે ને જોખમે થતા જીવનપ્રયોગોમાંથી જ હું ખેંચું છું મારું તત્ત્વજ્ઞાન : તે ખરું હો યા ખોટું તેની મને ચિંતા નથી. અને તમને તો હું ભૂલતો હોઉં તો ય ચિંતા કરવાની જરૂર ન પડે એમ આ ક્ષણે જ કરવાનો મેં નિશ્ચય કર્યો છે: જુઓ : આ ચિઠ્ઠી તે હું સારા સમાજની વતી તમને સોંપું છું : તેમાં લખ્યું છે :

"મ્હારું આત્મહિત અને શ્રી મહાવીરનું તત્ત્વ મને ફરમાવે છે કે મારે સમાજકાર્યથી ફારગ થવું. આ પત્રને મારા રાજીનામા તરીકે સ્વીકારશો."[15]

છેવટે "હું મારી નિષ્ફળતાનો સ્વીકાર કરું છું : પ્રમુખ તરીકેની નહિ, સમાજ પલટો કરનાર તરીકેની ૧૯૧૭ માં જયારે સર્વસ્વ તન-મન-ધન આપવા આજ કમિટી સમક્ષ હું ઊભો હતો ત્યારે આભારપૂર્વક કહેવામાં આવ્યું હતું : દરખાસ્ત પાછી ખેંચી લેવાની કૃપા કરો ! સામુદાયિક કર્મોની બલિહારી છે !............... હું હવે શું કરવાનો છું તે બાબતમાં પ્રશ્ન કરવામાં શક્તિ ગુમાવતા ના. તમારે શું વિચારવું ઘટે તે જ વિચારજો. ઉપદેશકો અને પેપરોથી કે સફાઇભર્યાં પત્રવ્યવહારથી કે કાગળ પર દેખાતી વીરસંઘની યોજનાઓથી કાંઇ જાગૃતિ ઉપજાવી શકો એ વાતની સ્વપ્ને ય આશા ન રાખતા. દીવા વગર દીવો પ્રગટી શકતો નથી. અને હું અંત:કરણથી ઇચ્છું છું અને પ્રાર્થું છું કે તમને કોઇ અખંડ જ્યોતરૂપ દીવો ઢુંઢવામાં ફત્તેહ મળે અને એના વડે હું જે કરવામાં નિષ્ફળ નીવડયો તે કાર્ય પૂર્ણ રીતે બનવા પામે."[16] આટલું કહી વાડીલાલે સભાસ્થાનનો ત્યાગ કર્યો.

---

૧૫. "કૉ-ફ.ની ચડતીપડતીનો ઇતિહાસ : પૃ. ૧૨૮.
૧૬. એજન : પૃ. ૧૨૯.

THE M. S. UNIVERSITY OF BARODA LIBRARY 201

વાડીલાલ શાહની વાણી તથા શૈલી જ એવા છે કે અવતરણોની અતિશયતા લાગે તો તે સહન કરીને પણ વાડીલાલના વ્યક્તિત્વને સંપૂર્ણ ન્યાય આપવા અવતરણો રજૂ કર્યા છે. આપણી ભાષામાં જો એમને મૂલવવા જઇએ તો અન્યાય થઇ જવાની બીક રહે છે. કોન્ફ. માટે તનતોડ પરિશ્રમ કરનાર વા. મો. શાહને એટલા બધા કડવા અનુભવો થયા હતા કે એમના સમગ્ર જીવનમાં નિરાશા વ્યાપી ગઇ. એ સઘળા કટુઅનુભવોએ જ એમના સ્વભાવને વધુ સખત બનાવ્યો હતો. જરાપણ ઇચ્છા ન હોવા છતાં અનેકાનેક આગ્રહ પછી કોન્ફ. નું પ્રમુખપદ સ્વીકાર્યું તો એનો અંજામ પણ કંઇ સુખી ન આવ્યો.

ત્યારપછીનાં અધિવેશનો ભરાયાં છે, પરંતુ તેમાં વા. મો. શાહે ભાગ લીધો નહોતો અને સ્થા. જૈનો તો એમને ભૂલી જવામાં જ ગૌરવ માનતા હોય એમ લાગતું હતું, આ કોન્ફરન્સના આફતકારી પ્રસંગે વાડીલાલના હૃદય પર એટલી તો ભયંકર ચોટ લગાડી હતી કે ડૉક્ટરોની સલાહસૂચના અનુસાર તેમણે પોતાના મનની ચિત્તશાન્તિ પ્રાપ્ત કરવા માટે જર્મની સુધી જવાનો કાર્યક્રમ ગોઠવી દીધો અને તા. ૧૮-૧-૧૯૨૮ ના રોજ સ્ટીમર "પિલ્સના" મારફત યુરોપયાત્રા માટે રવાના થઇ ગયા. આ પ્રસંગની એમના મનોરાજ્ય પર થયેલી ભયંકર અસરનું પ્રમાણ સમજવા માટે હામ્બુર્ગ પહોંચ્યા પછી લખાયેલો એમનો પહેલો પત્ર જ પૂરતો છે. આ રહયો તે :-

"તમારો પત્ર મળ્યો છે. હું હજી ખાટલાવશ છું. અહીં બેહદ માઇનસ ૧૫ ડીગ્રી ઠંડી પડે છે તેથી હાથપગ લખવાને અશક્ત છે. Nervousness નું દર્દ જામેલું છે; તેની દવા ચાલુ છે. ડૉક્ટર લખવા વાંચવાની પણ મના કરે છે. જૈનોની વર્તણૂકનો ડંખ એક ક્ષણ પણ વિસરાતો નથી. આટલી હદની નીચતા અને હૃદયહીનતા જગતમાં કોઇ સ્થળે ન હો. ખેર ! અત્રે એક Aristocratic family મારા હૃદયને રુઝાવવા પુષ્કળ કાળજી કરે છે. જરા ઊઠવાની શક્તિ આવે તો નિત્શેની કબરે જવા અને ત્યાં એકાંતમાં તે deserted and wronged soul [તરછોડાયેલા અને અન્યાય આપેલા આત્મા]ની સમક્ષ હૃદય ખાલી કરવા મન ઘણું કરે છે. જીવતા મનુષ્યોમાં મેં આશા છોડી છે. મને હવે મરેલા ફિલસૂફથી જ મળવું ગમે છે. ભવિષ્યમાં શું કરવું – હિંદનું મ્હોં જોવું કે નહિ – તે બાબતના પણ વિચાર હવે મને ગમતા નથી. હું જ્યાં ત્યાં બાકીની જિંદગી ગમેતેમ પૂરી થાય તેની દરકાર કરતો નથી."[૧૭] એ સમયે તેમણે "તમે એકલા નથી !" અને "જૈનોને !" શીર્ષક બે લેખો લખ્યા હતા, જે ખૂબ જ વિચારપ્રેરક માલૂમ પડયા હતા.

આવા તો બીજા અનેક પત્રો જર્મની નિવાસ દરમ્યાન લખાયેલા જળવાઇને સંગ્રહાયા છે તે ભવિષ્યમાં પ્રગટ થશે ત્યારે એ ફિલસૂફ-પત્રકારના જીવનમાં રમી રહેલી બાબતો પર વિશેષ પ્રકાશ પડી રહેશે. એ સમય દરમ્યાન મુનિશ્રી જિનવિજયજી પણ જર્મની ગયા હતા અને

---

૧૭. તા. ૨૯-૨-૧૯૨૮ ના રોજ હામ્બુર્ગ થી શ્રી ત્રિભુવન વી. હેમાણી પર લખાયેલા પત્રમાંથી.

તેમણે વાડીલાલની મુલાકાત ત્યાં લીધી હતી એમ તેમના "પ્રસ્થાન" માં પ્રગટ થયેલા એક પત્ર પરથી જાણી શકાય છે.[18] પરંતુ એ પત્રમાં તો "વા. મો. શાહ હાલ અહીં છે" એવી એક જ લીટી માત્ર મળી રહે છે એટલે તે સંબંધે વિશેષ કંઇ કહી શકાય તેમ નથી. અલબત્ત જિનવિજયજીએ સાધુજીવન ત્યજીને ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં રહેવાનું શરૂ કર્યું ત્યારે સંકુચિતવૃત્તિ ધરાવનારા જૈનોએ અને પત્રકારોએ મોટો કલબલાટ કરી મૂકયો હતો. એ સમયે વા. મો. શાહે એક પત્રકાર તરીકે તેમની પીઠ થાબડી હતી એમ જૈ. હિ. ની ફાઇલ કહી રહી છે. તે સમયે પૂનાથી પ્રગટ થતા "મહાવીર" નામના એક સાપ્તાહિક-પત્રની નોંધ લેતાં વાડીલાલ શાહે નોંધ્યું હતું કે " ધંધાર્થે નહિ પણ સમાજસેવાર્થે આ સાહસ ઉઠાવવામાં આવ્યું છે. હાલ સંપાદક તરીકે વિદ્વાન મુનિશ્રી જિનવિજયજીનું નામ મેળવવામાં આવ્યું છે. આ તે ઉદારચરિત વિદ્વાન પુરુષ છે કે જેમણે જૈન સમાજની સેવા ચાલુ રાખીને દેશસેવાર્થે ગાંધીજીના આશ્રમમાં નિવાસ કરી જોખમભર્યું કામ ઉપાડી લીધું છે. ટૂંકી દૃષ્ટિ માટે મશહૂર થયેલી જૈનકોમે એ માટે પણ એમના ઉપર પુષ્કળ પ્રહાર કરી લીધા છે ! – પણ એ વિજેતાની પીઠ મજબૂત છે એટલે આપણે "દયાખાવા"ની જરૂર નથી."

આવી રીતે બિરદાવેલા જિનવિજયજી વા. મો. શાહને જર્મનીમાં મળ્યા તે મુલાકાતની વાત માત્ર ચારપાંચ શબ્દોના એક વાકયમાં જ જણાવે એ ખરેખર વિસ્મયકારી લાગે છે.

---

૧૮. શ્રી ત્રિભુવન વી. હેમાણી સાથેના વાર્તાલાપમાંથી.

: પ ત્ર કા ર ત્વ :

" આ લખનાર કવિ નથી, કથાકાર હોવાનો તેનો દાવો નથી, લેખક તરીકેનો "વ્યાપાર" તે જાણતો નથી, દિલ બહેલાવનાર ભાટ નથી, કે દિલ કાપવામાં મઝા માનવાની ફુરસદવાળો નથી. એને લખવાનો ય કંટાળો છે, જે ભવિષ્યના અંકોની અનિયમિતતા પરથી જ જોઇ શકાશે. તે જેવો છે તેવો એને રહેવાદો, એમાંથી કાંઇ તમારા વિકાસને સહાયભૂત થઇ શકે તેવું મળી આવે તો મેળવી લ્યો. તેણે તમારી સમક્ષ આવવાને ય ઇચ્છયું નહોતું : તમે જ એને ખેંચ્યો અને બોલતો કર્યો છે. તમારી જરૂરિયાત બોલાવશે ત્યાં સુધી જ બોલશે અને પછી આપોઆપ બોલવું બંધ થશે – પણ જ્યાં સુધી બોલશે ત્યાં સુધી તો તમારી "પસંદગી" પૂછીને બોલવાનું નહી સ્વીકારી શકે. જોગી ભતૃહરીથી બોલી જવાયું હતું : 'एका भार्या सुंदरी वा दरी वा.' અર્થાત્ "સંગ જ કરવો તો પોતાની મનપસંદ સુંદરીથી – મનપસંદ રીતે, નહિતો ગુફાનો સંગ કરવો" અર્થાત્ અક્રિયતા સેવવી અસંગ સેવવો.

આ લખાણોને ચાવવા માટે પોતીકા અને મજબૂત દાંત જોઇશે. ભાડુતી દાંત કે બોખા જડબાં નહિ ચાલે. પાવઇયાઓ માટે પણ આ

---

૧. ગુજરાતી સાહિત્યક્ષેત્રે મોટે ભાગે જર્નાલિઝમ એટલે "પત્રકારત્વ" એમ સ્પષ્ટ સ્વરૂપે સ્વીકારાયેલું છે. સંસ્કૃતમાં જેમ "નૃપ"ઉપરથી "નૃપત્વ" શબ્દપ્રયોગ સ્વીકારાયેલો છે તેમ પ્રસ્તુત પત્રકારત્વ શબ્દમાટે સાચજૂઠનું પારખું કરવાનું રહેતું નથી. સાથોસાથ નોંધી લેવું જરૂરી છે કે "સાર્થ જોડણી કોશ" સને ૧૯૬૭ના એપ્રિલમાં પ્રગટેલી પાંચમી આવૃત્તિ માં "પત્રકારિત્વ" શબ્દ સંગ્રહાયો નથી, પણ "પત્રકારત્વ"નો જ નિર્દેશ કરવામાં આવ્યો છે.

તપ થતા નથી : "બાળકો" અને "રાધ્યાધિન" માટે પણ કાંઇ આ પ્રવૃત્તિ નથી, સહેજ સહેજમાં જેમની આળી ચામડી દુ:ખાઇ જતી હોય ગંભીર સમાજઘટના કે તત્ત્વચિંતન જેમને મન મશ્કરી અને અફવાના વિષયો હોય એવાઓએ આ લખાણોથી સો કોષ દૂર રહેવામાં જ સ્વરક્ષા માનવી. જેમને પોતાના કાન, પોતાના દાંત, પોતાની હોજરી હોય તેમને જ માટે આ કલમને સામુદાયિક કર્મોએ ફરી જગાડી છે."[2]

પત્રકાર વાડીલાલના "જૈનહિતેચ્છુ" પત્રને એકલહથ્થુ સ્વરૂપે ચાલનારા અન્ય ગુજરાતી પત્રોમાં છેક છેલ્લા પત્ર તરીકે શ્રી ત્રિભુવન હેમાણીએ ઓળખાવ્યું છે.[3] મૂળવાત એટલી જ કે "જૈનહિતેચ્છુ"માંનો "જૈન" શબ્દ સંપ્રદાયવાદનો સૂચક હોવાથી તેના તરફ સમગ્ર જૈનેતર-સમાજનું ધ્યાન જોઇએ તેટલું ખેંચાયું નથી અને એ પત્ર અંધારામાં જ રહેવા પામ્યું છે. સાચું કહીએ તો એ શબ્દનો સાચો ભાવ સમજાવવા માટે વાડીલાલ શાહે કહ્યું છે કે : " "જૈનહિતેચ્છુ" પત્રમાંના "જૈન" શબ્દમાં કાયરતા, નિર્માલ્યતા, તુચ્છતા, હલકા સ્વાર્થ અને હિચકારાપણા સામે યુધ્ધ કરી શકે એવા હિંદુ-મુસલમાન-ખ્રિસ્તી-ઢેડ કે ગમે તે જ્ઞાતિ કે દેશના મનુષ્યનો સમાવેશ થાય છે."[4] વળી એ

---

૨. "જૈનપ્રકાશ"-સાપ્તાહિક; મુખ્યલેખક: વા.મો.શાહ, એડિટર અને પબ્લિશર: શ્રી ત્રિભુવન વી.હેમાણી; તા.૧૧-૧૨-૧૯૨૭; પૃ.૩-૪.

3. "કૌમુદી" :સને ૧૯૩૩: જૂન : પૃ.૫૭૮ અને "વા.મો.શાહનો જીવનસંદેશ"માં પુનર્મુદ્રિત : સને ૧૯૬૦, પહેલી આવૃત્તિ. પૃ.૩૦.

૪. "જૈનહિતેચ્છુ" : સને ૧૯૧૭ : સપ્ટેમ્બર : પૃ.૪૧૨.

બાબતની સ્પષ્ટતા કરતાં શ્રી ત્રિભુવન હેમાણીએ લખ્યું છે કે
" એ શબ્દનો સાચો ભાવ સમજવાની ખરેખરી ગરજ જેને હોય તેણે તેની કિંમત ભરવા તરીકે નીચે જણાવેલા લખાણોનો અભ્યાસ કરવો ઘટે. : –

૧. "જૈન બનવાથી ઊભી થતી મુશ્કેલીઓ"; લેખક : "ઉમેદવાર જૈન" જૈ. હિ. : સને ૧૯૧૪ : જાન્યુઆરી : પૃ. ૮૦–૮૮
૨. "જૈન શાસનનું વિશાળ કર્તવ્ય" : લેખક :"સમયધર્મ" જૈ. હિ. ૧૯૧૪ : મે : પૃષ્ઠ. ૩૩૬–૪૩
૩. "એકાંતની પ્રેરણાઓ અને અંગત અનુભવો": લેખક : "સમયધર્મ". અજન : ૧૯૧૪ : સપ્ટેમ્બર : પૃ. ૭૨૧–૨૭.
૪. "જૈનવૃત્તિ" Spirit of Jainism : લેખક :"સમયધર્મ" અજન; સને ૧૯૧૫ : જાન્યુઆરી : પૃ. ૧–૧૨
૫. "નૂતન સંવત્સરી પત્રિકા !": લેખક : "સમયધર્મ". અજન : સને ૧૯૧૫ : સપ્ટેમ્બર; પૃ. ૨૩૩–૩૮
૬. જૈન અને જૈનેતર જગત" : લેખક : વા. મો. શાહ અજન : સને ૧૯૧૭ : જૂન : પૃ. ૨૨૦–૨૩૧.
૭. "જૈન પ્રજાનો મૃત્યુઘંટ એ અવાજના મૂળની તપાસ" : લેખક : વા. મો. શાહ. અજન : ૧૯૧૭: જૂન ; પૃ. ૬૯૦–૭૧૧
૮. "હજી પણ વાડીલાલ જૈન નામને કેમ વળગી રહયા છે ? શું એ પંથમોહ નથી ?" લેખક વા. મો. શાહ. જૈ. હિ. સને ૧૯૨૦: સપ્ટેમ્બર : પૃ. ૫૯–૬૩.
૯. "જૈનદીક્ષા" પ્રથમ ખંડ : લેખક : વા. મો. શાહ. સને ૧૯૨૯, પ્રથમ આવૃત્તિ, ઓકટોબર.[૫]

---

૫. "માનસી" : સને ૧૯૩૮ : ડિસેમ્બર : પૃ. ૬૩૮–૬૪૪.

તે ઉપરાંત તેમના પત્રના સને ૧૯૨૧ના છેલ્લા અંકમાં પત્રકાર વાડીલાલે જાહેરાત કરી હતી તે નોંધપાત્ર છે : " "જૈનહિતેચ્છુ" માં નો "જૈન" શબ્દ કોઇ કોમ કે પંથનો સૂચક નથી, "જય"ની તીવ્ર પિપાસાવાળા, સુખદુઃખ અને પ્રાપ્તિ કે ભોગની દરકાર કર્યા વગર માત્ર "જય"ની લડતમાં આનંદ માની શકે એવા "ખાનદાન" જીવાત્માઓ – પછી તે ગમે તે દેશના, ગમે તે વર્ણના, ગમે તે જ્ઞાતિના અને ગમે તે પંથના હોય એવા "ઊંચા શોખ" વાળા તમામ મનુષ્યો અર્થાત્ જૈનો માટે આ પત્ર છે :

" એ કોઇ કોમ કે પંથનું વાજિંત્ર નથી
કોઇ પુરુષ કે વાદનું ગુલામ નથી.

વેદાંત અને સુફિઝમ, જૈનિઝમ અને નિત્શેઇઝમ, યોગ અને યુધ્ધ કશાથી એ અભડાઇ જતું નથી. વળી તે કદ, પ્રસિધ્ધિકાળ, અને મૂલ્ય બાબતમાં પણ કોઇ "નિયમ" થી બંધાયેલું નથી."[૬]

આ તો થઇ વાડીલાલ શાહના પત્રકારત્વની ઉચ્ચકક્ષાના વિકાસની વાત; પરંતુ એવા વિકાસને કંઇ સહેલાઇથી સ્પર્શી શકાતો નથી. જીવનભર લેખન, વાંચન, વિચારણાના અથાગ પ્રયત્નો કર્યા પછી જ ઉચ્ચતાનું એ શિખર સર થઇ શકે. એમણે તો સમાજ સુધારક તરીકેના જીવનની શરૂઆત કરી હતી અને તેને માટે જૈ. હિ. નું હથિયાર ધારણ કર્યું હતું. " એ પત્ર દ્વારા વાચકવર્ગ સમક્ષ ધર્મવિચારણા અને સમાજ-સુધારણાનાં વિવિધ દૃષ્ટિબિંદુઓ પર પ્રકાશ ફેંકવાના પ્રયત્નો તેમણે

---

૬. જૈ. હિ. : સને ૧૯૨૧ : જૂન : પૃ. છેલ્લું મુખ પૃષ્ઠ.

સને ૧૮૯૯ થી ૧૯૨૧ સુધી ચાલુ રાખ્યા હતા. જેમ જેમ વાડીલાલ શાહ વિકાસની એ ભૂમિકાના જુદા જુદા શિખરો પર પદાર્પણ કરતા ગયા તેમ તેમ એમનો માનસિકવિકાસ કૂદકે ને ભૂસકે આગળ વધવા લાગ્યો અને તેમનું કાર્યક્ષેત્ર ખૂબજ વિસ્તૃત થઇ જવા પામ્યું હતું. પરિણામે જૈનધર્મજ્ઞાનપ્રચારના આશયથી શરૂ કરાયેલું એ પત્ર તેના મુખ્ય લેખકના અનુભવવિસ્તાર સાથે વધુ ને વધુ સર્વદેશીય થતું ગયું – તે એટલે સુધી કે તેના જીવનના છેલ્લા વર્ષો દરમ્યાન તેના સુમારે ૫૦૦૦ ગ્રાહકોનો મુખ્યભાગ જૈનો ઉપરાંત હિંદુ, મુસલમાન અને પારસી જેવી વિવિધ કોમોના વાચકોનો હતો."[૭]

પત્રકારત્વના જીવનના વા.મો.શાહના પ્રથમ તબક્કા દરમ્યાન [સને ૧૮૯૯ થી ૧૯૧૨ સુધીના] બીજા અનેક પત્રો પ્રસિધ્ધ થાય છે તે મુજબ જૈ. હિ. પ્રસિધ્ધ થતું હતું. પિતાપુત્રના લખાણો ઉપરાંત બહારના લેખકોની જેટલી મળે તેટલી મદદનો ઉપયોગ વાડીલાલે કર્યો હતો, જેને પરિણામે તેમાં લખાણવિવિધતા સારી રીતે જળવાઇ રહેવા પામી હતી. ખ્યાતનામ આંગ્લલેખક એડિસનની પધ્ધતિએ સમાજસુધારણાના પ્રશ્નની છણાવટ કરતાં વાડીલાલે કહ્યું હતું :- "એક ઉતમપત્ર "સાર્વજનિક શિક્ષક" છે કે જેની બરાબરી કોઇ પુસ્તક કે કોઇ ઉપદેશક કે કોઇ કોલેજથી થઇ શકવાની નથી. એડિસને "સ્પેક્ટેટર" પત્રવડે જ ઈંગ્લેંડની રીતરસમો સુધારી નાખી હતી. પાર્લામેન્ટ અને રાજાઓ પણ જાણીતાં અને વગવાળા પેપરોની સલાહ ઉપર ઘણું વજન

---

૭. શ્રી ત્રિભુવન વી. હેમાણી સંપાદિત "વા.મો.શાહનો જીવનસંદેશ, સને ૧૯૬૦, પ્રથમ આવૃત્તિ પૃ.૩૩.

આપે છે. પેપરો નિયમિતરીતે પણ ગુપ્તરીતે લોકોના વિચાર વાતાવરણમાં ફેરફાર કરી નાખે છે અને એ વિચારો લાંબે કાળે કાર્યરૂપે પરિણમે છે."[૮] વા.મો.શાહના પત્રકારજીવનના પાયાનો મદાર ઉપર્યુક્ત એડિસનના શબ્દો પાછળ છૂપાયેલી ભાવના પર હતો. સને ૧૯૦૬માં શરૂ થયેલું "જૈનસમાચાર" ૧૯૧૨ સુધી અસ્તિત્વ ધરાવતું હતું. એ સાપ્તાહિકનાં પૃષ્ઠો પર જનસમાજમાં ઊહાપોહ મચી રહે, એવા પ્રશ્નોની છણાવટ તેઓ જોરશોરપૂર્વક હરહંમેશ કરતા હતા. એમના પિતાશ્રીની પણ તેમાં સંપૂર્ણ મદદ હતી, જેને પરિણામે જૈનસૂત્રોનો સાર હપતે હપતે પ્રગટ થતો હતો. એ સમયે "જૈનસમાચાર"માં ચાલુ પ્રશ્નોની વિવેચના અને માર્ગસૂચનો દ્વારા દોરવણી આપવામાં આવતી હતી, એ સઘળામાં "સીમન્ધર સ્વામીને ખુલ્લા પત્રો" શીર્ષકવાળી લેખમાળા મનનપ્રેરક છે; જ્યારે જૈ. હિ. માં શાસ્ત્રજ્ઞાન અને સમાજશાસ્ત્રને લગતાં ઊંડાણવાળાં લખાણો આપવામાં આવતાં હતાં. એવાં લખાણોનું તારતમ્ય સમજવા માટે એ માસિકપત્રમાં પ્રસિદ્ધ થયેલા લખાણોના શીર્ષક ઉપરથી જાણી શકાય છે:-

૧. "<u>ખરી સ્વતંત્રતાના સાધન</u>": [જૈ. હિ. સને ૧૯૦૨: જાન્યુઆરી; પૃ. ૧૫૮] આ લેખમાં Stanley De Brath-M.Inst.C.E. નું અવતરણ આપી સ્વતંત્રતા શું છે તેની તલસ્પર્શી વિવેચના કરી છે. પોણોસો વર્ષ પહેલાં લખાયેલા આ નિબંધની સાહિત્યક્ષેત્રે ભાગ્યેજ અવગણના થઇ શકે તેમ છે.

૨. "<u>કાયરતા એજ દગો છે</u> Timidity is Treason [જૈ. હિ. : સને ૧૯૦૬ : જુલાઇ; પૃ. ૯૭.]

---

૮. જૈ. હિ. સને ૧૯૧૪ : જાન્યુઆરી : પૃ. ૩૩.

૩. જૈનધર્મના પાયામાં રહેલા "બારવ્રત" અને "નવતત્ત્વ" નું સંક્ષિપ્ત સ્પષ્ટીકરણ [જૈ. હિ. સને ૧૯૦૮ માં ક્રમે ક્રમે તથા સને ૧૯૧૧ ના મે માસનો અંક : પૃ. ૩-૧૦]

૪. "યોગ માર્ગનો ભોમિયો" : લેખક "યોગનો વિદ્યાર્થી" [જૈ. હિ. સને ૧૯૧૦ : જાન્યુઆરી; પૃ. ૧-૧૯]

૫. "વિવાહિત સ્થિતિ અને બ્રહ્મચર્ય" : જૈ. હિ. ૧૯૧૦ : આ લેખમાળા ૧૯૧૦ના આખા વર્ષ દરમ્યાન હપતે હપતે લખાઇ હતી. તેમાં લગ્ન અને બ્રહ્મચર્યની પવિત્રતાની વાતો નવી રીતે કરવામાં આવી છે, પરંતુ કૃત્રિમ સંતતિનિયમનના આ યુગમાં એ વિચારકે પ્રરુપેલી વસ્તુ તરફ ધ્યાન આપવાનું આજની જનતાને ભાગ્યે જ ગમે તેવું છે.

૬. "મહાન ગુરુના ચરણારવિંદમાં"!: [જૈ. હિ. ૧૯૧૧ : જાન્યુઆરી પૃ. ૫-૩૨] જગતભરના થિયોસોફિકલ ફેડરેશનના એક વખતના પ્રમુખ મહામના કૃષ્ણમૂર્તિએ 'Alceon' નો તખલ્લુસથી લખેલા 'At the feet of the Master' પુસ્તકનું વાડીલાલે આ લેખમાં ભાષાંતર કર્યું છે.

૭. "શુદ્ધિ" : [જૈ. હિ. સને ૧૯૧૧ : એપ્રિલ-મે ; પૃ. ૧-૧૦]

૮. "હવે કયા રસ્તે જઇશું" ? લેખક, "સમયધર્મ" [જૈ. હિ. ૧૯૧૨, ઓકટોબર, પૃ. ૨૯-૪૪.]

૯. "શું અવતાર નજીકના ભવિષ્યમાં થવાનો છે ?" જૈ. હિ. સને ૧૯૧૨ : ઓકટોબર : પૃ. ૧૦-૧૭

"જૈનહિતેચ્છુ"ના સ્વરૂપને સાચી રીતે સમજવા સદ્ગત મોહનલાલ દલીચંદ દેસાઇ સંપાદિત "કોન્ફરન્સ હેરોલ્ડ" પત્રમાં જે અભિપ્રાય રજૂ થયો છે તે અહીં મૂકયો છે : – " જેવી રીતે શ્વે. મૂ. કોમમાં કોન્ફરન્સ, સાપ્તાહિક અને માસિકપત્રો છે તેવી જ રીતે સ્થા. કોમમાં કોન્ફ. જેવી સંસ્થા, સાપ્તાહિક અને માસિકપત્ર છે. બંને કોમો પોતપોતાની દિશામાં આગળ વધી કાર્ય કરે છે, બંનેને જે મુશ્કેલીઓ આવી પડે છે તે લગભગ એક જ પ્રકારની હોય છે. આમાંથી માર્ગ કાપવા માટે સત્યાગ્રહની અને જુસ્સાની મક્કમ જરૂર રહે છે અને તે જરૂર સામયિકપત્રોએ પૂરી પાડવાની છે. મૂર્તિપૂજક કોમમાં "જૈન", "જૈનશાસન", "જૈનધર્મપ્રકાશ", "આત્માનંદ પ્રકાશ", "આનંદ", "બુદ્ધિપ્રભા" અને આ "હેરોલ્ડ" પત્ર એમ સાત સામયિકપત્રો છે, જ્યારે સ્થાનકવાસીમાં એક જ સાપ્તાહિક અને એક જ માસિક નામે "જૈનસમાચાર" અને "જૈનહિતેચ્છુ" છે; અને બંને રા. વાડીલાલ ઘણા સમય થયાં એક જ હાથથી ચલાવે છે, હવે આ બધામાં વિચાર કરતાં એમ જણાઇ આવે છે કે રા. વાડીલાલ જે પ્રોત્સાહ, ઉગ્રવેગ અને તીવ્ર જુસ્સો લેખો દ્વારા પ્રેરે છે તે મૂર્તિપૂજક કોમમાં સાતે પત્રો ભેગાં થઇને પણ લેખો દ્વારા પ્રેરાતાં નથી. ઘણી વખત મલિનતા દૂર કરવા માટે એસિડ જેવી ખાટી અને જલદ વસ્તુ વાપરવામાં આવે છે, તેવી જ રીતે કોમમાં રહેલ સડો – મલિનતા વગેરે દૂર કરવા માટે કાતિલ અને કડવાં લખાણોની જરૂર રહે છે. આવાં લખાણો કરવામાં રા. વાડીલાલને ઘણી વખત શોષવું પડયું છે, છતાં તેમની નૈતિક હિંમત હંમેશા કાયમ રાખવા માટે તેમને ધન્યવાદ ઘટે છે. આવા પ્રકારના પુરુષોની જૈન શ્વે. મૂ. કોમમાં ઘણી જરૂર છે. આમાંનાં લખાણો આખી જૈન કોમને વાંચવા વિચારવા યોગ્ય છે."[૯]

---

૯. જૈ. હિ. સને ૧૯૧૨ : ઑકટોબર : પૃ. ૭૮–૭૯.

"જૈનસમાચાર" પત્રનું સંચાલન કરતી વખતે પત્રકાર વાડીલાલ સામે બદનક્ષીના કેટલાક મુકદ્દમાઓ અદાલતમાં નોંધાયા હતા અને તેનો તેમણે સામનો કરવો પડયો હતો. એવો એક અગત્યનો મુકદ્દમો સને ૧૯૧૧ ની અધવચમાં થયો હતો. સૂરતમાં એક ધનાઢયસ્ત્રીનો પતિ ગુજરી જતાં તેના વસિયતનામાની વાત બહાર આવી હતી. તેમાં જણાવ્યું હતું કે તેની સમગ્ર મિલકતમાંથી લાખેક રૂપિયા જેટલી રકમ જૈન કોન્ફ.ના ફંડમાં આપવામાં આવશે. એવા સમાચાર વાડીલાલને મળતાં તેમણે "જૈનસમાચાર" માં પ્રગટ કર્યા હતા. એ સમયે તેઓ અહિંસાને લગતા એક ડેપ્યુટેશનના સભ્ય તરીકે બાદશાહ જ્યોર્જ પાંચમાને મળવા ઈંગ્લેંડ જવાના હતા. તે નિમિત્તે અમદાવાદથી રવાના થઇ મુંબઇ પહોંચ્યા હતા. જ્યાં તેમને ખબર મળ્યા કે તેમના વિરોધીઓએ તેમના ઉપર બદનક્ષીનો દાવો મુંબઇની કોર્ટમાં દાખલ કર્યો હતો. વિરોધીઓની ઇચ્છા એવી હતી કે એક વખત તેમને પરહેજ કરાવીને જેલના સળિયા પાછળ ધકેલી દેવા અને વેર વાળવું. વાડીલાલને આ વાતની ખબર મળતાં તેઓએ તા. ૬-૧૦-૧૯૧૧ ને દિવસે મુંબઇની મઝગામ પોલિસકોર્ટમાં હાજર થઇ જામીન પર છૂટવાની પેરવી કરી લીધી. સદરહુ કેસ ચલાવવા માટે વકીલ બેરિસ્ટરોની ફી આપી શકે એવી તેમની આર્થિક સ્થિતિ નહોતી તેથી પોતાનો બચાવ કરવા કાયદાનો અભ્યાસ કરવા માટે તેમણે બે ત્રણ મહિનાની મુદત માગી લીધી. કેસ લાંબો ચાલ્યો હતો અને તે વખતે એ વિચારકની વિચારપ્રતિભા પણ કોર્ટ સમક્ષ દેખાઇ રહી હતી. એક વખત ન્યાયાધીશે તેમને કહયું કે : "જ્યારે જ્યારે તમને

પ્રશ્ન પૂછવામાં આવે છે ત્યારે ત્યારે તમે લાંબુ વિવેચન કરો છો તે બરાબર નથી. પૂછાયેલા પ્રશ્નનો તમારે "હા કે "ના" માં ટૂંકો જવાબ આપવો જોઇએ. જવાબમાં વાડીલાલ શાહે કહયું :-

" માયલોર્ડ, તમારી વાત ઠીક છે; પરંતુ તમે એવો સવાલ પૂછો છો કે તું કૂતરો છે કે કાગડો છે ! એનો જવાબ "હા" કે "ના" માં આપી શકાય નહિ."[૧૦] આવી સચોટ તર્કબધ્ધ બુધ્ધિશીલતાનો પરચો તેમણે તે સમયે બતાવ્યો હતો. એ કેસનું પરિણામ એ આવ્યું હતું કે આરોપી માફી માગે તો એને છોડી દેવો અને માફી ન માગે તો બે મહિનાની આસાન કેદની સજા કરવી. વાડીલાલના મતે માફી તો સામા પક્ષે માગવાની હતી કારણકે તેમણે એમને હેરાન કર્યા હતા. એમ હોઇ તેમણે બે માસની આસાન કેદની સજાનો સ્વીકાર કર્યો હતો. નોંધપાત્ર વાત એ છે કે ન્યાયાધીશે તેમના જજમેન્ટમાં કહયું હતું " જૈન કોન્ફરન્સનો ઉત્સાહપૂર્ણ કાર્યવાહક આ કેસનો આરોપી કોન્ફરન્સને દ્રવ્ય અપાવવા ઇચ્છતો હતો." આ આસાનકેદને પરિણામે વાડીલાલે "મોંઘી કિંમતે મેળેલો અનુભવ : જેલયાત્રા" નામનું એક અતિઉપયોગી પુસ્તક રચ્યું હતું. એમના એ જેલવાસ દરમ્યાનનું ફોટોચિત્ર પ્રગટ થવા પામ્યું છે એમાં નોંધાયેલા પરિચયાત્મક શબ્દો આ રહયા. "જેલની અંદરની પોતાની રૂમની બહારના ચોગાનમાં બેસી મન વડે ઇન્દ્રિયોની, રિવાજોની, જ્ઞાતિઓની, પંથોની, રાજ્યની ઇત્યાદિ જેલોમાં પરિભ્રમણ કરી "જેલયાત્રા" નામના પુસ્તકનું વસ્તુ ગોઠવતી વખતનું ચિત્ર."[૧૧] એ "જેલયાત્રા" પુસ્તક "જૈન હિતેચ્છુ"

---

૧૦. શ્રી ત્રિભુવન વી. હેમાણી સાથેના વાર્તાલાપમાંથી.

૧૧. શ્રી ત્રિભુવન વી. હેમાણી સંપાદિત "વા. મો. શાહનું રાજકારણ" ૧૯૬૧ : પહેલી આવૃત્તિ માં પ્રગટ થયેલા વા. મો. શાહના જેલજીવનને લગતા ફોટોચિત્રની નીચેના શબ્દો : પૃ. ૧.

ના સને ૧૯૧૪ ના જાન્યુઆરી અંકમાં પ્રગટ થઇ ચૂકયું હતું. વાડીલાલ ના જીવનમાં અટવાયેલા વારાફેરાને પરિણામે એ મોંઘી કિંમતે મળેલો અનુભવ" પુસ્તકાકારે કદી પ્રગટ થવા પામ્યો નથી. એ પુસ્તક ઉપલબ્ધ ન હોવાથી એ વિશે કાંઇપણ વિવેચના કરવી વ્યર્થ છે. કેટલાક વર્ષો બાદ વાડીલાલે પોતાનો જેલનો સ્વાનુભવ ટૂંકમાં કહયો છે તે આ રહયો :-

" આ લખનાર પોતાનો અનુભવ પણ જાહેર કરવા બંધાયેલો છે. તેણે એક પત્રકાર તરીકે, એક ધર્માદા મિલકત ખાઇ જનારા ટ્રસ્ટીને લગતા સમાચાર પ્રગટ કર્યા હતા, જે માટે માનહાનિની ફરિયાદ પોલિસ કોર્ટમાં થવા પામી હતી. લખાણ પાછું ખેંચી લેવાની ના પાડવાને પરિણામે તેને ચોરો અને લૂંટારાઓના ઘરમાં બે માસ રહેવા જવાનું સ્વીકારવું પડયું હતું, કે જે દુનિયાનો અનુભવ કદાચ તેને આખી જિંદગીમાં પુસ્તકો, શાસ્ત્રો કે શાહુકારોમાંથી મળી શકયો ન હોત. એ જેલમાં અમાનુષી જુલમનો પાર નહોતો. ઝારના જુલમ જેલની પોલિસ આગળ કંઇ હિસાબમાં નહોતા. અને એટલું છતાં, એક દિવસ જેલના કાયદાની દરકાર ન કરતાં કોઇએ આ લખનાર માટે ખોરાકનું પડીકું ફેકયું, જે જેલરે દૂરથી જોયું; પરંતુ જેલર નજીક આવે તે પહેલાં તો એક અઠંગ ચોરે તે પડીકું ગુમ કરી દીધું.જેલરે સઘળા કેદીઓની ઝડતી લીધી અને કાંઇ હાથ નહિ લાગવાથી તે ગુસ્સે થયો અને ચાબૂકની મદદથી ચોરી મનાવવા તૈયાર થયો: એક પછી એક કેદીએ ચાબૂકનો માર સહન કર્યો પણ પડીકાની વાત કોઇએ માની નહિ. જેલર થાકીને -કહો કે એક "તુરંગના પક્ષી"ની ફાટેલી આંખથી ડરીને - ચૂપચાપ પાછો જવા

લાગ્યો તે જ ક્ષણે પેલા અઠંગ ચોરે તે પડીકું બહાર કાઢી આ લખનારને તે ખાઇ જવા આગ્રહ કર્યો. પડીકામાંથી થોડું થોડું બધાએ વહેંચી ખાવું એમ કહેવામાં આવતાં તે અઠંગ ચોરે સાફ ના કહી. એવી દલીલ સાથે કે, તેઓ સર્વે તો વારંવાર જેલમાં આવતા હોઇ જેલમાં મળતા ભારોભાર પથરીવાળા જુવારના રોટલા અને સડેલી ડુંગળીનું પાણી ખાઇ શકતા હતા, પણ આ લખનાર જો તેવી ચીજ ખાશે તો જેલમાં જ ચિતા ખડકવી પડશે ! આપણે ચેલેન્જ કરીશું કે શું આવો આત્મભોગ અને માણસાઇની પરાકાષ્ટા કહેવાતા "શાહુકારો" માં જોવામાં આવે છે ?"[૧૨]

આવા કેટલાયે દુઃખદાયક બનાવોને પરિણામે "સાધુમાર્ગી જૈન સંઘને છેલ્લી સલામ" કરીને સને ૧૯૧૨ માં "જૈનસમાચાર" ને યોગનિદ્રામાં પોઢાડી દીધું અને જૈ. હિ. પત્રને તેમના પિતા સદ્દગત મોતીલાલને સ્વાધીન કર્યું. એ રીતે પોતે ટૂંક સમયને માટે સાહિત્ય-રાજથી ભ્રષ્ટ થઇને વૈશ્યવૃત્તિને અંગીકાર કરી એમાંથી જરૂરી એવી આવક કરીને સમાજસેવા કરવા માટે ફરીવાર ઝુકાવવું એવા નિશ્ચયથી પોતાના જાહેરજીવનની સમાપ્તિ કરી દીધી તે વખતે એમણે સ્પષ્ટતા કરી હતી કે :- " કેટલાક પાખંડીઓ "જૈનસમાચાર" અને "જૈનહિતેચ્છુ" તદ્દન બંધ થવાથી સ્વચ્છંદે વર્તવાની છૂટ મળી પ્રસન્ન પ્રસન્ન થઇ જશે; પરંતુ સબૂર, "જૈનહિતેચ્છુ" કાંઇ બંધ થતું નથી; તે ડરામણી તરવાર આજે કાંઇ કૂવામાં ફેંકવામાં આવતી નથી,

---

૧૨. જૈ. હિ.: ૧૯૨૦ : સપ્ટેમ્બર : "દુનિયાનું ભૂત, વર્તમાનને ભવિષ્ય" શીર્ષકવાળો લેખ : પૃ. ૧૧-૧૨; અને "વા. મો. શાહનું રાજકારણ" : પૃ. ૧૫-૧૬.

દીવાલપર લટકાવવામાં આવે છે, - મારે બદલે મારા પિતાશ્રીને સોંપવામાં આવે છે. જ્યારે પણ કોઇ સખ્સ હદપારની નીચતા વાપરતો જોવામાં આવશે ત્યારે એ તરવાર કાંઇ દીવાલ ઉપર જ ચોંટી નહિ રહે. સતત ધુંધાટ સાથે ફર્યા કરતા એક હાથથી એ તરવાર આજે છૂટી થાય છે, પરંતુ ઘણા વખત સુધી એવા હાથથી ગતિ પામેલી તે શકિત ચેતનની મદદ વગર પણ પ્રસંગે ઉછળ્યા વગર નહિ રહે, અને પવિત્રતાનું રક્ષણ એ જ છે ધર્મ જેનો એવી તે શકિત આસુરી પ્રકૃતિઓને આડખીલરૂપ થયા વગર નહિ જ રહે."[13]

"જૈનહિતેચ્છુ"નું સંચાલનકાર્ય પિતાને સોંપી વાડીલાલ મુંબઇ આવ્યા. એમને માંડ સાત આઠ મહિના થયા હશે ત્યાં ૧ લી ઓગષ્ટ ૧૯૧૩ ના રોજ મોતીલાલનો સ્વર્ગવાસ થયો અને પિતાની અંતિમ ઇચ્છાને પૂર્ણ કરવા ફરીથી જૈ. હિ. નું કાર્ય વાડીલાલે સંભાળી લીધું. અહીંથી શરૂ થતા "જૈ. હિ."ના બીજા તબક્કામાં પ્રવેશ કર્યા પછી તેમને કપરો અનુભવ થવા પામ્યો હતો, કારણકે તેમણે "જૈ. હિ."નું ધોરણ ખૂબ જ ઊંચું કલ્પ્યું હતું અને તે ધોરણને જાળવી રાખવાની તમન્નાને વેગ આપવાના પ્રયત્નો હાથ ધર્યા હતા. તે અંગે તેઓએ પોતે જ સ્પષ્ટતા કરી હતી કે : " જે ઊંચું "ધોરણ" કલ્પ્યું છે તે ધોરણને લાયકની કલ્પનાઓ, ભાવનાઓ અને વિવેચનો "ઉત્પન્ન કરવા" જેટલી એ જાતની "સૃષ્ટિ" રચવા જેટલી "શકિત" ફાજલ પાડવાની મારે રાહ જોવી પડી છે, એ જ કારણથી મારા વાચકોને આટલો લાંબો વખત રાહ જોતા રાખવા પડયા છે. જે

---

૧૩ જૈ. હિ. : સને ૧૯૧૨ : ડિસેમ્બર : પૃ. ૧૫.

શક્તિથી સંતાન અથવા મનુષ્યસૃષ્ટિ ઉત્પન્ન થઇ શકે છે તે જ શક્તિથી ભાવના સૃષ્ટિ ઉત્પન્ન થઇ શકે છે, – માત્ર દિશાઓ જુદી છે. લાંબા વખતથી ચાલ્યા કરતી શારીરિક અશક્તિ, ભાવનાઓની સફલતા માટે કરાતી હિલચાલોને જોઇતું દ્રવ્ય રળવા પાછળ થતી રોકાણ, અને કેટલીક વખત શક્તિના ભંડોળને વધારવા ખાતર સમર્થ વિચારકોના શબ્દો વાંચવા–વિચારવામાં દિવસોના દિવસો સુધી લાગતી તલ્લીનતા : આ સબબોને લીધે "હિતેચ્છુ" માટે <u>નિયમિત</u> રીતે લખાણ લખવાનું ન બને તો એ માટે હું દિલગીર થાઉં નહિ કે ક્ષમા ૦ યાચું નહિ. લોકોને જેમ પારકા પુત્ર વડે પુત્રવંતા થવું ગમતું નથી, તેમ મને પારકા વિચારો અને લેખો વડે અંક બહારપાડી "કર્તા" થવાનો ખ્યાલ ગમતો નથી, – અને ખાસ કરીને "<u>નિયમિત</u> કર્તા" થવાનો ખ્યાલ ! ઊભરાઇ જતી શક્તિ પોતે જ જયારે "એકમાંથી અનેક થવાની– "સૃષ્ટિ" રચવાની – "લખવા" – "બોલવા"ની પ્રેરણા કરે, ત્યારે જ લખવું – બોલવું; એ પ્રેરણાનો સમય એ જ ખરો " ઋતુકાળ" છે – "સૃષ્ટિ" "રચવા"નો અનુકૂળ સમય છે : એમ મારું માનવું છે.......

................................"સૃષ્ટિ રચ" એવો અવાજ અંતરના ભોંયરામાંથી જયાં સુધી નીકળે નહિ, સ્ત્રજવાની "તાલાવેલી" અને "ઝણઝણી" અને "મસ્તી" જ્યાં સુધી "પ્રકટ" થાય નહિ ત્યાં સુધી ભગવતી લેખિની કે ભગવતી ભામિનીનો સ્પર્શ કરવાનું જેઓ મોકુફ ન રાખી શકે તેઓ તે દેવીઓના દ્રોહી અને વાસનાઓના દાસ છે. જનસંખ્યા કે પુસ્તકસંખ્યા દુનિયામાં થોડી નથી; ઊભરાતી શક્તિના અવાજનો જવાબ વાળવા રૂપે થતી

ક્રિયાના પરિણામે એક સંતાન કે એક પુસ્તક ઉત્પન્ન થવા પામે તો તે ભલે થાય; બાકી તો પુસ્તકો અને સંતાનોની સંખ્યા વધવાથી દુનિયાને લાભ નથી. મોટું લખાય કે થોડું લખાય તેથી દુનિયાને નુકસાન ઓછું જ છે; શક્તિ પ્રેરનારો – શક્તિ ગાનારો – શક્તિ ઓળખનારો – શક્તિ પૂજનારો એક શબ્દ પણ જેનાથી આજની દુનિયાને મળશે તેનું જીવન સફળ છે. જિંદગીના સરવાળે ભગવતી શક્તિ તેને ગુપ્ત નાદથી કહેશે:

મેં તને સર્જ્યો : તેં મને આલેખી.
મેં તને શણગાર્યો : તેં મને ગાઇ ;
મેં તને બળ દીધું : તેં સૃષ્ટિઓ રચી,
હું તારી જનેતા, પણ તાત ! તું એ મારો "ઇશ્વર"![૧૪]

એકલેહાથે સામયિકપત્રના કાર્યને પહોંચી વળવા માટે વાડીલાલે "કલા"ને પોતાના પક્ષમાં લીધી હતી. જેમ કોઇ નાટકકંપનીમાં કોઇ કુશળ નટના ભાગમાં અનેક "પાર્ટ" ભજવવાના આવે છે – ક્યારેક રાજાપાઠ, ક્યારેક પ્રધાનપાઠ, ક્યારેક જીવનના નીચલા થરના પાત્રના પાઠ, બરાબર એ જ પ્રમાણે વાડીલાલ શાહને ક્યારેક નિબંધકાર, ક્યારેક અગ્રલેખના લખનાર, ક્યારેક નાટકકાર, ક્યારેક કાવ્યકાર તો ક્યારેક તત્ત્વજ્ઞાનના સમર્થક તરીકેનો – એમ વિવિધ પાઠ ભજવવા પડયા હતા. એમના વાચકોને એમના લખાણ એક જ લેખકના માલૂમ પડતાં રસ ઊડી ન

---

૧૪. જૈ. હિ. : ૧૯૧૬ : માર્ચ : પૃ. ૭–૯.

જાય એટલા ખાતર અલગ અલગ લેખકો છે એવું દર્શાવવા માટે તેમણે જુદા જુદા પણ સૂચક તખલ્લુસોનો ઉપયોગ કરવાનું રાખ્યું હતું. આ રહ્યાં તેવાં તખલ્લુસો :–

" :૧: અનેકાન્તવાદી :૨: અર્હન્નક
:૩: ઉમેદવાર જૈન. :૪: એક બીમાર અભ્યાસી.
:૫: એનાર્કિસ્ટ. :૬: કહાણીપતિ. :૭: કૈવલ્ય.
:૮: જિજ્ઞાસુ. :૯: જૂના વિચારનો સુધારક.
:૧૦: ઝોળીવાળો. :૧૧: નંદકુમાર :૧૨: પેશન્સ.
:૧૩: ફ્રેન્ડ :૧૪: ભમતો ભૂત. :૧૫: ભેદુ
:૧૬: મોટું મીંડું. :૧૭: મોન્સ્યોર રમૂજી
:૧૮: યુવક :૧૯: યોગનો વિદ્યાર્થી
:૨૦: રાહુથી ઘેરાયેલો સૂર્ય. :૨૧: લફ્જે દર્દ.
:૨૨: વનિતાનો વકીલ. :૨૩: વિદ્યાનંદ.
:૨૪: વિહારીદાસ સ્વયંભૂ પંડિત. :૨૫: વૈશમ્પાયન.
:૨૬: શાહ :૨૭: શૂન્ય :૨૮: શોધક.
:૨૯: શૌ. :૩૦: સત્યશોધક. :૩૧: સમયધર્મ
:૩૨: સવીર્યધ્યાન. :૩૩: સુહૃદ. :૩૪: સ્થાનક સ્પેક્ટેટર."[૧૫]

સને ૧૯૧૫ થી જૈ. હિ.એ ટપાલખર્ચ સહિતના વાર્ષિક લવાજમ આઠઆનાવાળા ત્રિમાસિકનું સ્વરૂપ ધારણ કરી લીધું અને સને ૧૯૧૬ ના સમયથી એ જ વાર્ષિક લવાજમમાં કુલ પાંચસો પાનાનું વાચન આપનારું નિયમિતરીતે અનિયમિતપત્ર (Regularly irregular)

---

૧૫. શ્રી ત્રિભુવન હેમાણી–સંપાદિત "ગુજરાતી તખલ્લુસો" – ૧૯૭૬ : ઓગષ્ટ : પહેલી આવૃત્તિ : પૃ. ૨૩૧–૨૩૨.

તરીકે પ્રગટતું રહ્યું. એ પધ્ધતિ સામે સમગ્ર જૈનસમાજમાં અજ્ઞાન વાચકો તરફથી સમયે સમયે ઊહાપોહ થતો રહયો હતો તે અંગે તેમણે અનેક વખત સ્પષ્ટતા કરી હતી જેમાંની એક અહીં રજૂ કરી છે:

"ત્રણે ત્રણ મહિને ૯૬ પૃષ્ઠ નિયમિતરીતે બહાર પાડવાને બદલે એકસામટા ૨૦૦-૫૦૦ પૃષ્ઠોનો "થોથો" બહાર પાડવાથી કેટલાક વાચકો સંતુષ્ઠ થતા નથી એ મારા જાણવા બહાર નથી. તથાપિ મારું કથન પણ વાચકોએ સાંભળવું જોઇએ:— :૧: કોઇને સંતુષ્ઠ કરવા કે નારાજ કરવા એ કંઇ "હિતેચ્છુ"નો આશય નથી. મારા મનન અને અભ્યાસ તથા સ્વાનુભવની "નોંધ" અથવા ડાયરી જેઓને તેની જરૂર હોય અગર જેઓ તે સમજી શકે, એવી શક્તિ ધરાવતા હોય તેવા આત્મબંધુઓ સમક્ષ રજૂ કરવી એ એક જ મુખ્ય આશય આ પત્ર પ્રકટ કરવામાં રહેલો છે અને કોઇનું રાજી થવું તથા કોઇનું નારાજ થવું એ તો આકસ્મિક બાબતો છે. :૨: "હિતેચ્છુ" એ કંઇ "ધંધો" નથી, પરંતુ મનની મોજ છે, "લેબર ઓફ લવ" (Labour of Love) છે, તથા સમય તેમ જ પૃષ્ઠસંખ્યા બાબતમાં કોઇ અમુક "ધોરણ" ને વળગી રહેવાનું વચન હું આપી શકીશ નહિ એમ શરૂઆતથી જ જાહેર કરવામાં આવેલું છે તથાપિ, જેઓ આ પત્રમાંના વિચારો ખાતર નહિ પણ વાર્ષિક આઠ આનાની કિંમતે અપાતી બજારુ ચીજ તરીકે આ પત્રના ગ્રાહક થયા હોય તેમને પણ આ પત્રના પ્રસિધ્ધકર્તા તરફ બબડવાનું રહેતું નથી; કારણ કે જેઓ વ્યાપારી સાટા તરીકે આ પત્ર મંગાવતા હોય તેમને માત્ર વર્ષે ૪૦૦ પૃષ્ઠનું વાચન માગવાનો હક્ક છે અને તે

હક્કને લેશમાત્ર ઈજા થઈ નથી, બલકે હક્ક કરતાં વધારે જ વાચન અપાતું રહયું છે, અને આ પત્રના વાર્ષિક મૂલ્ય તરફ નજર કરતાં આટલું વાચન પામનારા કાંઈ "ખોટનો સોદો" તો કરતા નથી જ ![16] એ ઉપરાંત વાચકોને એમણે સ્પષ્ટ શબ્દોમાં કહયું કે :

: હુંય નાચીશ ત્યારે કાગળ પર ! હું મન મનાવીશ કે આ નાચના નિમિત્તે દુનિયાવી આપત્તિઓ અને જવરોમાંથી બે માસની "છુટ્ટી" પામું છું અને તમે મનમનાડા કરજો કે તમને ભલો કે બુરો ચાર છ માસ ચાલે તેટલો "ખોરાક" મળે છે ! શરત કબૂલ હોય તો આ રહયાં – પૃષ્ટો તમારી "સેવામાં ! માથું ટીપીટીપીને કઢાડેલુ એ પાણી છે, કોઈ "બે ઘડીની ગમ્મત" જેવી "વાતો" નથી ! અનુભવભૂમિ પર મૂકાતા પગલાનો "અવાજ" છે ! કોઈ વખત ખોંખરો તો કોઈ વખતે રૂપેરી ઘંટડી જેવો, કોઈ વખત પડઘમ જેવો તો કોઈ વખત મધમાખના ગણગણાટ જેવો, જેવી જેવી ભૂમિ પર પગ પડતો ગયો તેવો તેવો "અવાજ ઊઠતો ગયો અને "ગ્રામોફોન"માં ઊતરતો ગયો. જેને જે "અવાજ" રૂચે કે જરૂરનો લાગે તેણે તે ખુશીથી પીવો."[17]

૧૯૧૭–૧૮ ની સાલની લવાજમની રકમ "સંયુકત જૈન વિદ્યાર્થી-ગૃહ"ના ફંડમાં વાડીલાલે આપી દીધી અને દરવર્ષે એ લવાજમ ઉઘરાવાતું ન હોવાથી ઇ.સ.૧૯૧૯ થી ૧૯૨૧ ની સાલનું ત્રણ વર્ષનું લવાજમ વસૂલ કરવા માટે ચારસો પચાસ પાનાનો દળદાર અંક સને ૧૯૨૧ ના જૂન મહિનામાં પ્રગટ કરવામાં આવ્યો. સદરહુ અંકમાં એકસોબાવન પૃષ્ઠનો અધ્યાત્મજ્ઞાનથી તરબોળ એવો જૈ. હિ.નો

---

૧૬. "વા.મો.શાહનું રાજકારણ" : પૃ. ૧૬૦–૧૬૧.
૧૭. જૈ. હિ. : સને ૧૯૨૦ : જૂન : પૃ. ૩.

એક બસોપાનવાળી "મૃત્યુના મ્હોમાં અથવા અમૃતલાલનું અઠવાડિયું" નવલકથા, અઠ્ઠાવન પાનાના વિસ્તારવાળી "અસહકાર"ની પુસ્તિકા, ઉપરાંત ચાલીસપાનાવાળું "મહાવીર કહેતા હવા" નું નાનકડું સચિત્ર પુસ્તક એ પ્રમાણે સઘળાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સુમારે ૫૦૦૦ જેટલા ગ્રાહકોમાંથી માત્ર ૫૦૦ ગ્રાહકોએ જ એ ચઢી ગયેલું લવાજમ ભરપાઇ કર્યું. બીજાઓએ તેમ કરવાના અખાડા કર્યા. લગભગ ૧૧૦૦ રૂપિયા જેટલું તો ટપાલખર્ચ સહન કરવું પડયું પરિણામ એ આવ્યું કે વાડીલાલના મગજનો કબજો ઘેરી નિરાશાએ લઇ લીધો. તે વખતે તેમણે ખાનગી વાતચીત દ્વારા કહ્યું હતું કે : " કાં તો આ સમાજ મારે માટે લાયક નથી અથવા હું એને માટે લાયક નથી" એમ સમજી એમણે કલમબ્રહ્મચર્યનું વ્રત અંગીકાર કર્યું અને એ રીતે એમના પત્રકારજીવન પર હંમેશને માટે પડદો પડી ગયો.

આવું જ પરિણામ આવશે એવી આગાહી સને ૧૯૧૪ ની સાલમાં શ્રીમદ રાજચંદ્રના લઘુબંધુ મનસુખલાલ રવજીભાઇ મહેતાએ કરી હતી તે યાદ આવે છે. તેમણે લખ્યું હતું કે : " જૈનહિતેચ્છુ" વાંચતાં બહુ સંતોષ થયો. તમારી શૈલીમાં હૃદય અને ઉત્સાહના જે બે તત્વો જોવામાં આવે છે તેથી બહુ પ્રેમ ઊપજે છે. તમારા હૃદયના ભાવો જે ઉકેલી શકે તે તમને વાસ્તવિક સ્વરૂપમાં જોઇ શકે અને તો જ તેઓ તેનો લાભ લઇ શકે. તમારી પેઠે મેં પણ એક લેખક તરીકેનું જીવન ["સનાતન જૈન"પત્ર/ના/તંત્રી] ગાળ્યું છે. જેઓ જૈનોને માટે જે શ્રમવ્યય કરવામાં આવેલો તેઓ તેની કદર કરવામાં પછાત હોય એ સ્વાભાવિક છે પણ બેકદર કરનાર છે અથવા અરણ્યને વિશે રૂદન છે

એવો અનુભવ થવાથી મને તેઓને અંગે શ્રમ કરવો એ શક્તિ અને સમયનો દુર્વ્યય કરવા જેવું લાગતાં મારું મન નિરાશાવાદી જેવું થવા જાય છે. ત્યારે મારા કરતાં તમારે વધુ સહન કરવું પડેલું છતાં તમો ન થાકતાં આશાવાદી થઇ જે ઉત્સાહપૂર્વક કામ કર્યે જાઓ છો તે માટે હું તમને કયા શબ્દોમાં પ્રશંસાભાવ દર્શાવું. જૈનોના સ્વતંત્ર વિચારલેખકો ક્ષેત્ર બહાર નિરાશ થઇ નીકળતા જાય છે, જો કે મારું એવું માનવું છે કે વહેલા મોડા તમારે પણ નિરાશાવાદમાં આવવું પડશે, હું ઇચ્છું છું કે મારું એવું માનવું ખોટું પડે."[૧૮]

ખરેખર જૈનસમાજને ઊંડા મનનવાળા સ્વતંત્ર વિચારદૃષ્ટિ ધરાવનારા લેખકો ખપતા નહોતા, નહિતો મનસુખલાલ રવજીભાઇ મહેતા અને વાડીલાલ શાહ જેવા ઉચ્ચકક્ષાના પત્રકારોને નિરાશ થવાનો વખત આવત નહિ. સને ૧૯૧૪ પછીના જૈ. હિ. ના સમાજ-સુધારણા, સ્વતંત્ર વિચારણા, ધર્મસંરક્ષણ અને તત્વજ્ઞાનને લગતાં સંખ્યાબંધ લખાણો પ્રગટ થવા પામ્યાં હતાં અને સંકુચિતવૃત્તિવાળા સમાજમાં સમયેસમયે વિરોધનો વંટોળ જાગ્યો હતો. નિત્શે અને શોપનહોર, મહર્ષિ અરવિંદ અને મેક્ષસ્ટર્નર, સ્વામી રામતીર્થ અને વિવેકાનંદ જેવા મહાસમર્થ ચિંતકોની વિચારણાનો સહારો લઇને ભારતીય તત્ત્વજ્ઞાન ઉપર પ્રકાશ પાડવાનો વાડીલાલે પ્રયત્ન કર્યો હતો અને એ વિચારકોના મનનનો જરૂર પડે ત્યાં નવીન અર્થ કરીને વિચારોને વળાંક આપવામાં આવ્યો હતો. એ વિચારણાને તે સમયનો સમાજ સમજી શક્યો નહિ, જીરવી શક્યો નહિ, પચાવી શક્યો નહિ એ ખરેખર દુર્દૈવ જ ગણાય.

---

૧૮. તા. ૩૧-૮-૧૯૪૧ ના રોજ વવાણિયા બંદરેથી લખાયેલો વાડીલાલ શાહ ઉપરનો ખાનગી અપ્રગટ પત્ર.

સમજવા જેવું એ છે કે સને ૧૯૧૩ પછી વાડીલાલે પોતાને "જૈનહિતેચ્છુ" ના તંત્રી તરીકે ઓળખાવ્યા નથી. પણ સામયિકના "મુખ્યલેખક" તરીકે ઓળખાવવામાં જ ગૌરવ માન્યું હતું. તે બાબતનાં કારણો રજૂ કરતાં ડિંડિંનાદપૂર્વક તેમણે સુણાવ્યું હતું કે :

"ગુજરાતી જર્નાલિઝમ હજી સુધી તો દોષોથી ભરપૂર જ છે. "ઉપા શોખ"થી – માત્ર કોઇ એક સિદ્ધાંતની સેવા માટે જ પ્રગટ થતું કોઇ ગુજરાતી દૈનિક કે સાપ્તાહિક કે માસિક હોવાનું હું પોતે તો સ્વીકારી શકતો નથી. હા, એક કરતાં બીજું પ્રમાણમાં (comparatively) ચડિયાતું હોવાનું હું સ્વીકારીશ, પણ એવું એક પણ પત્ર હોવાનું હું સ્વીકારી શકતો નથી કે જેના હાર્દિક આશયો પ્રત્યે મને "ભક્તિ" ઉત્પન્ન થાય. આવું એક પણ પત્ર જો ગુજરાતીમાં હયાતી ધરાવતું હોત તો આજે ગુજરાત કંઇ ઓર જ ચીજ હોત. આશયની પવિત્રતા ધરાવતું "નવજીવન" થોડા અરસામાં શું કરી શક્યું છે તે ભાગ્યેજ કહેવાની જરૂર રહે છે."[૧૯]

"પત્રો અને પત્રકારો" વિશે વા.મો.શાહે અનેકવિધ દૃષ્ટિએ પોતાના વિચારો અને મંતવ્યો જૈ.હિ.માં પ્રદર્શિત કરવાનું રાખ્યું હતું. તે સઘળા વિચારોને એકઠા કરીને રજૂ કરવામાં આવે તો પત્રકારત્વના શાસ્ત્રનો નાનકડો સંગ્રહ થવાની ગરજ સારી રહે. ખરું કહીએ તો એ વિચારણાઓને પત્રકારની "આચારસંહિતા"ના નામથી ઓળખાવી શકાય. એવી વિચારણાના કેટલાક નમૂના નીચે આપ્યા છે:

---

૧૯. "જૈ. હિ. : ૧૯૨૦ : સપ્ટેમ્બર : પૃ. ૧૧૭# અને વા. મો. શાહનો જીવનસંદેશ" : પુ. ૩૪.

૧. "મારું લખાણ એ મારા જીવનનો તરજુમો છે, કોઇના વિચારોને હું આભારી નથી એમ કહેવા હું માગતો નથી; એથી ઉલટું, વંચાયેલું સર્વ, જોવાયેલું સર્વ, વારસામાં મળેલ સર્વ, સાંભળેલું સર્વ અને અનુભવેલું સર્વ એક સ્થળે મળી એક રસ થઇ ત્યાંથી તેનો પ્રવાહ નીકળે છે, પણ તે પ્રવાહ એક "ખાસ ચીજ" કે જે ઘણી ચીજોના એકરસ થવાથી બની છે તેનો છે.............................હું માત્ર એટલું ઇચ્છું છું કે, આ અંકમાંના કોઇ એક વાકય ઉપર છૂટો અભિપ્રાય ન બાંધતાં તે વાકયને આખા અંકના એક અંગ તરીકે ગણવા/વાચકો કાળજી રાખશે. મારું છૂટું છવાયું વાકય ચોરીને તેના પર ટીકા કરવી એ મારું ખૂન કરવા બરાબર છે.[૨૦]

૨. "મારી વાંસળી જે ધાતુની બનેલી છે તેવો જ અવાજ આપી શકે. લોખંડની વાંસળી-શ્રોતાની ઇચ્છાના માન ખાતર - પિત્તળની વાંસળી જેવો અવાજ આપી શકે નહિ, અને પિત્તળની વાંસળી -કોઇની આજ્ઞાથી - લોખંડની વાંસળી જેવો અવાજ આપી શકે નહિ. એ તો ધાતુનો સવાલ છે; પ્રકૃતિનો સવાલ છે. પ્રકૃતિ બદલાઇને બીજી થઇ શકે નહિ. એ પ્રકૃતિ કોઇને આનંદ આપનારી થઇ પડે અને કોઇને ખેદ આપનારી પણ થઇ પડે: એમાં કોઇનો દોષ કાઢી શકાય નહિ. ઘઉંની ઇચ્છાવાળાએ "ધાનમંડી" કે "દાણાપીઠ"માં જવું જોઇએ, તરકારીની ઇચ્છાવાળાએ "શાકબજાર"કે "વેજીટેબલ માર્કેટ"માં જવું જોઇએ, તાજા શેરડીના રસની ઇચ્છાવાળાએ ચાલીને ખેતરમાં જવું જોઇએ. કયાં જવું

---

૨૦: જૈ. હિ. ૧૯૧૭ સપ્ટેમ્બર થી ૧૯૧૮ જૂન : પૃ. ૪૦૨-૪૦૩.

એ મનુષ્યની જરૂરિયાતનો સવાલ છે; પણ તે શેરડીના રસવાળાને હાણાપીઠમાં ન બેસવા માટે ઠપકો આપી શકે નહિ ! હું કોઇને કહેતો નથી કે મારી દુકાને આવો; હું કોઇને ઉત્તેજન ખાતર ગ્રાહક થવા અરજ કરતો નથી; મારા ખરાબમાં ખરાબ દિવસોમાં પણ "જૈન-સમાચાર"ને મથાળે હું છાપતો કે "ઉત્તેજન ખાતર કે ધર્મ ખાતર કોઇએ ગ્રાહક થવું નહિ; વિચારો પસંદ હોય તેમણે જ ગ્રાહક થવું. અને તે છતાં તે વખતે એ ભલાઇ પણ લોકોને ભારે પડતી હતી !"[૨૧]

૩. "છાપાવાળાઓએ પરગજુપણાનો અને બુદ્ધિમાનપણાનો ઇજારો મેળવ્યો હશે, એમ જ્યારે કોઇ થોડું ભણેલો માણસ પહેલપ્રથમ છાપાં વાંચવા શરૂ કરે છે ત્યારે તેને લાગે છે..............એક પત્રકાર શ્રેષ્ઠ વિદ્વાન જ હોવો જોઇએ કે પ્રચંડ ભાષાશાસ્ત્રી હોવો જોઇએ એવી આશા રાખવાનો કોઇને હક્ક નથી; પરંતુ તેનામાં "સામાન્યબુદ્ધિ" (Common sense) નો પૂરતો જથ્થો તો અવશ્ય હોવો જોઇએ અને એનો આશય પરમાર્થી નહિ તો નિર્મળ તો જરૂર હોવો જોઇએ, એટલી આશા રાખવાનો સમાજને હક્ક છે...................લગભગ તમામ – પત્રકારોનો ઘણો મોટો ભાગ કોઇ બનાવ કે વિષય કે પુરુષના સંબંધમાં પૂરતી માહિતી મેળવવાની દરકાર વગરના (indifferent) હોય છે; ઘણાકોને તો સમાજશાસ્ત્ર, કાનૂન, તર્કશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર [કે જે ચાર બાબતનું સામાન્યજ્ઞાન દરેક પત્રકારને માટે અનિવાર્ય છે]ની

---

૨૧. જૈ. હિ. : ૧૯૧૭ સપ્ટે. થી ૧૯૧૮ જૂન : પૃ. ૪૦૯-૪૧૦.

ગધ પણ હોતી નથી, એટલે સુધી કે એવા વિષયનું પુસ્તક સમજવા જેટલી પણ તેનામાં લાયકાત હોતી નથી."[૨૨]

૪. "એક માસિકપત્રમાં કે સાપ્તાહિકપત્રમાં કેવા વિષયો મૂકી શકાય અને કેવા નહિ, કયા વિષયને માટે કેટલી જગા ફાજલ પાડવી વાજબી ગણાય, ચર્ચાપત્ર કે મળેલા લેખમાં કેટલી હદનો વિશ્વાસ મૂકી શકાય, અમુક સંજોગોમાં કયા વિષયો છાપવા જેવા અને કયા દાબી રાખવા જેવા ગણાય, સારા પણ લાંબા વિષયને છાપાના કદના પ્રમાણમાં કેમ ટુંકાવી શકાય કે જેથી તેનો આશય, દલીલો અને જુસ્સો એમાંનું કંઇ મરી જવા પામે નહિ, માસિકનો કેટલો ભાગ રાષ્ટ્રીય અગત્ય ધરાવતા વિષયોને, કેટલોક ભાગ અમુક સમાજને લગતા વિષયોને, કેટલો ગૃહસંસારને લગતી ચર્ચાને, કેટલો તત્ત્વજ્ઞાનની ચર્ચાને અને કેટલો સમાચારને આપવો ઉચિત ગણાય, સમાચાર પૈકીના સાર્વજનિક અગત્યના, કોમી અગત્યના અને સ્થાનિક અગત્યના સમાચારોને કેટલો ઇન્સાફ મળવો જોઇએ, નકારવાચક શૈલીમાં કયારે અને હકારવાચક (affirmative) શૈલીમાં કયારે લખવું જોઇએ, શાન્ત દલીલની શૈલીમાં કયારે અને ઉગ્ર અસરકરનારી "અપીલ" તરીકે કયારે લખવું જોઇએ, ચાલુ બનાવોના ખબર આપવા હોય તેવે વખતે તે બનાવોના વર્ણન સાથે કોઇ કીમતી સમાજશાસ્ત્રને લગતા કે અધ્યાત્મશાસ્ત્રને લગતા સત્યનું મિશ્રણ કેવી રીતે કરી શકાય કે જેથી ગંભીર ગ્રંથો વાંચવાની રુચિ અને શકિત વગરના માણસો સમાચાર જેવી તાત્કાલિક

---

૨૨. અંજન : ૧૯૧૭ સપ્ટે.થી ૧૯૧૮ જૂન : પૃ. ૬૦૮-૬૧૦.

અગત્યવાળી બાબત વાંચતાં એ દ્વારા ગહન વિષયનું જ્ઞાન પામી શકે, કોઇ પણ જાહેર બનાવમાં ખુદ અધિપતિનો કંઇ હાથ હોય અને એ બનાવની ચર્ચા કરતાં તેમાંના પોતાના હિસ્સા બાબત લખવાની જરૂર જેવું જ હોય તો તે કેવા સ્વરૂપમાં લખવું જોઇએ કે જેથી બુધ્ધિમાનોને આત્મશ્લાઘાનો રણકારો લાગે નહિ તેમજ હૃદયારનો વિનય કરવા જતાં સત્ય હકીકત, છુપાવા પામે નહિ, આવા આવા હજાર "વિવેક" કરવાના છે અને તે વગર કોઇ પત્રકાર પ્રામાણિક ઠરી શકે નહિ, સમાજને હિતકર થઇ શકે નહિ."[23]

૫. "એક પત્રકાર "અધિપતિની નોંધ" એવા મથાળા તળે સાધુઓના વિહાર વગેરે સમાચારના ફકરા છાપે છે ! એક બીજો વળી મુખ્ય લેખ અથવા "લીડર" તરીકે ધર્મનું વ્યાખ્યાન (Sermon) છાપે છે ! સમાચાર, શાસ્ત્રોપદેશ, અધિપતિની નોંધ અને લીડર વચ્ચેના તફાવતને નહિ સમજનારાં"બાળકો" પત્રકાર બની "અમે" શબ્દથી જ્યારે જૈન કોમને લીંબોચોડો ઉપદેશ આપવા લાગી પડે છે ત્યારે મારી નજર આગળ કેટલીક હિંદી જ્ઞાતિઓમાં વારંવાર બનતું એક સામાન્ય દૃશ્ય તરી આવે છે; તે એ કે, બાળલગ્નની પ્રથાવાળી કેટલીક જ્ઞાતિઓમાં ૮ વર્ષનો વર અને ૧૫ વર્ષની કન્યા પણ લગનગાઠથી જોડાય છે અને પછી પેલો નાગો નાચતો વર ગભીર બનેલી પંદર વર્ષની પત્નીને લાકડીથી મારવા લાગી પડે છે, અને સ્ત્રી પતિની છોકરમત માટે મનમાં શરમાઇ મરતી મોં છૂપાવી રડયા કરે છે. આધેડ વયની જૈન સમાજરૂપ સ્ત્રીને આવા બાળક પત્રકાર રૂપી પતિઓથી પાનાં પડયાં છે !"

---

૨૩. જૈ. હિ. ૧૯૧૭ સપ્ટે. ૧૯૧૮ જૂન : પૃ. ૬૧૧.

" આ જમાનામાં એમ કહેવાય છે કે "વાડ ચીભડાં ગળે છે" જ્યારે ઘણાખરા નરેશો પ્રજાને લૂંટતા હોય, સાધુઓ ભક્તોને ડુબાવતા હોય, તબીબો ફીના બદલામાં દરદીને વધારે લાંબો વખત દરદમાં સપડાયેલો રાખવાની કાળજીવાળા હોય, ત્યારેપત્રકારો જેની પાસેથી લવાજમ લે છે તેને અને તેના સમાજને ડુબાવે નહિ તો બીજું શું કરે ? ખરેખર જમાનો એવો બારીક આવ્યો છે કે જે માણસ પોતાનું હિત પોતે વિચારવાની શકિત અને ફુરસદ નહિ મેળવે તે એક અથવા બીજા "પરગજુ સલાહકાર"ના હાથે ફસાઇ જ મરવાનો."[૨૪]

૬. "મારી તો માન્યતા છે કે, જુલમ અને બેકદરદાની એ જ ઉચ્ચ જીવાત્માઓની ખરી "કિંમત" છે, અને એ વડે જ એમનો વધુ ને વધુ વિકાસ થાય છે, એટલું જ નહિ પણ આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે, લોકો જે શ્રેણિના હોય તે જ શ્રેણિના લોકનાયકો કે પત્રકારોની કિંમત પચીસ, પચાસ કે સો વર્ષ પછી જ થઇ શકે, કે જયારે લોકસમૂહ એટલે દરજ્જે વિકસિત થવા પામ્યો હોય."[૨૫]

૭. "ભાષાના અનેક ભેદ હોય છે, જેમ કે, એક વિવેચક તરીકેની ભાષા, એક સૂત્રકારની ભાષા, એક નિબંધકારની ભાષા, એક મિત્ર-મંડળી વચ્ચે ચાલી રહેલા વાર્તાલાપ જેવી ભાષા, એક પત્રકારની ભાષા, એક પ્રચારક કે ઉપદેશકની ભાષા, વગેરે વગેરે. સમાજની

---

૨૪. જૈ. હિ. ૧૯૧૭ સપ્ટેમ્બર થી ૧૯૧૮ જૂન : પૃ. ૬૧૭-૬૧૮.
૨૫. જૈ. હિ. ૧૯૧૭ એજન થી ૧૯૧૮ જૂન : પૃ. ૬૨૧

આજની દશા જોતાં એને સૌથી વધારે અસરકારક થઇ પડે એવી ભાષા પ્રચારકની ભાષા છે. સમાજ એવો નિષ્ઠુર-મંદલાગણીવાળો (dull) થઇ ગયો છે કે તેને શાસ્ત્રીય કે સૂત્રકારની કે નિબંધકારની ભાષા અસર જ કરી શકતી નથી.................આગ જેવી-વીજળી જેવી-ડંખવાળી ભાષા એના હૃદયપર આઘાત કરે છે અને એને ભયભીત કરી "જગાડે" છે; ભય થી "જાગેલું" તે હૃદય પછી ભયનું કારણ શોધવા પ્રેરાય છે અને એ શોધ કરવા જતાં પેલા પ્રચારકના લેખમાંના સિધ્ધાંતો (truths) આપો આપ એમાં ઘુસી જાય છે."[२६]

૮. "એક પત્રકાર તરીકે લખતાં બીજાઓ "અમે" શબ્દનો ઉપયોગ કરે છે, જ્યારે હું "હું" શબ્દનો ઉપયોગ કરું છું. તમામ પત્રકારોએ અમુક પ્રયોગની જ પસંદગી કરવી જોઇએ એવો સિધ્ધાન્ત મેં કોઇ સ્થળે પ્રતિપાદન કર્યો નથી, હું માત્ર મને ઉચિત લાગ્યું તે કરું છું. પરંતુ તે સાદા-બહુમાનરહિત શબ્દનો ઉપયોગ પણ જૈનપત્રકારોને ખૂંચ્યો છે અને તેઓમાંના એકે જાહેર કર્યું છે કે "હું" એ અહંકારવાચક શબ્દ છે." એ શબ્દ વાપરવા માટે મારા ઉપર આત્મપ્રશંસા અને હું પદનો આરોપ મૂકવામાં આવ્યો છે. હું દલીલ કરવા થોભીશ નહિ; માત્ર આખી દુનિયાને માન્ય થઇ પડે તેવા બે મહાપુરુષોનો હવાલો આપીને જ અટકીશ. આખી દુનિયાના પત્રકારોમાં શિરોમણિ ગણાતા મી. વુઇલ્યમ સ્ટેડ કે જેને યુરોપના રાજાઓ સલાહ પૂછવા ખાતર બોલાવતા હતા. અને અધ્યાત્મજ્ઞાનના ભંડાર શ્રી મહાવીરપ્રભુએ જૈન શાસ્ત્રોમાં જગાએ

---

૨૬. જૈ. હિ. ૧૯૧૭ સપ્ટે. થી ૧૯૧૮ જૂન: પૃ. ૬૨૨.

જગાએ "ત્તિબેમિ" – એમ હું કહું છું" એ શબ્દનો પ્રયોગ છૂટથી કર્યો છે. જો આ પુરુષરત્નો "હું" શબ્દના પ્રયોગ માટે અહંકારના આરોપને પાત્ર ગણાશે તો પછી તેમની આગળ હું શા હિસાબમાં છું ?

"અમે" શબ્દનો ઉપયોગ પત્રકાર તરીકેના ધંધાની શરૂઆતમાં હું પોતે કરતો હતો. જ્યારે મને વધારે અનુભવ થવા લાગ્યો ત્યારે "હું" શબ્દ સ્વીકારવાની જરૂર જોઇ. રાજા અને પત્રકાર "હું"ને બદલે "અમે" શબ્દ વાપરે છે એ મારા જાણવા બહાર–વીસવર્ષ સુધી પત્રકારનું કામ કર્યા પછી – હોય જ નહિ; પરંતુ રાજા અને પત્રકાર કાંઇ "દેવના દીકરા" નથી, તેમને પણ ક્ષુધા–તૃષા–દરદ આદિ થાય છે અને તેમની બુધ્ધિ બીજા માણસોની માફક જ દરદને શરણ છે. એમ કહું તો ખોટું નથી કે, બીજા માણસો કરતાં લોકોના ઉપર સત્તા જમાવી બેઠેલા રાજાઓ અને પત્રકારો બુધ્ધિવિષયક દરદને વધારે પાત્ર હોવાનો સંભવ છે, કારણકે ગર્વનો રંગ તેમના મગજમાં ચોંટેલો હોવાથી તેમાં વસ્તુ–સ્વરૂપ <u>ખરા</u> રંગમાં પ્રતિબિંબિત થતું નથી. વળી જે જૈન પત્રકાર એમ કહે છે કે "અમે" શબ્દ જ વાપરવો જોઇએ, કારણકે "પત્રકાર દેશના બહોળા વાતાવરણનો પડધો પાડવાની પ્રતિનિધિત્વ સેવા" બજાવે છે, તેના કથનમાંના <u>શબ્દો</u> જ <u>અર્થરહિત</u> છે અને તે લખનાર તે કથનથી જે <u>ભાવ</u> દર્શાવવા માગે છે તે <u>ભાવ</u> પણ સત્યથી રહિત છે, તે એમ કહેવા ઇચ્છે છે કે એક પત્રકાર જે કાંઇ લખે છે તે પોતા તરફથી નહિ પણ દેશના લાખો માણસોની વતી અને <u>તેમના</u> અભિપ્રાય તરીકે લખે છે.

કદાપિ નહિ, પત્રકાર એક વ્યક્તિ માત્ર છે અને તે જે કંઇ વિચાર જણાવે છે તે પોતાના અંગત વિચાર જ હોય છે..............જૈન પત્રકારો જયારે સાધુવર્ગ પર ટીકા કરે છે ત્યારે તેઓ કંઇ જૈનસમાજની ઇચ્છાનો પડઘો પાડતા નથી. એથી ઊલટું પત્રકારો, ઘણીખરી વખતે તો, બહુજનવાદથી વિરોધ જ કરતા હોય છે. ત્યારે એ સ્પષ્ટ છે કે પત્રકારોએ પોતાના કથનમાં પ્રજામતનો સમાવેશ મનાવવાનો પ્રપંચ અને "અમો" શબ્દના પ્રયોગમાં રહેલું મિથ્યાભિમાન છોડી સામાન્ય મનુષ્યોની માફક "હું" શબ્દ વાપરી પોતાના અભિપ્રાયને વ્યક્તિગત અભિપ્રાય તરીકે જ જાહેર કરવાની રૂઢિ અંગીકાર કરવીએ વધારે "પ્રમાણિક" છે."[૨૭]

૯. " હું પોતાને સર્વજ્ઞ કે કદાપિ ભૂલ ન કરું તેવો માનતો કે જણાવતો નથી, બલ્કે મારી કસૂર અને મારી નિર્બળતા ઘણે પ્રસંગે વગર કારણે પણ મ્હેં જાહેર કરી છે. છતાં કેટલાકો મને પોતાને માટે અતિ ઊંચો મત બાંધનાર અભિમાની ઠરાવે છે ત્યારે મારે તેમના સાંત્વન અર્થે જણાવવું પડે છે કે, એકવાર તમે માનની ખાતર પણ મારા જેટલું કામ કરી બતાવો અગર એટલી હદના વિચારો કરવાની શક્તિ મેળવો અને પછી ખુશીથી મને તુચ્છ કહેજો..................એક અજૈન સાક્ષર શ્રીયુત વિભાકર બેરિસ્ટર માંગરોળ સભાના હોલમાં એમ જણાવે કે "મિ. વાડીલાલને તમારામાંના કેટલાકો આગનો તણખો કહે છે, પણ મને તો તે સમાજ પ્રત્યેના અને સત્ય પ્રત્યેના અસાધારણ

૨૭. જૈ. હિ. સને ૧૯૧૮ – સપ્ટેમ્બર. પૃ. ૩૧–૩૩.

પ્રેમની આગનો તણખો લાગે છે અને તમારી કોમમાં એવો એક સત્યાગ્રહી "વિચારક" હોવા માટે તમારી ઈર્ષા મને થાય છે. એવો એક પણ તણખો અમારી કોમમાં ઉત્પન્ન થાય તો કોમનાં સદ્‌ભાગ્ય માનું. હું ઇચ્છું છું કે તે તણખાની આગ ઝીલીને તમે તણખા ન બની શકો તો કાષ્ટ બનીને પણ સમાજનું જીવન સતેજ કરો." એવા શબ્દો જાણીતા વિદ્વાનો કાંઇ પણ ખાનગી સંબંધની ગેરહાજરીમાં પોતાની મેળે જાહેર કરે ત્યારે હું તેમને તેમ કરતા અટકાવી શકું નહિ. તેમજ તેવી પ્રશંસાથી જેમ ફુલાઇ જાઉં નહિ તેમ પ્રશંસાથી શરમાઇ એક નવવધૂ માફક નીચું જોવાની ફરજ પણ મને પાડી શકાય નહિ. વિનયના ગુણનું બહુમૂલ્ય હું સ્વીકારું છું અને સ્વમુખે પોતાની પ્રશંસા કરવી એ સભ્યતાનો ભંગ કરવા બરાબર છે એ પણ હું સ્વીકારું છું; પરંતુ જે વિચારો કે વર્તન માટે બુદ્ધિશાળીઓ તથા તટસ્થ પુરુષો પ્રશંસા કરે તે વિચારો અને વર્તનની ઉચ્ચતાનું "ભાન" હોવું એ મારે મન "સદ્‌ગુણ" છે. વાજબી મગરુરી એ સ્વમાનનું લક્ષણ છે અને સ્વમાન વગરનો માણસ હરકોઇ નીચતા કરવાને પાત્ર છે."[૨૮]

વાડીલાલ શાહની પત્રકારત્વની આચારસંહિતા અહીં સમાપ્ત કરવી પડે છે કારણકે તેમણે પત્રકારત્વ સંબંધી એટલું તો વિસ્તારપૂર્વક લખ્યું છે કે તેમાંથી અવતરણો રજૂ કરતા આરો આવે નહિ. અને લંબાણ ખૂબ વધી જાય એટલે આટલેથી જ સંતોષ માનવો રહે છે. વા.મો.શાહે પત્રકારનું જીવન જીવતી વખતે રોજ રોજ અઢારથી વીસ કલાક સુધી

---

૨૮. જૈ.હિ. સને ૧૯૧૮ સપ્ટેમ્બર . પૃ.૫૨-૫૩.

તનતોડ મહેનત કરીને તન, મન, ધન ને ઘસી નાખ્યું હતું તે સુવિદિત છે.

વાડીલાલ શાહના પત્રકારત્વનું એક ખાસ અંગ નોંધ માગી રહે છે – તે જાહેરખબરોને લગતું છે. જૈ. હિ. ના શરૂઆતનાં વર્ષો દરમ્યાન એટલેકે દોઢેક દસકા સુધી તે પત્ર પણ બીજા વર્તમાનપત્રો લે છે તે મુજબ જાહેરખબરો છાપતું હતું પરંતુ વિચારવિકાસને પંથે ચઢયા પછી જાહેર-ખબરની બાબતમાં વાડીલાલ શાહે ધરખમ ફેરફાર કરી લીધો હતો. તે એટલે સુધી કે છેવટના એક દસકા દરમ્યાન તેમણે પૈસા લઇને જાહેરખબરો લેવાની પધ્ધતિ તજી દીધી હતી અને વિધવાલગ્નને લગતી જાહેરખબરો તેમજ કેળવાયેલા બેકારોની નોકરી માટેની જાહેરખબરો વિનામૂલ્યે જૈ. હિ. માં પ્રગટ થતી રહી હતી. તે ઉપરાંત પુસ્તકો તેમજ સંસ્થાઓની ઉત્તમતાનો અનુભવ થતાં તેને લગતી જાહેરાતો વગર વિનંતીએ છાપવામાં આવતી હતી અને એવાં ઉત્તમ પુસ્તકોની સમાલોચના પણ "રીવ્યુ" માટે નકલ ન મળવા છતાં પોતે ખરીદીને વાંચી લીધા પછી વિવેચન પ્રગટ કરવાની પધ્ધતિ તેમણે વાપરી હતી. એ બાબતની સ્પષ્ટતા કરવા માટે શ્રીયુત રામપ્રસાદ M.A. લિખિત 'Nature's finer forces' નામના અંગ્રેજીમાં લખાયેલા પુસ્તકની સમાલોચના કરતાં તેમણે લખ્યું હતું કે " આ પુસ્તક કાંઇ રીવ્યુ માટે મને કોઇએ મોકલ્યું નથી પણ ખરીદીને વાંચવાને પરિણામે એનું ઓળખાણ મારા વાચક વર્ગને કરાવવાની મારી ફરજ છે. એમ મને લાગ્યું છે. "[૨૯]

---

૨૯. જૈ. હિ. સને ૧૯૧૯ ઓકટો. પૃ. ૫૧.

વિધવાલગ્નની ચર્ચા માત્રને મહાદોષિત ઠરાવી ગાળો ભાંડનારા જે પત્રકારો એકેક બબ્બે રૂપિયાની તુચ્છ લાલચને પણ વશ થઈને ખુદ પોતાના જ સિધ્ધાંતનું ખૂન કરી વિધવાલગ્નની જ દલીલરૂપ જાહેરખબરો છાપતા હતા તે બદલ મૂંગી ટકોર રૂપી ચીમકી લાગે એવા બળબળતા શબ્દોમાં નોંધ લેવાની વાડીલાલ પોતાની ફરજ સમજતા હતા. તે ઉપરાંત ઠગાઈભરી જાહેરખબરો દ્વારા, ખુશામત માટે અપાતા ફોટોગ્રાફો દ્વારા અને અનેક બીજી એવી તુચ્છ રીતિઓથી પૈસા એકઠા કરી ઉપરથી જગતના તારનાર તરીકે પોતાને જાહેર કરનાર પત્રકારો ખરેખર શરમિંદા બને એવા લેખો લખવાની એક પણ તક વાડીલાલ જવા દેતા નહોતા. "ગુજરાતી" જેવા સાપ્તાહિકપત્રે ખુલ્લી રીતે થતા વિધવાલગ્નથી હિંદુધર્મનું સત્યાનાશ જતું માનીને ભારે ધોંધાટ મચાવવા છતાં સોળ વર્ષની સુંદર સ્ત્રીને ત્રણ વર્ષ સુધી પગારથી રાખવા માગનાર વ્યભિચારીની દલાલી કરતી જાહેરખબર વડે આમદાની કરી લેવામાં કંઈ અયોગ્યતા દીઠી નહોતી ત્યારે પત્રકાર વાડીલાલને મૌન સેવવું એ પાપરૂપ લાગ્યું હતું.[30] તે ઉપરાંત "ગુજરાતી" સાપ્તાહિકે પારસી કન્યાને લગતી ટૂંકી જાહેરખબર, પ્રગટ કરી તે સમયે તંત્રીના ભાઈને કેટલાક પારસીઓએ માર માર્યો હતો ત્યારે "ગુજરાતી"ના પ્રસંગ પરથી ઉપજતા વિચારો વિશે એક તંત્રી લેખ લખીને તેમણે આ પ્રશ્ન ઉપર ખૂબ જ પ્રકાશ પાડયો હતો.[31] આ સઘળું નોંધવાનું કારણ એટલા ઉપરથી ઉપસ્થિત થાય છે કે સને ૧૯૧૯ માં મહાત્મા ગાંધીજીએ "નવજીવન"નું સંચાલન પોતાના હાથમાં લીધું ત્યારે તેમાં "જાહેરખબર"ને લગતી જે જાહેરાત તેના પહેલા

---

30. અંજન પૃ. ૧૪૧

31. અંજન સને ૧૯૨૦ સપ્ટેમ્બર પૃ. ૧૦૯–૧૧૬.

અંકમાં કરી હતી તેને અનુલક્ષીને "નવજીવનને વધાવો" નામના તંત્રીલેખમાં વર્તમાનપત્રોની પધ્ધતિ ઉપર પૂરેપૂરો પ્રકાશ પડી રહે એવી વાતો વાડીલાલ શાહે "નવજીવન"ની સમાલોચના કરતાં લખી હતી.[32] વાડીલાલે અને ગાંધીજીએ અપનાવેલી એ પધ્ધતિ આજના પત્રકારોએ પણ અંગીકાર કરવી જોઇએ એમ વિનાસંકોચે કહી શકાય.

"જૈનહિતેચ્છુ" ને યોગનિદ્રામાં કેવીરીતે પોઢાડી દેવામાં આવ્યું, પણ તે પછીનાં વર્ષોમાં એમની શું મહેચ્છા હતી તે એમના એક અપ્રગટ લખાણમાંથી એમના જ શબ્દોમાં સાંભળીએ. ૫૦૦૦ ગ્રાહકોમાંથી ૫૦૦ ગ્રાહકો પણ વી.પી.ન સ્વીકારે એ પરિસ્થિતિ અસહ્ય ગણાય: છતાં એમના દરેક ગ્રાહકને છાપેલું રિપ્લાય કાર્ડ મોકલ્યું હતું જેમાં લખ્યું હતું કે :

" છેવટને માટે એ ઠરાવ કર્યો છે કે હવેથી "જૈનહિતેચ્છુ" બંધ કરી "હું" એ નામનું માસિકપત્ર દર મહિનાની મધ્યમાં પ્રગટ કરવામાં આવશે એમાં દુનિયા અને જિંદગી સંબંધી મને મારા જે પ્રિય તત્ત્વવેત્તાઓ જેવાકે મોન્ટેન, નિત્શે, વગેરે ના અભ્યાસમાંથી મળ્યા હોય તે તથા મારી જિંદગીમાં જે કંઇ અનુભવો મળ્યા હોય તે આપવામાં આવશે. સમાજ, રાજ, શરીર, મન, બુધ્ધિ, આત્મા, પરમાત્મા સંબંધી વિવિધ દિશાના અનુભવોનો એમાં સમાવેશ થશે. આ સર્વ સંબંધે મને પોતાને જે <u>જાણવા મળ્યું હોય</u> કે <u>અનુભવ</u> થયો હોય તે મારો જ એક હિસ્સો હોઇ એવા હિસ્સાઓના સંગ્રહરૂપ

---

૩૨. જૈ. હિ. સને ૧૯૧૯ : ઓક્ટો. પૃ. ૧૪૦-૧૪૨.

માસિકપત્રને "હું" નામ આપવું વધારે "પ્રમાણિક" ગણાય; કારણકે કોઇના હિતેચ્છુ કે શત્રુ તરીકે કાંઇ હું હયાતી ધરાવતો નથી કે લખતો નથી. લખવું એ મારે માટે "ધંધો" પણ નથી, "પરોપકાર" પણ નથી, કીર્તિની ક્ષુધાનો અવાજ પણ નથી. મારા હું નું "જીવવું" એ ક્રિયા માગે છે. એ મારી ગરજ છે. મારા અતિ ત્રાસદાયક અનુભવોને દાબી દઇ આનંદ અનુભવવાની મારી ગરજનો એ કેકારવ છે. "જૈનહિતેચ્છુ" દ્વારાપણ એ જ કામ થતું, પણ એ નામમાંના "જૈન" શબ્દને સામાન્યગણ પહેલીનજરે એક ફિરકાના અર્થમાં સમજે છે તેથી આ પત્રને એક કોમી પત્ર માની લેવા પ્રેરાય એ સ્વાભાવિક છે તેથી નામરૂપ બંને બદલી નવેનામે "હું" એ નામથી, જાડા એન્ટિક પેપરના, ક્રાઉન આઠ પેજ મ્હોટા ૪૦ પૃષ્ઠમાં માસિકપત્ર આપવાનું ઠરાવ્યું છે. આ પણ અખતરો છે. એક વર્ષ સુધી જ અખતરો અજમાવવાનો છે. વાર્ષિક લવાજમ રૂ. ૧૦ રાખવા અને ૫૦-૧૦૦ ગ્રાહકો જેઓ આ જાતના વાચનની કદર સમજી શકે અને લાભ ઉઠાવવા ખુશી હોય તેમને જ તે પૂરું પાડવા કેટલાકે મને સલાહ આપી હતી પરંતુ તેથી લાભ ઉઠાવવા ખુશી પણ આર્થિક સ્થિતિની મુશ્કેલીવાળા ઘણાએક વાચકોને નિરાશ થવું પડે એ ખ્યાલથી પોસ્ટેજ સાથે રૂ. ૩ જેઓ નામ નોંધાવતી વખતે જ મનીઓર્ડર કરી મોકલે તેમને આ માસિક આપવું એવો નિર્ધાર છે.

એ પત્રને માટે મેં એક "ચીજ" લખવા માંડી છે જેનું નામ "અમીરી/સોબત" એવું છે એમાં મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર એવા ચાર મિત્રો વચ્ચે દર રવિવારે મહેફિલ ભરાવીને તત્ત્વચર્ચા કરાવી છે.

વ્યવહાર શું છે ? જિંદગી શું છે ? ધર્મ શું છે ? ત્યાગનું અસલ રહસ્ય શું છે ? પ્રેમનું શું તત્ત્વ છે ? શું ઉપયોગી ભાગ તે ભજવે છે ? ક્યારે તે આપોઆપ અદૃશ્ય થાય છે અગર રૂપાંતર પામે છે અને કેમ તેને હિતાવહ બનાવી શકાય, નીતિસૂત્રો અને ધાર્મિક સિદ્ધાંતોનું રહસ્ય શું છે, અહિંસા – સમાનતા – એકતા આદિ જે ભાવો દુનિયામાં આજે બહુ બોલાય છે તેમનું ખરું રહસ્ય શું છે, મન–બુદ્ધિ–ચિત્ત–અહંકારનો નાશ નહિ પણ એમની પુષ્ટિ કરી એમને તાબેદાર "નોકર" બનાવવામાં જ શ્રેય છે એ વાદનું સમર્થન, "જીવ" અને "શિવ" મનુષ્ય અને ઇશ્વર સંબંધી રહસ્યજ્ઞાન ઇત્યાદિ ચર્ચાઓ કરાવી છે. તે ઉપરાંત યોગ અને તત્ત્વજ્ઞાનને લગતી અતિ ગુહ્ય વાતો નવાં વસ્ત્રોમાં ઢાંકીને રજૂ કરવામાં આવી છે. એમાં પૂર્વ અને પશ્ચિમના સિદ્ધાંતોનો ઊહાપોહ થયેલો જોવામાં આવશે; પરંતુ તે પછી થોડાંક પૃષ્ઠોમાં "નગ્નસત્ય", " ચાલુ ઘટનાઓનું રહસ્ય" તથા "મસ્તોના ઉદ્ગારો" રૂપી કાવ્યમય સાહિત્યનો થોડો હિસ્સો પણ આપવામાં આવશે. દરેક અંક ૧૦૦ પૃષ્ઠથી ઓછો નહિ હોય અને ૩૦૦ પૃષ્ઠથી વધુ નહિ હોય."[33]

વાડીલાલની આવી ઉપયોગી યોજના અમલમાં આવી નહોતી વાડીલાલ શાહને પત્રકાર તરીકે બિરદાવતા સુપ્રસિદ્ધ પંડિત શ્રી લાલનનો વાડીલાલ પરનો એક પત્ર નોંધી આ પ્રકરણની સમાપ્તિ કરવાનું ઉચિત ધાર્યું છે. પંડિત લાલને વાડીલાલને આંગ્લ પત્રકાર મિ. સ્ટેડ સાથે સરખાવતાં કહ્યું છે કે:

---

33. શ્રી ત્રિભુવન હેમાણી પાસે આ અપ્રગટ પત્રોની ફાઇલ સંગ્રહાયેલી છે.

"My dear Second-Heart Vadilal, you seem to have made a mistake in being born (!) in a community which cannot appreciate your so valuable efforts; for it does not run even with a common progress of Indian Societies under progressive British Rule. You are a 'Stead' of our Community - Stead who made an era in Journalism. He sacrificed millions for the sake of principle; you do the same for an unappreciating community. I wish the Jain journalists will follow your footsteps. I see in you, Mr. M.K.Gandhi who sacrificed even his last hundred acres for Indians in Africa. But let me tell you frankly not to treat Vadilal so ruthlessly for the sake of duty to the community; for he is to be regarded equally (if not more) as others in it. Please wait and be well and Create one who can take up the line you have so ably chalked out.

Jain generation will be greatly benefited even by studying your articles if collected and printed in the form of a volume. You have portrayed exactly the state of community (its Sadhus and Shrawics); not only this but you have shown direction wherein the energy of the anchorites (sadhus) and leaders should flow.

Your following statement willbe portrayed in some really conscientious anchorite or leader, until the mission is fulfilled :

"ત્યારે હવે સાધુ તે કોણ? જેમ એક સ્ટીમરનો કપ્તાન બે ખંડને સાંધી આપે છે, જેમ એક વ્યાપારી માલ ઉત્પન્ન કરનાર અને માલ વાપરનાર વચ્ચે સાંકળ જોડી આપે છે, જેમ એક અમલદાર રાજા અને પ્રજા વચ્ચે પ્રેમ રચી આપે છે, - તેમ એક સાધુ, વિશ્વના એક પ્રાણીથી બીજા પ્રાણીને જોડનાર, આ દુનિયાથી પેલી દુનિયા વચ્ચે પુલ બાંધનાર, જીવ અને શિવ વચ્ચે પ્રેમ રચાવી આપનાર "મધ્યસ્થી" છે - કપ્તાન છે - વ્યાપારી છે - અમલદાર છે."

Who can give such a lucid lesson to those who need not now but will need it in a near future."[34]

---

૩૪ શ્રી ત્રિ. વી. હેમાણી સંપાદિત "વા. મો. શાહનો જીવનસંદેશ" સને ૧૯૬૦, આવૃત્તિ પહેલી ; "વા. મો. જનતાની નજરે", પૃ. ૨૭.